بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-સપ્ટેમ્બર-૨૦૧૧**


રમઝાનુલ મુબારક-શવ્વાલુલ મુકર્રમ

હિજરી સન : ૧૪૩૨

વર્ષ : ૦૮, અંક : ૦૯, સળંગ અંક : ૯૩



સ્થાપક અને પ્રકાશક

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/-- |


માનદ તંત્રી

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | મુસલમાનો ! ઈદ કેવી રીતે મનાવશો ?! | ૦૨ |
| ૦૨ | આતંકવાદના નામે મુસ્લિમોની વગોવણી એ નાઈન્સાફી છે ! | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૦૮ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૦ |
| ૦૫ | શિફા શરીફ | ૧૨ |
| ૦૬ | હ઼દાઈકે બખ્શિશ | ૧૫ |
| ૦૭ | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | ૧૭ |
| ૦૮ | હોંગકોંગમાં ગૈરમુસ્લિમો ઈસ્લામના શરણમાં ! | ૧૯ |
| ૦૯ | નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... | ૨૦ |
| ૧૦ | ગલતફહમીઓ તથા તેની સુધારણા | ૨૨ |
| ૧૧ | કુર્આન, સાઈન્સ અને સ્વાસ્થ્ય સુરક્ષા | ૨૫ |
| ૧૨ | હઝરત નૂરાનીબાબા પેટલાદી رحمۃ اللہ علیہ ની નૂરાની હયાતની એક ઝલક | ૩૦ |
| ૧૩ | સૂર્ય પાછો ફેરવવાના મો'જિઝાની હક્કાનિયત | ૩૩ |
| ૧૪ | હજ્જ સંબંધી મસાઈલ | ૩૮ |
| ૧૫ | મહબૂબ દેસાઈની પૂછડી વાંકી તે વાંકી ! | ૪૧ |
| ૧૬ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૩ |


સૂરએ ફાતિહા કી રૌશનીમેં

## હમ્દે ઈલાહી

નઝમ : અબ્દુલ અઝીમ અશરફી "આબિર" કાલીનાબાદી

રબ કે નામસે, જો બેહદ રહીમો રહમાં હે
ખાલિકે દો આલમ હે, હર કિસીકા સુલ્તાં હે
ઝર્રે ઝર્રેસે ઝાહિર હે મગર વો પિન્હાં હે
કાઈનાતે કુલ, જિસ કી ઝાત સે દરખ્શાં હે
હમ્દ સિર્ફ ઉસકી હે, સબ કા જો નિગહબાં હે
જિસકા નામ, હર આલમમેં ગફૂરો યઝદાં હે
કુલ જહાં તુઝે હી સજદે કરેં, મદદ ચાહેં
રૌઝે હશ્ર કે માલિક ! તેરી ઝાત ઝીશાં હે
અપને ખાસ બંદોં કે રાસ્તે પે હમ કો ચલા
અય ખુદા ! તેરા જિન પર ખૂબ ફઝલો એહસાં હે
ઉનસે દૂર રખના જિન પર ગઝબ કિયા તૂને
અય ખુદા-એ-કા'બા ! યે હર બશર કા અરમાં હે
વક્તે નઝ-અ, **"આબિર"** કે રૂબરૂ રહે, યા રબ !
વો નબી-એ-રહમત જો બખ્શિશોં કા સામાં હે

# મુસલમાનો ! ઈદ કેવી રીતે મનાવશો ?!

રજૂકર્તા : હાફેઝ મુહમ્મદસજ્જાદ શબ્બીર પટેલ રઝવી (દયાદરા)

માનવ પ્રકૃતિ ખુશીના પ્રસંગોની તલાશમાં રહે છે અને એનું પ્રદર્શન દરેક કૌમ દરેક મિલ્લત પોતાના મુકર્રર કરેલ તરીક઼ાના પ્રમાણે તહેવારોના સ્વરૂપમાં કરે છે. એનું પ્રદર્શન સામાન્યતઃ માણસોની વિવિધ શક્તિઓના કાર્યો તથા અમલોથી થાય છે. **ખુશીનો આધાર માણસની હદો અને પાબંદીઓથી મુક્તિને ઠરાવવામાં આવેલ છે પરંતુ મુસલમાનોની ખુશી તથા ગમ, જિંદગી તથા મૌતના માટે અનોખુ બંધારણ છે.** જેને કુર્આનની આ નાની આયતમાં બયાન કરવામાં આવ્યું છે : ''આપ કહી દો કે મારી નમાઝ અને ઈબાદત, જિંદગી તથા મૌત બધું જ અલ્લાહ રબ્બુલ આલમીનના માટે છે.''

અલ્લાહ તબારક વ તઆલાના માટે હોવાનો મતલબ એ છે કે હું મારી જિંદગીને એ હદો તથા પાબંદીઓ, શરતો તથા આદાબ (નિયમો) પ્રમાણે પસાર કરું કે જે અલ્લાહને પસંદ છે. જે કામથી એ નારાજ થશે એના પર હું શરમિંદા અને ગમગીન થઈશ અને જેના પર ખુશ થશે તેનાથી હું ખુશ થઈશ. ઈદુલ ફિત્ર અસલમાં અલ્લાહના રાજીપણા તથા તેના ખુશી દર્શાવવાના ઉપર મુસલમાને ખુશ થવાનું નામ છે.

હવે આપણને એની શું ખબર કે અલ્લાહ તબારક વ તઆલા આ મોક઼ા પર ખુશ થાય છે ? તો એની ખબર આ આયત પરથી થાય છે : ''હક઼ીક઼તમાં એ કામયાબ થયો જેણે પાકી મેળવી અને પોતાના રબની યાદ કરી.''

આ સંબોધન એ મુસલમાનો પ્રતિ છે જેઓ એક મહિના સુધી પોતાની જાનની સફાઈ કરી ચૂક્યા છે અને માલની ઝકાત કાઢી ચૂક્યા છે. તેમજ તરાવીહમાં પોતાના રબની ઈમાન તથા આજીજી સાથે યાદ કરી ચૂક્યા એવા લોકોને કામયાબ ઠરાવવામાં આવ્યા છે અને જે કામયાબ થાય છે તે ખુશી મનાવ્યા કરે છે.

મુસલમાનોને જે કાંઈ ઈનામ મળ્યું અને એમના હક્ક઼માં કામયાબીનું એલાન થયું એ બેશક ! એમના આજ્ઞાંક્તિપણા અને ફર્માંબરદારીના કારણે મળ્યું અને પવિત્રતા અને નફ્સની પાકીઝગીના કારણે મળ્યું. તો હવે જો એ શરાબપાન, રંગરાગ, બદ્કારી, નાલાયકીમાં પડીને પોતાની ખુશી પ્રદર્શિત કરે તો બેશક ! તે પોતાની સફળતાને નિષ્ફળતામાં બદલી નાખશે ! એની ખુશીનો તરીક઼ો તો ફક્ત એક જ છે કે જેવી રીતે એક મહિના સુધી ફર્માંબરદારી કરી અલ્લાહની ખુશીનો હક્ક઼દાર થયો છે, હવે પોતાની જિંદગીના હવે પછીના દિવસો પણ સીધા રાસ્તા પર ચાલતો રહે અને એ લોકોની જેમ ન થાય જે લોકોનો હાલ આવો છે કે, આસ્માનમાં ઈદનો ચાંદ દેખાવાના સાથે જાણે શરાબખાનાની ગુમ થયેલી ચાવી મળી ગઈ !

એ સારી રીતે યાદ રાખો કે અહીંયાં તો ચાવીને જ લોકો ગુમ થવા નથી દેતા કે જેથી પાછી પ્રાપ્ત કરવા માટે ચિંતિત થવું પડે !

દુનિયા જાણે છે કે ઈસ્લામ ઈન્સાનો પાસે એક પ્રાકૃતિક મધ્યમ માર્ગી પદ્ધતિની જિંદગીની માંગ કરે છે. તે માણસોની પ્રાકૃતિક જરૂરતોનો તદ્દન વિરોધી નથી, પરંતુ તે તેને જાનવર કક્ષાએ આવવાથી જરૂર રોકે છે, અને ક઼દમ ક઼દમ પર એને યાદ અપાવે છે કે એ ''અશ્રફુલ મખ્લૂક઼ાત'' અને જમીન પર ''અલ્લાહના ખલીફા''ના હોદ્દા પર છે, જેથી તેણે જોઈએ કે પોતાની જિંદગીના તમામ ક્ષેત્રોમાંથી ઈન્સાની પ્રતિષ્ઠાની મહાનતાઓ જાહેર થાય, એ કારણે ઈસ્લામમાં બીજા મઝહબો (ધર્મો) જેમ કામયાબીનો આધાર મનેચ્છાઓના ત્યાગને નહીં જેવી રીતે બૌદ્ધ ધર્મમાં છે, વધુ પેજ નં.૧૪....પર

# આતંકવાદના નામે
## મુસ્લિમોની વગોવણી એ નાઈન્સાફી છે !

હિંદુસ્તાન એક મહાન લોકશાહી બિનસાંપ્રદાયિક દેશ છે જેમાં સામાન્યતઃ વિવિધ કૌમો જાતિઓના લોકો અમ્નો શાંતિથી પોત પોતાના ધર્મના પાલન સાથે પોતાની સંસ્કૃતિના વર્તુળમાં રહીને પોતાનું અંગત જીવન શાંતિથી જીવે છે અને અન્ય જાતિઓના ધર્મ તથા સંસ્કૃતિ સિવાયના અને પોતાના અંગત રીત રિવાજ સિવાયના અન્ય વહેવારો વ્યાપાર તથા એજ્યુકેશનના ક્ષેત્રમાં, સાર્વજનિક ભલાઈના ક્ષેત્રોમાં એકબીજા સાથે સંકળાઈને ચાલી રહ્યા છે. ક્યાંક કોઈ ખાસ ટકરાવ કે અજંપો જોવા મળતો નથી. સૌ હરીમળીને દેશની એકતા તથા અખંડિતતાને ટકાવીને દેશની પ્રગતિના પોતપોતાની રીતે ભાગીદાર બની રહ્યા છે અને આ રીતની એકતામાં દેશની તથા રાષ્ટ્રની ભલાઈ સમાયેલી છે.

### ★ આપણે સૌ દેશવાસી એક નાવના મુસાફિર છીએ ! ★

પરંતુ કહેવત છે કે ગામ હોય ત્યાં ઉકરડો પણ હોય, તેમ આપણા દેશની શાંતિને ડહોળવા માટે છેલ્લા કેટલાક સમયથી અમુક વિકૃત માનસવાળા કટ્ટરવાદી તત્વો અવાર નવાર શાંત પાણીમાં પથરો નાખતા રહે છે, ક્યારેક ભાષાના નામ પર, ક્યારેક પ્રાંતના નામ પર તો ક્યારેક ધર્મના નામ પર ભોળી પબ્લિકની ઉશ્કેરણી કરીને અંદરો અંદર લડાવવા, તોફાનો ખડા કરાવવાની તકોની પ્રતિક્ષામાં જ રહે છે. આવા જ કેટલાક તત્વોએ ક્યાંક મસ્જિદ શહીદ કરાવી તો ક્યાંક મંદિર પર હુમ્લા કરાવ્યા, ક્યાંક ચર્ચો પર હુમ્લા થયા, ક્યાંક બોંબ ધડાકા થયા. સારાંશ કે ધર્મના નામ પર ઉશ્કેરણીની આગ ફેલાવી વતનીભાઈઓને એકબીજાના શત્રુ બનાવવા પ્રયાસો કર્યા. છતાંય એમાં જોઈએ તેવી સફળતા એ કટ્ટરવાદી તત્વોને નથી મળી અને હિંદુસ્તાનની સંયમી પ્રજા એ કડવા ઘૂંટડાઓને ગળી જઈને ફરી ફરીને સંગઠિત થઈને સંતુલન પામીને ખભે ખભા મિલાવી ચાલતી રહી છે. આપણો દેશ એક નાવડી સમાન છે જેમાં વિવિધ પ્રકારના મુસાફરો બેઠેલા છે, જો એઓ અંદરોઅંદર બાખડશે તો નાવડીનું સંતુલન ખોરવાઈ જશે અને સર્વને ડૂબવાનો વારો આવશે. જેથી સર્વ વતનીભાઈઓ એકબીજા સાથે સહકારથી શાંતિથી રહીને દેશની પ્રગતિના કાર્યને વેગવંત બનાવે એમાં જ આપણા સૌનો ઉદ્ધાર છે.

### ★ નાઝુક પ્રસંગોએ મીડિયાનો નકારાત્મક રોલ ! ★

અફસોસ ! કે આપણા દેશમાં મુટ્ઠીભર ઉગ્રવાદી તત્વો ક્યાંક ગંદા રાજકરણ પ્રેરિત ક્યાંક કૌમવાદની આગમાં અવારનવાર અરાજક્તા ફેલાવવાના આશયરૂપે ક્યારેક ક્યાંક બોંબ ધડાકા કરે છે તો ક્યારેક ટ્રેનો પર હુમ્લા કરે છે તો ક્યારેક સુરંગો ફોડે છે તો ક્યારેક ગામો પર, વસ્તીઓ પર હુમ્લા કરી સામૂહિક સંહાર કરે છે, જેમાં ક્યાંક નિર્દોષ પબ્લિક મરાય જાય છે તો ક્યાંક પોલીસ ચોકીઓ ફૂંકાય જાય છે..... વગેરે. એવા જ ક્રમની એક કડી હાલમાં ૧૩ જુલાઈ ૨૦૧૧ના રોજ મુંબઈમાં થયેલ બોંબ ધડાકા છે. અમો આ દુષ્કૃત્યને સખત શબ્દોમાં વખોડીએ છીએ અને આ બનાવથી દુઃખ અનુભવીએ છીએ. પણ આ

વખતે પણ મીડિયા પોતાની ફરજ ચૂકી ગયું અને પક્ષપાતી વલણ અપનાવીને સીધો જ આક્ષેપ મુસ્લિમ નામી કહેવાતી સંસ્થાઓ પર થોપી દીધો અને કોમી ઉશ્કેરણી કરવાનો બુરો રોલ ભજવી ગયું ! ન કોઈ આધાર ન કોઈ સાબિતી, નથી હજી કોઈ ધરપકડ છતાં ધડાકો થતાં જ મુસ્લિમોને બદ્‌નામ કરવા મુસ્લિમ નામી સંસ્થાઓ ઈન્ડિયન મુજાહિદીન તથા લશ્કરે તોયબા જેવાં નામો પેપરે ચઢાવી દીધાં અને એક તકસાધુ રાજકરણી ડૉ. સુબ્રમણીયમ સ્વામીએ તો સર્વ કાનૂની મર્યાદાઓનો ભંગ કરીને વતની ભાઈઓની ઉશ્કેરણીના પ્રયાસ રૂપે મુસ્લિમ દુશ્મની માટે તૈયાર થવા ખુલ્લમ ખુલ્લા મુસ્લિમો વિરુદ્ધ એકદમ કૌમી લાગણી ભડકાવનારાં લખાણો વર્તમાનપત્રોમાં બહાર પાડયાં. જેનો મુંબઈમાં સ્થાનિક મુસ્લિમ સંગઠનોએ વિરોધ કરીને તેની સામે કાયદેસર કાર્યવાહી કરવાની માંગણી પણ કરી છે. હજી તો પોલીસ આડેધડ શંકાસ્પદ ઠરાવી જેની તેની ધરપકડો કરી રહી છે, હજી તાજો જ બનાવ છે છતાં મીડિયા ચમકાવે છે કે ફલાણા ફલાણા મુસ્લિમ સંગઠનનો હાથ ! મીડિયાનો રોલ તો દેશમાં શાંતિ જાળવવાનો હોવો જોઈએ ન કે આવો નકારાત્મક રોલ ભજવી ઉશ્કેરણી કરીને અશાંતિ ખડી કરવાનો. અમો કોઈ મુસ્લિમનામી સંગઠનોનો બચાવ નથી કરી રહ્યા, મુસ્લિમનામી કેટલાક કપૂતો હશે જેઓ આવાં ઈસ્લામ વિરોધી કૃત્યો કરીને મુસ્લિમોને બદ્‌નામ કરી રહ્યા છે અને નાહક્ક ઈસ્લામ જેવા શાંતિના જામિન મઝહબને ટીકાનું નિશાન બનાવી રહ્યા છે. પણ દરેક વખતે ધડાકો થતાં કશાય આધાર વિના સીધો જ આક્ષેપ મુસ્લિમો પર આંખો મીંચીને કરવો અને પૂરી કૌમને વગોવવી એ કયાંનો ઈન્સાફ છે ?! આવા બનાવો ભૂતકાળમાં પણ ઘણા બન્યા છે અને પાછળથી સાચી તપાસ થતાં ગૈર મુસ્લિમ આતંકવાદીઓનાં નામો જાહેર થયાં ત્યારે મીડિયાએ તેનાથી આંખ આડા કાન કર્યા અને એ સમાચારોની પ્રસિદ્ધિને આજે પણ ટાળતા રહે છે ! જો ખરેખર આંતકવાદનો વિરોધ છે તો આ પણ આતંકવાદીઓ છે એમના પ્રત્યે કૂણી લાગણી શાથી ?! એમના કરતૂતો કેમ પબ્લિક સામે રજૂ નથી થતાં ?! જ્યારે અન્ય સમાચારો મીઠુ મરચુ ઉમેરીને રજૂ કરીને કાગનો વાઘ બનાવાય છે.

## ★ વિવિધ આતંકવાદીઓના કાળા કારસ્તાનોની ઝલક ★

આતંકવાદી એ દેશદ્રોહી તથા પૂરા દેશનો દુશ્મન છે એ ગમે તે કૌમનો, જાતિનો કે ધર્મ પાળનારો હોય, એનાથી એ જાતિ, કૌમ કે ધર્મને વગોવવાની કે બદ્‌નામ કરવાની જરૂર નથી, કેમ કે જે રીતે ઈસ્લામ અમ્નો શાંતિનો ચાહક ધર્મ છે તે રીતે કોઈ ધર્મમાં આતંકવાદને સ્થાન હોય એવું અમને જાણવા નથી મળ્યું. આતંકવાદ એ જે તે મનહૂસ માનવીની ઉપજ છે. એ બાબતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ.

આવો જ એક ધડાકો **હૈદ્રાબાદ મક્કા મસ્જિદ** ખાતે (મે–૨૦૦૭)માં થયેલો ત્યારે પણ આવી જ રીતે મુસ્લિમ સંગઠનોનાં નામો મીડિયાએ જાહેર કરી દીધાં એટલું જ નહીં હૈદ્રાબાદ પોલીસે લશ્કરે તયબહ તથા હૂજી પર જિમ્મેદારી થોપીને શહેરના ૧૦૦ મુસ્લિમ નવયુવાનોની ધરપકડ કરી લીધી ! એ જ પ્રમાણે **માલેગાંવ કબ્રસ્તાન** તથા **અજમેર શરીફ દરગાહ** (ઓકટોબર–૨૦૦૭) ખાતે બોમ્બ ધડાકા થયા હતા. એની વાસ્તવિક તપાસ થતાં સી.બી.આઈ.એ એ વાતને સમર્થન આપ્યું કે આ ત્રણેવ સ્થળે "અભિનવ ભારત" નામની એક જ સંસ્થાએ આતંકવાદ ખડો કર્યો હતો. "અભિનવ ભારત"નું નેકવર્ક શરૂમાં જે સ્થાનિક લેવલ પૂરતુ જણાતુ હતું પણ તપાસમાં જાહેર થયું કે તેનું નેટવર્ક હિંદના વિવિધ રાજ્યો સુધી ફેલાયેલું છે અને અધિક તપાસમાં તેના છેડા વિદેશ સુધી હોવાનું બહાર પડવાની શક્યતા છે. સી.બી.આઈ. એ સંદિપ કાંગે તથા રામચંદ્ર કાલ સંગરની ધરપકડ માટે દસ દસ લાખ રૂા.નુ ઈનામ રાખ્યું છે જેઓ મધ્ય પ્રદેશ ઈંદોરના વતની છે અને મક્કા મસ્જિદના ધમાકા બાદ અદશ્ય થઈ

ગયા છે. આ બંનેવે સુનીલ જોષી સાથે મક્કા મસ્જિદ હૈદ્રાબાદમાં બોમ્બ રાખ્યો હતો. સી.બી.આઈ. ની દેવેન્દ્ર ગુપ્તાની સાથે પૂછતાછ દરમ્યાન આ હકીકત સામે આવી હતી. દેવેન્દ્ર ગુપ્તા આર. એસ. એસ.નો સ્વંયસેવક છે અને હાલમાં એક મુજરિમ લોકેશ શર્માની સાથે સી.બી.આઈ.ના કબજા હેઠળ છે. દેવેન્દ્ર ગુપ્તા તથા લોકેશની ધરપકડ અજેમર શરીફના ધડાકા બાદ થઈ. રાજસ્થાન એ.ટી.એસ. એ બંનેવની ધરપકડ કરી. જ્યારે તપાસ લાંબી ચાલી તો એ વાત પણ જાહેર થઈ કે માલેગાંવ તથા મક્કા મસ્જિદ હૈદ્રાબાદના ધડાકામાં એમનો હાથ છે. આ સર્વ આતંકવાદીઓને "અભિનવ ભારત" સાથે સંબંધ છે.

તા. ૧૬–૯–૨૦૦૯ના રોજ ગોવા મડગાંવમાં બોમ્બ ગોઠવવા સ્કૂટર પર લઈને જતાં રસ્તામાં થયેલા વિસ્ફોટથી હિંદુ સનાતન સંસ્થાના બે સભ્યો માર્યા ગયા જેમનાં નામ અલગૌંડા પાટિલ અને યોગેશ અયક હતાં. તો એ સમાચાર આવ્યા ગયા થઈ મીડિયાએ ભૂલાવી દીધા ! મુસ્લિમોને બદ્નામ કરી કોમવાદની આગ દેશભરમાં ઉશ્કેરવા તથા દેશની શાંતિને અંજપામાં ફેલાવવા માટે દીવાળીની આગલી સાંજે ગોવામાં જાહેર સ્થળે બોમ્બ ગોઠવવા જતાં એઓ મૃત્યુ પામ્યા. આ કાવત્રાખોરોની યોજના હતી કે વિસ્ફોટ સ્થળે મુસ્લિમો સાથે જોડાયેલી વસ્તુઓ જેમ કે દિલ્હીની ખાન માર્કેટમાંથી ખરીદેલ બોટલ, મુસ્લિમોમાં પ્રચલિત અત્તરની બોટલ, ઉર્દૂ ભાષામાં લખાણ ધરાવતો ચોખાનો ખાલી થેલો વગેરે વસ્તુઓ મૂકી તપાસને ગેર માર્ગે દોરવી જેથી મુસ્લિમોનો વાંક જણાતાં દેશમાં કોમી તણાવ સર્જાય. પોલીસ રિપોર્ટમાં દર્શાવાયું છે કે સદ્નસીબે સમગ્ર ઘટનાનો પર્દાફાશ થઈ જતાં આ યોજના નિષ્ફળ નિવડી. વિસ્ફોટમાં કટ્ટરવાદી હિંદુ સંગઠન સનાતન સંસ્થાની સંડોવણી ખુલતાં પોલીસે સંસ્થાના આશ્રમ પર દરોડા પાડયા હતા જ્યાંથી વાંધાજનક વસ્તુઓ કબજે કરવામાં આવી હતી. આ અગાઉ માલેગાંવ તથા દેશના અન્ય કેટલાક વિભાગોમાં થયેલા વિસ્ફોટોમાં પણ કટ્ટરવાદી હિંદુ સંગઠનની સંડોવણીનો પર્દાફાશ થયો હતો. અગાઉ આ રીતે વિસ્ફોટ કરી આવાં તત્વોએ કેટલાય નિર્દોષ મુસ્લિમોને જેલમાં નાખ્યા હશે તેનો અંદાજો આ પરથી થઈ શકે છે.

એ પણ સમાચાર છે કે, "સાક્ષીઓએ લેફટન્ટ કર્નલ પુરોહિતને આમ કહેતાં સાંભળ્યો હતો કે તેણે સેનાના શસ્ત્ર ભંડારમાંથી ૫ કિ.ગ્રા. આર.ડી.એક્સ. ચોર્યુ હતું જેનો ઉપયોગ "સમઝૌતા એક્સપ્રેસ" ટ્રેનના ધડાકામાં કરાયો હતો. એક પોલીસ અધિકારીના જણાવ્યા પ્રમાણે અમારી પાસે દયાનંદ પાંડેનું કબૂલાતનામુ છે જેમાં તેણે કહ્યું છે કે ઓગષ્ટ–૨૦૦૭માં દેવલાલીમાં યોજાયેલી એક બેઠકમાં માલેગાંવ વિસ્ફોટના આરોપી સુધાકર ચુતર્વેદી પુરોહિત, સેવા નિવૃત્ત મેજર રમેશ ઉપાધ્યાય, પાણીપતમાં ઉર્સના પ્રસંગે હુમ્લો કરવાનું કાવતરૂ ઘડી રહ્યા હતા તથા અહીં પણ પુરોહિતે વિસ્ફોટની વ્યવસ્થા કરવાનુ વચન આપ્યુ હતું. જ્યારે ચતુર્વેદીએ તે બોમ્બ ગોઠવનાર વ્યક્તિની વ્યવસ્થાની જવાબદારી સ્વીકારી હતી. *(ગુજરાત ટુ ડે, ૪–૫–૨૦૧૦)*

આવા કેટલાય બોમ્બ કાંડોની માસ્ટર માઈન્ડ કહેવાતી સાધ્વી પ્રજ્ઞાદેવી તથા લેફટન્ટ કમાન્ડર પુરોહિત તથા સ્વામી દયાનંદ વગેરે આતંકવાદીઓ સામે કાર્યવાહી ચાલી જ રહી છે સાથોસાથ સૌના લીડર સમા આતંકવાદી સ્વામી અસીમાનંદ પણ છેવટે પોલીસ તપાસ હેઠળ પકડાઈ જતાં અન્ય કેટલાય બોમ્બ ધડાકાઓના ભેદો ઉકલી રહ્યા છે. પણ મીડિયા લગભગ ખામોશ છે ! શું આ આતંકવાદીઓ નથી ?! વળી **માઓવાદી**ઓ તથા **નકસલવાદી**ઓ થકી રેલ્વેના પાટા ખેરવી ટ્રેન ગબડાવવાના તથા અન્ય હિંસક હુમલાઓ થકી અસંખ્ય પોલીસો, એસ. આર. પી. તથા નિર્દોષ નાગરિકોના લોહી વહાવવાના બનાવો એ કયો પ્રેમવાદ છે ?! છતાં એના વિશેના સમાચારને ફક્ત કોઈ અકસ્માત જેટલી હેસિયત આપવામાં આવે છે ! એના

વિરુદ્ધ બોલવા કોઈ તૈયાર નથી ! જ્યારે સહેજ ધડાકો થતાં મુસ્લિમ કૌમને વગોવવા મીડિયા તથા અમુક તકસાધુ લોકો તલપાપડ થઈને ક્યાંથી ક્યા બકી જાય છે.

## ★ શું સુબ્રમણીયમનો વાણી વિલાસ ગૈરબંધારણીય નથી ?! ★

એક તરફ મુંબઈ ૧૩–૭–૨૦૧૧ના રોજ ખતરનાક બોમ્બ ધડાકાના ઘાવથી કણસી રહ્યું હતું એવા ગંભીર સમયે મુસલમાનો વિરુદ્ધ ઉશ્કેરણી જગાડનાર લખાણ સમાચાર પત્રોમાં પ્રસિદ્ધ કરીને સુબ્રમણીયમ સ્વામીએ પૂરી મુસ્લિમ કૌમને મુજરિમ ઠરાવવાનો પ્રયાસ કર્યો છે. ગૈર મુસ્લિમ વતનીભાઈઓના દિમાગોને ફેરવવાનો પ્રયાસ કર્યો છે. આ ઉશ્કેરણીનાં શું પરિણામો આવી શકે છે તે સમજી શકાય છે. પૂરા લખાણમાં હિંદુ ભાઈઓની જાતિ લાગણી ઉશ્કેરવાનો ભરપૂર સામાન છે. અત્રે એને અહીં સંપૂર્ણ નકલ કરવું બહુ યોગ્ય નથી જણાતુ, કેવળ અમુક ગેરબંધારણીય વાતોનો જ ઉલ્લેખ કરું છું. લખે છે : "મુસલમાનોને વોટ આપવાનો અધિકાર ન આપવો જોઈએ. એનો અર્થ એ થયો કે તેઓ પબ્લિકના પ્રતિનિધિ તરીકે ચૂંટાઈ નથી શકતા..... તથા એવો કાનૂન બનાવવામાં આવે જેના હેઠળ હિંદુ ધર્મમાંથી કોઈ બીજો ધર્મ સ્વીકાર કરવાની પાબંદી હોય અને જો ફરીથી અન્ય ધર્મમાંથી હિંદુ બનવા ચાહે તો એના પર પાબંદી ન હોય......" તથા કૌમી ઉશ્કેરણી આ શબ્દો સાથે પણ કરી કે, "જો કેવળ દસ વરસોમાં યહૂદી બુઝદિલથી શેર બની શકે છે તો આપણને તો વધુથી વધુ પાંચ વરસ લાગશે કેમ કે આપણે દેશમાં એક મહાન બહુમતિ ધરાવીએ છીએ...... વગેરે. વળી પાયા વિનાની વાત આ પણ લખી છે કે, "ઈસ્લામી આતંકવાદીઓનો મકસદ હિંદુસ્તાનને કબજે કરીને મુસ્લિમ કન્ટ્રીમાં ફેરવવાનો છે એટલે જોઈએ કે એને તાત્કાલિક ધોરણે હિંદુ રાષ્ટ્ર જાહેર કરી દેવામાં આવે !" તેમજ આશ્ચર્યજનક વાત એ પણ લખી છે કે, "ઈસ્લામે જે દેશને જીત્યો ત્યાં ૧૦૦% આબાદીને એક દસકામાં ઈસ્લામ કબૂલ કરવા મજબૂર કરી આપ્યા." આ વાત પણ ઈસ્લામી ઈતિહાસની વિરુદ્ધ છે. અને વળી પછી ખૂદ લખે છે કે, "અખંડ ભારતમાં ઈ.સ. ૧૯૪૭માં હિંદુઓની વસ્તી ૭૫% હતી. આ વસ્તી દેશ પર આઠસો વરસ મુસ્લિમોની સત્તા રહેવા છતાં હતી......" પછી પાછી વાતને અવળે પાટે ચઢાવી છે. સારાંશ કે બેફામ ઉશ્કેરણીજનક લખાણ છતાં ન કોઈ પોલીસ કાર્યવાહી ત્યાં થઈ છે ન ત્યાંની ગવર્નમેન્ટે કાંઈ પગલાં લીધાં છે ! શું આનુ નામ લોકશાહી છે ?!

## ★ સુબ્રમણીયમના તાર કોનાથી મળેલા છે ?! ★

વર્તમાન પત્રોમાં છે કે સુબ્રમણીયમ સ્વામી પોતાની ગૈરજિમ્મેદારી ભરી, ફિત્નાઅંગેઝ હરકતો મુજરિમાના પ્રવૃત્તિઓ તથા મુસ્લિમ દુશ્મન કાર્યવાહીઓના કારણે પોતાની આગવી ઓળખ ધરાવે છે. તેમની શંકાસ્પદ હરકતોના કારણે માજી કોંગ્રેસ વડા પ્રધાન ઈંદિરા ગાંધી તથા ભાજપાના વડા પ્રધાન અટલ બિહારી બાજપાઈ તેમને હમેશાં શંકાસ્પદ ઠરાવતા રહ્યા છે ત્યાં સુધી કે તેમને સી.આઈ.એ.ના એજન્ટ કહેવાયા છે અને ઈઝરાઈલના સાથે ખાસ તથા ગુપ્ત સંબંધોના બારામાં હમેશાં ખબરો આવી છે. અને કહેવામાં આવે છે કે તે હિંદુસ્તાનમાં ઈઝરાઈલી ગુપ્તચર એજન્સી મોસાદના એજન્ટ તરીકે કામ કરે છે..... વગેરે. *(હફ્ત રોઝા નઈ દુન્યા–દિલ્હી, ૭ થી ૧૦ ઓગષ્ટ, ૨૦૧૧)* અને વર્તમાનમાં એમના લખાણો ખરેખર એ બાબતની ચાડી પણ ખાઈ રહ્યાં છે કારણ કે જગતભરમાં ફિત્નાખોરી તથા અશાંતિ ફેલાવવામાં યહૂદી કૌમની પ્રવૃત્તિઓ જગમશહૂર છે. જેથી હિંદુસ્તાનની શાંતિ પ્રિય પ્રજાએ આવી વ્યક્તિનાં અશાંતિ તથા અજંપો ફેલાવનારાં લખાણો પ્રતિ ધ્યાન કરવું જોઈએ નહીં.

આવો ! અંતમાં ઈઝરાઈલ યહૂદીની વાત નીકળી છે તો એમની વિશ્વ શાંતિ વિરુદ્ધ શું પોલીસીઓ છે તેની ઝલક જોઈ લઈએ :–

વિશ્વની કૌમો પર રાજ કરવાના કાલ્પનિક ખયાલને હકીકતનું રૂપ આપવા માટે સ્વીત્ઝરલેન્ડના શહેર "બાલ"માં ૩૦૦ યહૂદી બુદ્ધિજીવીઓ ભેગા થયા અને આખા જગત પર અન્યની ભાગીદારી વિના રાજ કરવાનો પ્લાન તૈયાર કરવામાં આવ્યો અને દરેક પ્રકારની કૌમી, આર્થિક, શૈક્ષણિક, રાજનૈતિક, સામાજિક તથા સાંસ્કૃતિક પ્રગતિની પ્રાપ્તિના માટે મીડિયાને પ્રાથમિક હથિયારના રૂપે વાપરવા પર જોર દેવામાં આવ્યું. એ જ કારણે આજે વિશ્વનાં અર્વાચીન પ્રચાર માધ્યમોના ૯૫% હિસ્સા પર યહૂદીઓનો કબજો છે જે યહૂદી વિચારધારાનું પળેપળ વિજ્ઞાપન તથા ઈસ્લામ વિરુદ્ધ જગતની કૌમનું બ્રેઈન વોશિંગ કરતુ રહે છે. ઈસ્લામ અને મુસલમાનોના સંબંધી ગલત પ્રોપેગન્ડા તથા નફરત તથા ધૃણાનો માહોલ ખડો કરવામાં દુનિયાભરના મીડિયાની હાલત લગભગ સરખી છે.

યહૂદી ચિંતકોએ પોતાના ૧૯ પ્રોટોકોલ્ઝમાં વિશ્વમાં ઉથલપાથલ કરવાના સંબંધે જે કલમો નિશ્ચિત કરી છે તેના અમુક નમૂના જે માનવતા વિરુદ્ધ તથા સુસંસ્કારોના મહત્વથી માઈલો દૂર છે તેને વાંચકો સમક્ષ રજૂ કરીએ છીએ : "ફ્રી મેસેન્જ" યહૂદીઓની નોંધપાત્ર સંસ્થા છે એ સંસ્થાને અન્ય ધર્મો સાથે ચળવળ ચલાવી યહૂદી કુસંસ્કૃતિને ફેલાવવા માટે નીચે મુજબની ફરજો સોંપવામાં આવી : "લોકોને ધર્મથી વિમુખ તથા નફરત કર્તા કરવામાં આવે. સ્થાનિક ધર્મોનો ટીકાત્મક અભ્યાસ કરીને તેમાંથી નકારાત્મક મુદ્દાઓ એ રીતે સંપાદિત કરવામાં આવે કે તેને ફેલાવીને વિખવાદનો માહોલ ઉભો કરી શકાય. વિવિધ ધર્મોની આગળ પડતી હસ્તીઓને આપસમાં લડાવવામાં આવે. ધાર્મિક કિતાબોના પાનાંઓ ફાડીને રાતોમાં જાહેર જગાઓ પર ફેલાવી દેવામાં આવે. વિવિધ ધર્મો તથા પંથોની વચ્ચે ચાલી આવતી પૂરાણી અનબન તથા માજી ખેંચતાણને તેજ કરી દેવામાં આવે." *(યહૂદી પ્રોટોકોલ્ઝ, પેજ–૯૮, મિલ્લી પબ્લિકેશન્સ–દિલ્હી)*

વાંચકો ! આ લખાણથી તમે અંદાઝો લગાડી લીધો હશે કે આ શરૂથી જ બદ્‌બખ્ત કૌમ આજે દુનિયાને કઈ રીતે તબાહીના મોઢા સુધી લઈ જવા ચાહે છે અને વિવિધ ધર્મોના લોકોને આપસમાં લડાવીને પોતાનો ઉલ્લુ સીધો કરવાનો મનસૂબો ધરાવે છે.

વર્ચસ્વ વિસ્તારવાના નિશ્ચયોની પૂર્ણતા તથા રાજકીય લાભોની પ્રાપ્તિ ખાતર દરેક પ્રકારની જાઈઝ નાજાઈઝ પોલીસીઓ અપનાવવાને યહૂદીઓ પોતાના માટે જાઈઝ સમજે છે : "કામયાબ રાજસત્તા એ બળ પ્રયોગ તથા ક્રુરતાના થકી જ થઈ શકે છે, ઈલ્મી ચર્ચા વિચારણાઓથી નહીં." *(હવાલો ઉપર મુજબ, પેજ–૧૦૬)*

"મજબૂત રાજસત્તાના ઈચ્છુક શખ્સમાં ધોકો પ્રપંચ, ચાલાકી, બદ્‌માશી, જાહેરમાં સારુ લાગે તેવું બનાવટી વર્તન અપનાવવામાં નિપૂણતા હોવી જોઈએ. પ્રમાણિક્તા, અમાનત, કૌમી સારો કિરદાર તથા હક્કગોઈ વગેરે પ્રકારની સુસંસ્કારિક્તાઓને રાજકરણ સાથે કોઈ સંબંધ નથી. રાજકરણમાં આ ચીજો ખૂબીઓ નથી બલ્કે અયબ ગણાય છે. જો લાંચ, દગો પ્રપંચ તેમજ ગદ્દારી તથા બેવફાઈના હથિયારોથી કામયાબી મળી શકે છે તો તેના ઉપયોગથી રજમાત્ર પાછા હટવું ન જોઈએ." *(ઉપર મુજબ, પેજ–૧૦૯, ૧૧૧)* આવી ખતરનાક યહૂદી પોલીસીઓ છે જે પૂરા જગતને વિનાશના પંથે લઈ જવાનો પ્લાન છે. જો ખરેખર સુબ્રમણીયમ કે એના જેવા અન્ય કોઈ એનાથી લીંક ધરાવતા હોય ત્યાં આવ જા કરતા હોય તો એ સમગ્ર હિંદુસ્તાનવાસીઓ માટે ભયની ઘટંડી સમાન છે, જો આવી વ્યક્તિઓ પર રોક કે કન્ટ્રોલ સત્તાવાળાઓ થકી ન થઈ તો અધિક ખતરા ઉભા થવાની ઉઘાડી શક્યતા જણાય રહી છે.

કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ આલિ ઈમરાનની તફસીર

ذٰلِكَ مِنۡ
اَنۡۢبَآءِ الۡغَيۡبِ نُوۡحِيۡهِ اِلَيۡكَ ؕ وَمَا كُنۡتَ لَدَيۡهِمۡ
اِذۡ يُلۡقُوۡنَ اَقۡلَامَهُمۡ اَيُّهُمۡ يَكۡفُلُ مَرۡيَمَ ۖ وَمَا
كُنۡتَ لَدَيۡهِمۡ اِذۡ يَخۡتَصِمُوۡنَ ۝٤٤ اِذۡ قَالَتِ الۡمَلٰٓئِكَةُ
يٰمَرۡيَمُ اِنَّ اللّٰهَ يُبَشِّرُكِ بِكَلِمَةٍ مِّنۡهُ ۖۗ
اسۡمُهُ الۡمَسِيۡحُ عِيۡسَى ابۡنُ مَرۡيَمَ وَجِيۡهًا فِى
الدُّنۡيَا وَالۡاٰخِرَةِ وَمِنَ الۡمُقَرَّبِيۡنَ ۝٤٥ وَيُكَلِّمُ
النَّاسَ فِى الۡمَهۡدِ وَكَهۡلًا وَّمِنَ الصّٰلِحِيۡنَ ۝٤٦

### ત.....ર્જુ.....મો.....

આ (બનાવો) ગયબની ખબરોમાંથી છે[૪૪] અમે વહી કરીએ છીએ એની આપના તરફ, અને ન હતા આપ એમની પાસે જ્યારે ફેંકી રહ્યા તે (મુજાવર) પોતાની ક઼લમો (એ ફેંસલો કરવા માટે કે) કોણ એમનામાંથી સરપરસ્તી કરે મરયમની, અને ન હતા આપ એમની પાસે જ્યારે તેઓ આપસમાં ઝઘડી રહ્યા હતા. જ્યારે કહ્યું ફરિશ્તાઓએ હે મરયમ ! અલ્લાહ તબારક વ તઆલા બશારત આપે છે તને એક હુકમની[૪૫] પોતાની પાસેથી, એનુ નામ[૪૬] મસીહ ઈસા બિન મરયમ[૪૭] હશે, મોઅઝ્ઝઝ હશે દુનિયા તથા આખેરતમાં[૪૮] અને અલ્લાહના મુક઼ર્રબીનમાંથી હશે, અને વાતચીત કરશે લોકો સાથે પારણામાં પણ અને પાકી ઉંમરમાં પણ[૪૯] અને નેકોકારોમાંથી હશે[૫૦].

**તફસીર.........** ૪૪. એનાથી સ્પષ્ટ થયું કે અલ્લાહ તબારક વ તઆલાના બતાવવાથી નબી ગયબના ઈલ્મોને જાણે છે અને એ જ એમની નબુવ્વતની મજબૂત દલીલ હોય છે. ૪૫. આમ તો કાઈનાતની દરેક ચીજ અલ્લાહ તઆલાના કલમા ''કુન'' (એટલે થઈ જા) જલ્વાગરી છે. પરંતુ અલ્લાહ તઆલાએ પોતાની કામિલ હિકમતથી બીજી ચીજને સબબ તથા મુસબ્બબ, ઈલ્લત તથા મઅલૂલના સંબંધમાં પરોવી આપેલ છે એટલા માટે એમના ઝહૂર તથા એમના સર્જનમાં સામાન્ય નજરો સબબ તથા ઈલ્લતના પર્દામાં રોકાઈને રહી જાય છે. પરંતુ અહીં કેમ કે ઈસા علیہ السلامના જન્મનો સબબે આદી (પિતા) મૌજૂદ નથી એટલા માટે અહીં તે હિજાબ દરમ્યાનમાં નથી અને ''કુન'' કલમાની જલ્વાગરી અને કરિશ્મા આફરીની ખૂબ જ સ્પષ્ટ તથા જાહેર છે, એટલા માટે હઝરત ઈસા علیہ السلامને كَلِمَةٌ مِنۡهُ ફર્માવી આપ્યું. ઈમામ ફખ્રુદ્દીન રાઝી رحمۃ اللہ علیہ લખે છે :–

انه خلق بكلمة الله وهو قوله كن من غير واسطة الاب فلما كان تكوينه ------------ والمقدور قدرة والمرجور جاء وهذا باب مشهور فى اللغة

૪૬. ઈસ્મનો શાબ્દિક અર્થ છે : السمة والعلامة المميزه એટલે તે નિશાની તથા અલામત જે કોઈ ચીજને બીજાથી અલગ કરી આપે. હઝરત ઈસા علیہ السلامને વિશિષ્ટ તથા અનોખા દર્શાવવા માટે એમનો લક઼બ મસીહ, એમનું નામ (ઈલ્મ) ઈસા, તથા એમની કુન્નિયત ઈબ્ને મરયમ વર્ણન કરી આપે જેથી તે પોતાની તમામ ખૂબીઓ અને ખાસ વિશિષ્ટતાઓની સાથે અનોખા થઈ જાય. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ ફર્માવ્યું કે આપને મસીહ

કહેવાનુ કારણ એ છે કે આપ જે બીમાર પર હાથ ફેરવ્યા કરતા હતા તે બીમાર તંદુરસ્ત થઈ જતો હતો. અને મસીહનો અર્થ મુબારક પણ છે. એક કથન એ છે કે આપને મસીહનો લક્બ એટલા માટે આપવામાં આવ્યો કે આપે ક્યાંય કાયમી વસવાટ કર્યો ન હતો. પોતાની તબ્લીગી કાર્યવાહીઓમાં આજે અહીં તો કાલે ત્યાં સફર પર રહેતા. યાર લોકો આટલી વાતને લઈને ઉડયા અને હઝરત ઈસા عليه السلامને સૈયાહ તથા જહાંગશત ખયાલ કરી લીધા. બલ્કે કુર્આનની સ્પષ્ટતાઓ, નબવી હદીષોનાં સ્પષ્ટ બયાનો અને ઈતિહાસની સાબિત થયેલી હક્રીક્રતોને ધ્યાનમાં ન લેતાં એમને પોતાના વહેમના ઘોડા પર સવાર કર્યા અને દેશ દેશની સૈર કરાવી અને શહેર શહેરની સફર કરાવીને એમને કાશ્મીર પહોંચાડી આપીને દમ લીધો. આટેલીથી અટકતા એમના દુશ્મનો, પણ એમણે તો અજબની તેહક્રીક્ર થકી કાશ્મીરનો ખૂણે ખૂણો ઉલેચી કાઢયો અને છેવટે શ્રીનગરના એક મહોલ્લામાં એમની ક્બ્રની પણ ભાળ મેળવી લીધી ! અને પછી પોતાના માટે નબુવ્વતનો ઊંચો મહેલ તૈયાર કરી લીધો. કહાં કી લળકી કહાં કા રોળા, ભાનમતીને કુંબા જોળા. જે નબુવ્વતનો પાયો (ક્રાદયાની)ના આવા હક્ક્રથી દૂર અને બુદ્ધિથી પર વહેમો તથા તરકટો પર હોય તે કેવા પ્રકારની નબુવ્વત હશે ? જરા વિચારો !

**૪૭.** ઈસા એ ઈબ્રાની શબ્દ અલયશૂઅનું અરબીકરણ છે, એનો અર્થ છે સૈયદ તથા સરદાર. અહીં આ ફરઝંદની ઓળખ કોઈ ગૈર સાથે નથી કરાવવામાં આવી રહી જેથી તેની વંશાવળી વગેરેનો ઉલ્લેખ કરીને એને બીજા લોકોથી વિશિષ્ટ કરવાનો હેતુ હોય. બલ્કે એમની માને એમનું નામ જણાવવામાં આવી રહ્યું છે અને એના માટે જો નામ ઈસા કહી દેવામાં આવતુ તો પૂરતુ હતુ, પરંતુ અલ્ મસીહ ઈસા ઈબ્ને મરયમ ફર્માવીને એ બાબતની પ્રતિ નિર્દેશ કરી આપ્યો કે બાપ ન હોવાને કારણે તેમની નિસ્બત તેમનાં વાલિદા મુકર્રમાની તરફ કરવામાં આવશે અને ક્રયામત સુધી એ જ નામ વડે યાદ કરવામાં આવશે.

**૪૮.** શક્ય હતું કે હઝરત મરયમ رضی اللہ عنہاના દિલમાં એ ખતરો પેદા થાત કે બાળક જે આવી અનોખી રીતે પેદા થશે તો લોકો એના પર જાત જાતના આક્ષેપો લગાડશે અને એને ઈજ્જતની નજરે જોશે નહીં. એના વિશે પહેલાં એમને સંતોષ અપાવી દેવામાં આવ્યો કે એવું નહીં થાય, બલ્કે દુનિયામાં પણ અને આખેરતમાં પણ તે ઘણો ઈજ્જતદાર તથા એહતેરામવાળો (સન્માનપાત્ર) થશે.

**૪૯.** એટલે કે પારણામાં પણ તે જે વાત કરશે તે અર્થહિન નહીં હોય બલ્કે એમાં પણ નબુવ્વતનો વક્રાર તથા રિસાલતની ગંભીરતા જોવા મળશે. એ વખતે પણ જે શબ્દો એમની જીભેથી નીકળશે તે હક્રીક્રતોથી ભરપુર હશે. આ મઅસૂમિયતના (નિર્દોષપણાના) જમાનામાં પણ તે અલ્લાહની તૌહીદ અને પોતાની રિસાલતનું એવું જબરદસ્ત એલાન કરશે કે કોઈને ઈન્કારની મજાલ રહેશે નહીં. (એનું વર્ણન સૂરએ મરયમમાં વિગતવાર આવશે) અને આ જ તે મો'જિઝામય પાસુ છે જેના પ્રતિ કુર્આન નિર્દેશ કરી રહેલ છે. અમુક લોકો કહે છે કે દરેક તંદુરસ્ત બાળક પારણામાં વાતો કરવા લાગે છે, પરંતુ ઈન્સાફની સાથે એ કહેવું સિતમ થશે જો બાળકોની ગૂંગાં (હૂં હાં !) અને તેમના અર્થહિન તથા વિના જોડના શબ્દોને હઝરત ઈસા عليه السلامના આ મોઅઝ્ઝઝ્ નિઝામે કલામ સાથે સરખાવવામાં આવે. ઈમામ રાઝીએ અહીંથી એક અધિક બારીક પોઈન્ટ કાઢયો છે કે એનાથી એ દર્શાવવાનો પણ હેતુ છે કે હઝરત ઈસા આ સર્વ કમાલો તથા મો'જિઝાઓ છતાં ખુદા નથી, નહીં તો જિંદગીની વિવિધ મંઝિલોમાં તે આ તબદીલીઓ તથા ફેરફારો ન જોવા પામતે.

**૫૦.** પ્રથમ આયતમાં وَمِنَ الْمُقَرَّبِيْنَ ફર્માવ્યું. આ શબ્દોથી એક બાજુ જો યહૂદીઓના મહેણા ટોણાઓની રદ છે તો બીજી તરફ નસારાના એ બાતિલ ખયાલનો રદિયો છે કે તે ખુદા હતા અથવા ખુદાના પુત્ર હતા. (નઊઝુબિલ્લાહ !) બલ્કે બતાવ્યું કે તે અલ્લાહના મુક્રર્રબ (ચહીતા) તથા નેકોકાર બંદાઓમાંથી એક બંદા હતા.

**હદીષ :** હઝરત અનસ رَضِیَ اللّٰہُ عَنْہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ઈલ્મની તલાશ દરેક મુસલમાન પર ફર્ઝ છે[૧] અને અપાત્ર પર ઈલ્મ રજૂ કરનાર એવો છે જેમ કે સુવ્વરોને મોતી, ઝવેરાત અને સોનાના હાર પહેરાવનાર[૨]. એને ઈબ્ને માજહએ રિવાયત કરી. અને બયહક઼ીએ શોઅબુલ ઈમાનમાં મુસ્લિમ સુધી નક઼લ કર્યું અને ફર્માવ્યું કે આ હદીષનું મતન (અસલ લખાણ) તો મશ્હૂર છે એની અસ્નાદમાં ઝોઅફ છે, અને ઘણા તરીક઼ાથી રિવાયત કરવામાં આવ્યું જે સૌ ઝઈફ છે[૩]. હઝરત અબૂ હુરૈરહ્ رَضِیَ اللّٰہُ عَنْہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, બે ખાસિયતો મુનાફિક઼માં એકત્ર નથી થતી, સારા અખ્લાક઼ અને દીની ફિક઼્હ[૪]. (તિર્મિઝી)

હઝરત અનસ رَضِیَ اللّٰہُ عَنْہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે **જે ઈલ્મની તલાશમાં નીકળ્યો તે પરત થતા સુધી અલ્લાહની રાહમાં છે**[૫]. હઝરત સખ્બરા અઝદીથી[૬] રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **જેણે ઈલ્મની તલાશ કરી તો એ એની તલાશ તેના પાછલા ગુનાહોનો કફ્ફારો બની ગઈ**[૭]. એને તિર્મિઝી તથા દારમીએ રિવાયત કરી, અને તિર્મિઝીએ ફર્માવ્યું કે આ હદીષ ઝઈફુલ અસ્નાદ છે. અબૂ દાઊદ રાવીને ઝઈફ કહેવામાં આવ્યા[૮]. રિવાયત છે હઝરત અબૂ સઈદ ખુદરીથી ફર્માવે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, મો'મિન ખૈરને સાંભળવાથી કદી તૃપ્ત થશે નહીં ત્યાં સુધી કે એનો છેડો જન્નત થઈ જાય[૯]. (તિર્મિઝી)

## સ....મ....જૂ....તી....

**૧.** મુસ્નદે ઈમામ અબૂ હનીફામાં وَمُسْلِمَةٍ છે એટલે કે "દરેક મુસલમાન પુરૂષ તથા સ્ત્રી પર ઈલ્મ શીખવો ફર્ઝ છે." ઈલ્મથી જરૂરત મુજબના શરીઅતના મસાઈલ મુરાદ છે જેથી રોઝા નમાઝના જરૂરી મસાઈલ શીખવા દરેક મુસલમાન પર ફર્ઝ, હયઝ તથા નિફાસના જરૂરી મસાઈલ શીખવા દરેક સ્ત્રી પર ફર્ઝ, વેપાર સંબંધી શીખવા દરેક વેપારી પર ફર્ઝ, હજ્જના મસાઈલ શીખવા દરેક હજ્જ પઢવા જનાર પર અયન ફર્ઝ છે. પરંતુ દીનનો પૂરો આલિમ બનવું ફર્ઝે કિફાયહ છે કે શહેરમાં એક જણે અદા કરી આપ્યો તો સૌ જિમ્મેદારીથી મુક્ત થઈ ગયા. સૂફીઓ ફર્માવે છે કે પોતાના નફ્સની આફતો, શૈતાની અસરો વગેરેને જાણવું પણ દરેક મુસલમાન માટે જરૂરી છે કે જેથી એનાથી બચી શકે.

**૨.** અહીં ઈલ્મથી મુરાદ પેચીદા તથા બારીક મસાઈલ અને ગહરા ઈલ્મી મુદ્દાઓ છે જેને અવામ ન સમજી શકે. એટલે તે આલિમ જે પબ્લિક સામે ગૈર જરૂરી તથા બારીક પેચીદા મસાઈલ અથવા શરહ (ખુલાસા)ને પાત્ર આયતો તથા હદીષો રજૂ કરે તે એવો જ બેવકૂફ છે જાણે મોતીઓનો હાર સુવ્વરને પહેરાવનારો કે જેથી આવી ગુંચવણમય ચીજો સાંભળીને તે ઈન્કાર કરી બેસે છે. એટલા માટે સૈયદના અલી મુર્તઝા کَرَّمَ اللّٰہُ وَجْہَہُ الْکَرِیْم ફર્માવે છે કે **લોકો સાથે તેમની અક્કલના પ્રમાણે વાત કરો, નહીં તો અલ્લાહ વ રસૂલને જૂઠલાવી દેશે અને એનો વબાલ તમારા માથે આવશે.**

**૩.** એટલે કે આ હદીષ ઘણી બધી ઝઈફ અસ્નાદોથી રિવાયત થયેલી છે જેથી ક઼વી છે, કેમ કે

અસ્નાદની અધિક્તા ઝઈફને હસન બનાવી આપે છે. *(મિર્કાત વગેરે)*

૪. જાહેર એ છે કે મુનાફિક્થી મુરાદ મુનાફિકે એતેક્દી (અકીદામાં મુનાફિક) છે ન કે અમલી. એટલે દિલનો કાફિર, જીભનો મો'મિન. અને ખુશખુલ્કીથી મુરાદ અખ્લાકે મુહમ્મદી, અને દીની ફિક્હથી મુરાદ દીનની સાચી સમજ છે. મતલબ એ છે કે નિફાક્ની સાથે ન દીની અખ્લાક્ એકત્ર થશે ન દીની ઈલ્મ. મુનાફિક્ ઈસ્લામી અખ્લાકથી પણ મેહરૂમ અને દીનથી પણ વંચિત હોય છે, કેમ કે એ નૂર છે તે અંધકારની સાથે કેવી રીતે ભેગુ થઈ જાય ?! રબ તઆલા ફર્માવે છે : لَا يَمَسُّهٗ اِلَّا الْمُطَهَّرُوْنَ દિલના ગંદા કુર્આનને સ્પર્શી પણ નથી શકતા, એમનો આ હાલ છે :–

***કિતાબેં પઢી દીનદારી ન આયી***

***બુખાર આ ગયા પર બુખારી ન આયી***

ઈમામ શાફઈ ફર્માવે છે :–

**فَاِنَّ الْعِلْمَ نُوْرٌ مِنَ اللهِ ۔ وَاِنَّ النُّوْرَ لَايُعْطٰى لِعَاصٍ**

ઈલ્મ તથા અખ્લાક્ તક્વા પ્રમાણે મળે છે, ગંદા ઘરમાં બાદશાહ નથી આવતો, અને ગંદા દિલમાં હુઝૂર ﷺના અખ્લાક્ અને હુઝૂર ﷺનો ઈલ્મ નથી સમાતો.

૫. એટલે કે જે કોઈ મસ્અલો પૂછવાના માટે પોતાના ઘરેથી અથવા ઈલ્મની શોધમાં પોતાના વતનથી ઉલમાની પાસે ગયો તે પણ મુજાહિદ ફી સબીલિલ્લાહ છે. ગાઝીની જેમ ઘર પરત થતા સુધી તેનો સઘળો સમય અને દરેક સમય અને દરેક હરકત ઈબાદત થશે. ઘરે પહોંચી ગયા બાદ એ સવાબ ખત્મ થઈ જશે. પછી અમલ અને તબ્લીગ કરવાનો સવાબ શરૂ થશે, જેથી આ હદીષ એ હદીષની વિરુદ્ધ નથી કે, "ઈલ્મ સદકાએ જારીયા છે જેનો સવાબ મૃત્યુ પછી પણ મળતો રહેશે."

૬. સહીહ એ છે કે આપ સહાબી છે, કુન્નિયત અબૂ અબ્દુલ્લાહ છે. અઝદ ઈબ્ને ગ્વષની ઔલાદમાંથી છે. આપનાથી કેવળ એક જ હદીષ નક્લ થયેલ છે.

૭. તાલિબે ઈલ્મના સગીરા ગુનાહ માફ થઈ જાય છે, જેમ કે વુઝૂ, નમાઝ વગેરે ઈબાદતોથી, જેથી એનો મતલબ એ નથી કે તાલિબે ઈલ્મ જે ગુનાહ ચાહે કરે અથવા મતલબ એ છે કે અલ્લાહ તઆલા સારી નિય્યતે ઈલ્મ તલબ કરનારાઓને ગુનાહોથી બચવાની અને પાછલા ગુનાહોનો કફ્ફારો અદા કરવાની તૌફીક્ આપે છે.


૮. આ અબૂ દાઊદ બીજા છે, સુલૈમાન ઈબ્ને અશ્અત શજિસ્તાની નથી જેમની મશ્હૂર કિતાબ અબૂ દાઊદ શરીફ છે. તેમનું નામ તકીઅ ઈબ્ને હારિષ છે. કૂફાના રહેવાસી છે. હમ્દાનના કાઝી હતા અને નાબીના હતા. હદીષમાં ઝઈફ માનવામાં આવે છે.

૯. એટલે કે **ઈલ્મે દીનની લાલચ ઈમાનની નિશાની** છે. જેટલું ઈમાન મજબૂત એટલી જ આ લાલચ વધુ હોય છે. **મોટા મોટા ઉલમા ઈલ્મથી સંતોષી નથી થતા** (અધિકની કોશિશ કરતા રહે છે). સૂફીઓ ફર્માવે છે :–

**اُطْلُبُوا الْعِلْمَ مِنَ الْمَهْدِ اِلَى اللَّحْدِ** એટલે કે **પારણાથી ક્બ્ર સુધી ઈલ્મ શીખો.** આ હદીષમાં ઈલ્મના લાલચીને જન્નતની બશારત છે. ઈન્શાઅલ્લાહ ! ઈલ્મે દીનની તલાશવાળો મૃત્યુ પામતાં જ જન્નતી છે. ઉલમા ફર્માવે છે કે કોઈને પોતાના ખાત્માની ખબર નથી સિવાય આલિમે દીન, કેમ કે એમના માટે હુઝૂરે વાયદો કરી લીધો કે અલ્લાહ જેની ભલાઈ ચાહે છે એને ઈલ્મે દીન આપે છે.


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ ગ્લેઝ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું એક સાથે ગુજરાતી/અંગ્રેજી બંને ભાષામાં રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૦૦/-** (ટપાલ ખર્ચ ૧૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧



# શિફા શરીફ

મૂળ લેખક : ફ઼કીહ ક઼ાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

ગુજરાતી અનુવાદક : ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી (પાટડીવાળા)

વિભાગ : ૨

## નબીના નામોમાં કરામત

ક઼ાઝી અયાઝ માલિકી رحمۃ اللہ علیہ ફર્માવે છે, અલ્લાહ તઆલા આપણા બધાને તૌફીક઼ બક્ષે કે આ પ્રકરણના માટે વધારે યોગ્ય તો એ હતુ કે આને પહેલા પ્રકરણમાં ભેળવી દેવુ જોઈતુ હતું. આનો વિષય વિભાગના વિષયો સાથે વધારે મળતાપણુ ધરાવે છે. અને તેના મધૂર મતલબો તેના ઉમદા હેતુઓથી સંબંધ ધરાવે છે. પરંતુ તેના માટે અલ્લાહ તઆલાએ અમારા સીનાને તે વખતે વિશાળ બનાવ્યો જ્યારે તેના પહેલા અધ્યાયના વિષયોમાં ખૂબ જ મનન અને ચિંતનનો સંજોગ થયો, તેના પહેલાં તેના પર ધ્યાન જ ન હતું. અને શું જાણે પછી અમુલ્ય અધ્યાયોને બહાર કાઢવાની ઈચ્છા થઈ ગઈ છે, જેથી હવે તે યોગ્ય જણાય છે કે પાછળના અધ્યાયના સાથે આને સાંકળી લેવામાં આવે અને તેની સાથે તેની ખૂબીઓને પણ સાંકળી લેવામાં આવે.

યાદ રાખશો કે અલ્લાહ તઆલાએ કેટલાયે અંબિયાએ કિરામને પોતાના અસ્માએ હુસ્નાની ખિલ્અતથી નવાજ્યા અને ખાસ ફર્માવ્યા છે. જેવું કે હઝરત ઈસ્હાક઼ તથા હઝરત ઈસ્માઈલ علیہ السلامને અલીમ તથા હલીમ નામ આપીને, હઝરત ઈબ્રાહીમ علیہ السلامને હલીમના સાથે, હઝરત નૂહ علیہ السلامને શકૂરના સાથે, હઝરત ઈસા علیہ السلام તથા હઝરત યહ્યા علیہ السلامને બર્રના સાથે, હઝરત મૂસા علیہ السلامને કરીમ તથા ક઼વીની સાથે, હઝરત યૂસુફ علیہ السلامને હફીઝ તથા અલીમની સાથે હઝરત ઐયૂબ علیہ السلامને સાબિર સાથે અને હઝરત ઈસ્માઈલ علیہ السلامને સાદિક઼ુલ વઅદના સાથે નવાજ્યા છે. જેમના ઝિક્ર પર ક઼ુર્આને કરીમ પોતે આ કૃત્યની સાક્ષી આપી રહ્યું છે.

અલ્લાહ جل جلالہ આપણા આક઼ા વ મૌલા સૈયદના મુહમ્મદ صلی اللہ علیہ وسلمને પણ આ ફઝીલત (પ્રતિષ્ઠા) આપવામાં આવી અને પોતાનાં કેટલાક મુબારક નામોનો ગર્વ સાથે સરપાવ કર્યો અને જેની ચર્ચા ખૂદ પોતાની અઝીઝ કિતાબમાં કરી. અને કેટલાક નામોની જાહેરાત પોતાના અંબિયાએ કિરામની જબાનથી કરાવી અને અસંખ્યવાર કરાવવામાં આવી. અમે આવા નામોનું ચિંતન મનન ખૂબ જ કર્યું અને સંશોધનના સાથે એક જગ્યાએ એકઠા કર્યા જ્યારે કે એમને આવું કોઈ નજર ન આવ્યું જેણે તેને એકઠા કર્યા હોય. બે નામોના સિવાય અને આ બંને વિભાગ (અધ્યાય) (૧૩–૧૪)ને સંપાદન કર્યા.

આ વિભાગમાં અમે આશરે ત્રીસ (૩૦)★ નામો

★ *(૧) અલ્લામા યૂસુફ઼ બિન ઈસ્માઈલ નબહાની رحمۃ اللہ علیہએ આવાં મુબારક નામોના વિશે ફર્માવ્યું છે કે તેમાંથી કેટલાંક એવા પવિત્ર નામોનો ઝિક્ર કરવો જરૂરી સમજું છું જે અલ્લાહ جل جلالہના મુબારક નામો છે પરંતુ તેણે પોતાના હબીબ صلی اللہ علیہ وسلمને પણ બક્ષિશ કર્યા અને એવાં તમામ મુબારક નામો જેનાથી અલ્લાહ તબારક વ તઆલાએ નબી કરીમ صلی اللہ علیہ وسلمને પણ શોભા અને ખૂબસૂરતી બક્ષી તેમાંથી ૮૧ પર જાણકારી મેળવી લીધી છે. (જવાહિરુલ્બિહાર ઉર્દૂ, ભાગ : ૧, પેજ : ૧૬૭) આ તમામ રિવાયતોને મેં મારી કિતાબ ''અલ્અસ્તગાશા અલ્કુબ્રા બિઅસ્માઈલ્હુસ્ના''માં જમા કર્યા છે. મેં જોયું કે નબી કરીમ صلی اللہ علیہ وسلمના મુબારક નામો જ ઉપરોક્ત કિતાબમાં અક્ષરોની જોડણીને ધ્યાનમાં રાખી જમા કરવામાં આવ્યાં છે તેમાંથી ૮૧ નામ એવાં છે જે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતના નામોમાંથી છે. આ સંખ્યા હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની ત્રણેય* ફૂટનોંધ વધુ આગળના પેજ પર....

લખ્યા છે. અમને આશા છે કે જે રીતે અલ્લાહ તઆલાએ આપણી તરફ તેમના ઈલ્મ અને સંશોધનની ઈલ્હામ ફર્માવી એવી રીતે નેઅમત પણ પૂરી ફર્માવી કે તેને પ્રગટ કરવાની તે તૌફીક઼ની પણ બખ્શિશ થાય જે અત્યાર સુધી ફર્માવી નથી અને તેના બંધ દરવાજા ખોલી દેશે.

અલ્લાહ સુબ્હાનહુ તઆલાના મુબારક નામોમાંથી એક નામ હમીદુ છે જે મહમૂદના અર્થમાં છે. કેમ કે અલ્લાહ તબારક વ તઆલાએ પોતે જ પોતાની પ્રશંસા કરી છે. અને બંદા પણ તેમની હમ્દો ષના કરે છે. પછી આ હામિદુના એક સરખા અર્થમાં પણ છે કેમ કે અલ્લાહ તબારક વ તઆલા પોતાની જાત અને આ'માલ અને પૈરવીની તારીફ કરે છે.

પછી અલ્લાહ તઆલાએ (હમ્દના સંબંધી) પોતાના હબીબ ﷺને બે નામ બખ્શિશ કર્યા એટલે "મુહમ્મદ" અને "અહમદ". આપનું મુબારક નામ મુહમ્મદ અથવા મહમૂદના અર્થમાં છે જેવું કે હઝરત દાઊદ علیہ السلامનું ઝબૂરમાં છે. અને અહમદનો અર્થ ખૂબ જ પ્રશંસા કરનાર છે (મુહમ્મદ)નો મતલબ છે સૌથી વધુ પ્રશંસા કરવામાં આવી હોય તે. આ અર્થઘટનની તરફ હઝરત હસ્સાન બિન ષાબિત رضی اللہ عنہએ પોતાના આ શેઅરમાં ઈશારો કર્યો છે :–

**વશક્ક લહૂ મિન્ઈસ્મિહી લિ યુહબિલ્લહુ**
**ફઝૂ લ્અર્શિ મહમૂદુંવ વ હાઝા મુહમ્મદૂ**

અલ્લાહ તઆલાના મુબારક નામોમાંથી "અર્રઉફુર્રહીમ" પણ છે. આ બંને નામોનો અર્થ એક જ છે અને અલ્લાહ તબારક વ તઆલાએ કુર્આને કરીમમાં આ નામોમાંથી પોતાના હબીબ ﷺને પણ સરપાવ કર્યા છે. (بِالْمُؤْمِنِيْنَ رَؤُفٌ رَّحِيْمٌ)

અલ્લાહના તમામ નામોમાંથી "હક્કુન" અને "મુબીનુન" પણ છે. હક઼્કનો અર્થ મૌજૂદ છે અને તે જેના કૃત્યને દુરુસ્ત કરનાર હોય. તેવી રીતે મુબીનનો અર્થ પોતાના કૃત્ય અને ખુદાની શાન બયાન કરનાર છે. બાન અને અબાનનો પણ એક જ અર્થ છે. અને તેનો એ અર્થ પણ છે કે પોતાના બંદાના દીન અને ક઼યામતના કાર્યોનું બયાન કરનારો. જેથી અલ્લાહ તઆલાએ પોતાની કિતાબમાં નબી કરીમ ﷺને આ નામ બખ્શિશ કરતાં ફર્માવ્યું : "એટલે સુધી કે તેમની પાસે સત્ય અને સ્પષ્ટ કહેનાર રસૂલ પધાર્યા." *(સૂરએ ઝુખ્રુફ, આયત : ૨૯)*

અને બીજી જગ્યાએ અલ્લાહ جل جلالہ એ ફર્માવ્યું છે : "અને ફર્માવો હું જ છું સ્પષ્ટ ડર સંભળાવનાર (આ અઝાબથી)." *(સૂરએ હિજ્ર, આયત : ૮૯)*

પોતાના નબીને હક઼્ક ક઼રાર દેતાં આ પણ ફર્માવ્યું છે : "તમારા પાસે તમારા રબ તરફથી સત્ય આવ્યું." *(સૂરએ યૂનુસ, આયત : ૧૫૮)*

વળી આપણ ફર્માવ્યું, "તો બેશક ! તેમણે સત્યને જૂઠાડયું જ્યારે તેમની પાસે આવ્યું." *(સૂરએ અન્આમ, આયત : ૫)*

કહેવામાં આવ્યું છે કે આ હક઼્કથી મુરાદ મુહમ્મદ

*પાછળના પેજની ફૂટનોંધ ચાલુ..... રિવાયતો સાથે છે. અને કેટલાંક એ છે જે ઈમામ જઅફર સાદિક઼ رضی اللہ عنہથી કથિત છે. આવાં મુબારક નામો આ છે : અલ્અવ્વલુ અલ્આખિરુ, અલ્અહદુ, અલ્કરમુ, અલ્બસીરુ, અલ્બાતિનુ, અલ્બિર્રુ, અલ્બદીઅ્, અલ્બુરહાનુ, અલ્જબ્બારુ, અલ્જલીલુ, અલ્જામિઉ, અલ્હકમુ, અલ્હલીમુ, અલ્હફીઝુ, અલ્હક્કુ, અલ્હમીદુ, અલ્હય્યુ, અલ્હાફિઝુ, અલ્ખાફિઝુ, અલ્ખબીરુ, ઝુલ્ફદ઼લુ, અર્રફિઉ, અર્રકીબુ, અર્રશીદુ, અર્રહીમુ, અસ્સલામુ, અસ્સમીઉ, અસ્સરીઉ, અશ્શાકિરુ, અશ્શકૂરુ, અશ્શદીદુ, અશ્શહીદુ, અસ્સાદિકુ, અસ્સબૂરુ, અઝ્ઝાહિરુ, અલ્અઝીઝુ, અલ્અલીમુ, અલ્અદલુ, અલ્અઝીમુ, અલ્અલીયુ, અલ્ફુવ્વ, અલ્આલ, અલ્ગફુરુ, અલ્ગનીયુ, અલ્ફત્તાહુ, અલ્ફર્દ, અલ્ક઼વીયુ, અલ્ક઼રીબુ, અલ્ક઼ાઈમુ, અલ્કરીમુ, અલ્કાફી, અલ્કફીલ, અલ્મલિક, અલ્મુઅમિનુ, અલ્મુહયમિનુ, અલ્મુજીબુ, અલ્મજીદુ, અલ્મતીનુ, અલ્મુહ્યી, અલ્માજિદુ, અલ્મુકદમુ, અલ્મુક઼સિતુ, અલ્મુગનીયુ, અલ્મુબીનુ, અલ્મુનીબુ, અલ્મલીકુ, અલ્મુઅતીયુ, અલ્મુનીરુ, અન્નૂરુ, અલ્હાદીયુ, અલ્વહ્હાબુ, અલ્વાસિઉ, અલ્વકીલુ,, અલ્વલીયુ, અલ્વાહિદુ,અલ્વાલીયુ, અલ્વાફીઉ. (ﷺ) (જવાહિરલ્બિહાર, ઉર્દૂ, ભાગ ૧, પેજ : ૧૬૭ થી ૧૬૮) લખ્યા છે.*

ﷺની મુકદ્દસ ઝાત છે. અની બીજુ કથન એ છે કે તેનાથી મુરાદ કુર્આને કરીમ છે. અહીં આ (હક્ક) બાતિનના કારણે તેના વિરુદ્ધના અર્થમાં છે જેની સચ્ચાઈ અને કાર્ય દુરુસ્ત હોય, અને તે પહેલા અર્થમાં છે, મુબીનથી પોતાના રિસાલતના કાર્યો બયાન કરવાવાળાથી મુરાદ છે અથવા જે કાંઈ અલ્લાહ તબારક વ તઆલાએ તેમને આપીને મોકલ્યા તેનું બયાન કરવાવાળા. જેવું કે અલ્લાહ તબારક વ તઆલાએ ફર્માવ્યું, ''તમે લોકોને કહી આપો જે તેમની તરફ ઉતર્યુ.'' *(સૂરએ નહલ, આયત :૪૪)*

અલ્લાહ તઆલાના નામોમાંથી એક નામ ''નૂર'' છે. તેનો અર્થ નૂરવાળો એટલે તેને પૈદા કરનાર છે અથવા આસ્માનો અને જમીનને પ્રકાશિત કરવાવાળો, અથવા હિદાયતથી ઈમાનવાળાનાં દિલોને ઝગમગાવવાવાળો છે. અલ્લાહ તઆલાએ નબી કરીમ ﷺનું નામ પણ ''નૂર'' રાખ્યું જેવું કે પોતે જાતે ફર્માવ્યું :– قَدْ جَآءَكُمْ مِّنَ اللّٰهِ نُوْرٌ وَّكِتٰبٌ مُّبِيْنٌ ''બેશક ! તમારી પાસે અલ્લાહ તરફથી એક નૂર આવ્યું અને પ્રકાશિત કિતાબ.'' *(સૂરએ માઈદહ, આ. નં. ૧૫)*

કહેવામાં આવ્યું છે કે આ (શબ્દ નૂર)થી મુરાદ સૈયદના મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺની મુબારક ઝાત છે. અને બીજુ કથન એ છે કે આ (નૂર)થી કુર્આને કરીમ મુરાદ છે. આ સિલસિલામાં આપને સિરાજમ્ મુનીરા પણ કહ્યા છે કેમ કે આપનો હુકમ પ્રકાશિત અને આપની નબુવ્વત જાહેર છે. અને આપ ઈમાનવાળા અને આરિફોના દિલોને (આ દીનની દૌલત અને ઈમાનના સાથે) પ્રકાશિત કરવાવાળા છે જે આપ લઈને આવ્યા છે.

અને અલ્લાહ તઆલાના નામોથી ''શહીદ'' પણ છે જેનો અર્થ (અલ્‌આલિમુ = જાણવાવાળો) છે. એ પણ કહેવામાં આવ્યું છે કે તેનો અર્થ છે કે તેઓ કયામતના દિવસે પોતાના બંદા પર સાક્ષી થશે. અલ્લાહ તબારક વ તઆલાએ નબી કરીમ ﷺનું ''શહીદ'' અને ''શાહિદ'' નામ રાખ્યું છે જેવો કે ઈર્શાદે રબ્બાની છે : ''ગૈબની ખબરો કહેનાર ! (નબી) બેશક ! અમે તમને મોકલ્યા હાઝિર, નાઝિર અને ખુશખબરી આપતા અને ભય સંભળાવતા (બનાવીને) અને અલ્લાહના હુકમથી અલ્લાહ તરફ બોલાવનાર અને ચમકાવી દેનાર સૂર્ય.'' *(સૂરએ અહઝાબ, આયત : ૪૫ થી ૪૬)*

પછી આપને ''શહીદુ'' નામથી નવાઝતાં ફર્માવ્યું છે : ''અને આ રસૂલ તમારા નિગેહબાન અને ગવાહ.'' *(સૂરએ બકરહ, આયત : ૧૦૩)*

પેજ નં.૦૨ નું ચાલુ...

બલ્કે મનેચ્છાઓની સુધારણાને ઠરાવવામાં આવ્યો છે. એના માટે રમઝાનના દિવસોમાં ઈન્સાનને જે જે પ્રાકૃતિક ઈચ્છાઓથી રોકવામાં આવે છે એની રાતમાં ઈજાઝત આપવામાં આવે છે. સારાંશ કે અલ્લાહની ફર્માબરદારીના હેઠળ બંદો જ્યારે ભૂખો અને તરસ્યો રહ્યો તો અલ્લાહે તેને આ મહોબ્બતભર્યો ખિતાબ ફર્માવ્યો, ''તમે ખાવો, પીઓ, ઉમદા ભોજન !''

સારાંશ કે ઈમાનનો તકાઝો છે કે ખુશી હોય કે ગમ, આપણે મુસલમાન છીએ તો ખુશી પણ અલ્લાહ વ રસૂલ رضوان الله تعالیٰ علیهم اجمعینના હુકમાનુસાર મનાવીએ અને ગમ પણ એમના હુકમાનુસાર મનાવીએ તો જ આપણે એક વફાદાર મુસલમાન કહેવાઈશું જેનાથી અલ્લાહ વ રસૂલ રાજી રહેશે. આજકાલ ઈદના દિવસે શહેરોમાં એવો માહોલ જોવા મળે છે કે મહિનાભર પાબંદીથી રહેલા મુસલમાનો ગુનાહો પાછળ એવા દોડે છે જાણે કે એક જ દિવસમાં મહિનાભરની કસર પૂરી કરી નાખે ! શૈતાનના ફંદામાં એવા ફસાય છે કે યુવાનો, યુવતીઓ સૌ બનીઠનીને માર્ગો, પાર્કો, સીનેમાઘરો, બજારોમાં ભટકવા માંડે છે. તો એવું ન થવું જોઈએ એની સૌ મા બાપો પણ તકેદારી રાખે અને જે પાકીઝગીથી એક મહિનો વિતાવ્યો તેની અસરથી વરસભર પાકીઝગી અપનાવવા કોશિશ કરે. રબ્બુલ ઈઝ્ઝત આપણને સૌને એ તૌફીક આપે. (આમીન)

# હદાઈકે બખ્શિશ

અઝ

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા

મૌલાના સાદિક઼ સાબરી દહેગામી

**નેઅમતેં બાંટતા જિસ સમ્ત વો ઝીશાન ગયા**
**સાથ હી મુન્શીએ રહમત કા ક઼લમદાન ગયા**

*(નેઅમતેં = બખ્શિશો, બાંટતા = વહેંચતો, સમ્ત = દિશા, ઝીશાન = શાનવાળો, મુન્શીએ રહમત = રહમત લખવાવાળો, ક઼લમદાન = પેન મૂકવાનો ડબ્બો)*

**અર્થ :** અઝમતવાળા ઝીશાન પ્યારા નબી ﷺ નેઅમતોની વહેંચણી કરતા જે પણ દિશામાં જાય રહમત લખવાવાળા ફરિશ્તાઓ ક઼લમો ઉઠાવીને તે તરફ ચાલવા માંડે છે. હુઝૂર علیہ الصلوٰۃ والسلام ફર્માવે છે, નિઃશંક ! હું જ વહેંચું છું અને અલ્લાહ મને અતા કરે છે. *(બુખારી શરીફ)*

**લે ખબર જલ્દ કે ગૈરોં કી તરફ ધ્યાન ગયા**
**મેરે મૌલા મેરે આક઼ા તેરે કુર્બાન ગયા**

*(લે ખબર = મારી મદદ કરો, ગૈરોં કી તરફ = બીજાઓ તરફ, મેરે મૌલા = મારા મદદગાર, કુર્બાન ગયા = કુર્બાન થયો)*

**અર્થ :** અય મારા આક઼ા ! મારા માલિક ! મારી જાન આપ પર કુર્બાન ! મારી જલ્દીથી ખબર લો, મારી તરફ જલ્દી તવજ્જુહ ફર્માવો. મારો નફ્સ ખ્યાલને દુશ્મનો તરફ લઈ જઈ રહ્યો છે. આ શેઅરમાં પ્યારા નબી ﷺથી ઈસ્તેગાષા એટલે કે મદદ માંગવામાં આવી છે. આ બુઝુર્ગોનો તરીક઼ો છે જેના વિશે પાછળની શરહમાં વિગતવાર વર્ણન થઈ ગયું.

**આહ ! વો આંખ કે નાકામે તમન્ના હી રહી**
**હાએ વો દિલ જો તેરે દર સે પુર અરમાન ગયા**

*(આહ = અફસોસ, નાકામે તમન્ના = મુરાદ પૂરી ન થઈ, પુર અરમાન = અરમાન ભરેલ, ઈચ્છુક)*

**અર્થ :** અફસોસ ! તે આંખો પર જે પોતાની ઉમ્મીદોને પૂરી કરવામાં નિષ્ફળ રહી અને અફસોસ ! તે દિલ પર જે આપના દરની હાજરીના અરમાનોથી ભરેલુ જ રહી ગયું.

**દિલ હૈ વો દિલ જો તેરી યાદ સે મા'મૂર રહા**
**સર હૈ વો સર જો તેરે ક઼દમોં પે કુર્બાન ગયા**

*(મા'મૂર = આબાદ, સર = માથુ, ક઼દમોં પે કુર્બાન ગયા = પગો પર કુર્બાન થઈ ગયો)*

**અર્થ :** દિલ/હદય અસલમાં તે જ દિલ છે જે હુઝૂર પુરનૂર ﷺની યાદથી આબાદ રહે જે દિલમાં હુઝૂર علیہ الصلوٰۃ والسلامની યાદ ન હોય તે ફક્ત માસનો લોથળો છે દિલ નથી અને માથુ તે જ માથુ કહેવા લાયક છે જે હુઝૂર علیہ الصلوٰۃ والسلامના મુક઼દસ ક઼દમો પર કુર્બાન થઈ જાય.

**ઉન્હેં જાના ઉન્હેં માના ન રખ્ખા ગૈરસે કામ**
**લિલ્લાહિલ્ હમ્દ મૈં દુન્યા સે મુસલમાન ગયા**

*(ઉન્હેં જાના = તેમને જાણ્યા, ઉન્હેં માના = તેમને માન્યા, ન રખ્ખા ગૈરસે કામ = બીજાથી કોઈ મતલબ ન રાખી, લિલ્લાહિલ્ હમ્દ = સર્વ પ્રશંસાઓ ખુદા માટે, ખુદાનો શુક્ર છે)*

**અર્થ :** ફક્ત આપ હઝરત ﷺને ઓળખ્યા અને માન્યા, બીજાઓથી કોઈ લેવા દેવા ન રાખી. ખુદાનો શુક્ર છે હું દુનિયાથી એવી હાલતમાં જઈ રહ્યો છું કે પાકો સાચો મુસલમાન છું. સચ્ચાઈ એ જ છે કે જેણે રસૂલુલ્લાહ ﷺને માન્યા તેણે અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ બંનેવને માન્યા. પણ જે ફક્ત અલ્લાહ તબારક વ તઆલાને જ માનવાની વાત કરે તે કદી મુસલમાન થઈ શકતો

નથી, કારણ કે પહેલા કલમામાં પણ અલ્લાહ રસૂલને માનવાનું બયાન છે.

શર્હે અકાઈદ નસ્ફમાં ઈમાનની વ્યાખ્યા વિશે લખ્યું છે, "જે કાંઈ રસૂલુલ્લાહ ﷺ અલ્લાહ પાસેથી લાવ્યા તેને માનવું ઈમાન છે."

**ઔર તુમ પર મેરે આક઼ા કી ઈનાયત ન સહી**
**નજદિયો ! કલ્મા પઢાને કા ભી એહસાન ગયા**

(નજદીયો = નજદીનું બહુવચન, શૈખે નજદી = શૈતાનનું ઉપનામ છે, નજદી = નજદ/રિયાઝના રહેવાસીને પણ કહે છે.)

**અર્થ** : હવે નજદી એક ફિર્કો છે ઈબ્ને અબ્દુલ વહાબ નજદીથી સંબંધિત છે, જેના અકીદા અને અમલ કુર્આન, હદીષ અને બુઝુર્ગોના કથનોથી વિરુદ્ધ છે. વધુ જાણકારી માટે વાંચો કિતાબ તારીખે નજદો હિજાઝ. દેવબંદી અને કહેવાતા અહલે હદીષ વગેરે જમાઅતો પણ તેની જ અનુયાયી છે. વહાબી પણ નજદીને જ કહેવામાં આવે છે.

હે ગુમરાહ નજદીઓ ! વહાબીઓ ! નમક હરામો ! જો તમે કાસિમે નેઅમત علیہ الصلوٰۃ والسلامની તમારા ઉપર થયેલી ઈનાયતને નથી માનતા તો ન માનો, પણ હે એહસાન ફરામોશો ! તમે જે કલ્મો પઢીને લોકો સામે મુસલમાન જાહેર થાવ છો તે કલ્મો કોણે પઢાવ્યો તે એહસાન પણ ભૂલી ગયા !

**આજ લે ઉન્કી પનાહ આજ મદદ માંગ ઉનસે**
**ફિર ન માનેગેં ક઼યામત મેં અગર માન ગયા**

*(આજ લે ઉન્કી પનાહ = આજે હુઝૂર ﷺનો આશરો લે, ફિર ન માનેગેં = પછી નહીં માને)*

**અર્થ** : હે મુન્કિરો ! હુઝૂર ﷺ આખા જગત માટે રહમત બનીને આવ્યા છે. સર્વ મખ્લૂક આપની ગુલામ છે. બધા જ આપનો સહારો લે છે. એક તમે છો કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامના ઈખ્તિયાર, હુઝૂર ﷺની શફાઅતનો ઈન્કાર કરો છો ! હજુ પણ સમય છે, માની જાવ ! નહીં તો કયામતમાં જ્યારે હુઝૂર علیہ الصلوٰۃ والسلامનો મર્તબો અને મકામ જોઈને કદમોમાં પડી ભીખ માંગશો કે હુઝૂર ! હું આપના ઈખ્તિયારને માનુ છું ! તો હુઝૂર ﷺ તે ઘડીએ તમારી વાત નહીં માને.

**ઉફ રે મુન્કિર ! યે બઢ્હા જોશે તઅસ્સુબ આખિર**
**ભીળ મેં હાથ સે કમ બખ્ત કે ઈમાન ગયા**

*(ઉફ = અફસોસ, રે = અરે, જોશે તઅસ્સુબ = તઅસ્સુબ (પૂર્વગ્રહ)નો જોશ, આખિર = આખરે, ભીળ = ભીડ, કમબખ્ત = કમનસીબ)*

**અર્થ** : અફસોસ ! હે મુન્કિરો ! તમારી નફરત એટલી હદે પહોંચી ગઈ કે હક્કને ઓળખવાથી ઈન્કાર કરી દીધો અને પૂર્વગ્રહ (અદાવત) તથા વગર કારણની તરફદારીના લીધે ઈમાન હાથમાંથી જતુ રહ્યું !

**જાનો દિલ હોશો ખિરદ સબ તો મદીના પહુંચે**
**તુમ નહીં ચલતે "રઝા" સારા તો સામાન ગયા**

*(જાન = પ્રાણ, દિલ = હૃદય, હોશ = સમજ, ખિરદ = બુદ્ધિ)*

**અર્થ** : હે અહમદ રઝા ! રૂહ, દિલ, દિમાગ બધાં તો મદીનાની પાક ગલીઓમાં ગુમ થઈ ગયાં છે, જીવનનો સામાન તો બધો મદીના ચાલ્યો ગયો છે, તમે એકલા શરીર સાથે શું કરશો ? ઉઠો ! અને તૈયારી કરો ! મદીના શરીફ રવાના થવાની.

*ઈલાહી દિખા દે દયારે મદીના કે આંખે ભી દેખે બહારે મદીના*
*રહે ઉનકે જલ્વે બસે ઉનકે જલ્વે, મેરા દિલ બને યાદગારે મદીના*

*–(હસન રઝા ખાં رحمۃ اللہ علیہ)*

**સહાયની અપીલ**

**દેવકા** : (દમણ) ખાતે **"ગરીબનવાઝ મસ્જિદ"**નું કામકાજ ચાલુ છે. વોલ ટાઈલ્સ, ફલોરિંગ ટાઈલ્સ, મેહરાબ–મિમ્બર તથા વુઝૂખાનાની ટાઈલ્સ અને લેબર તથા ૧.૭૦ લાખ કરજ થઈ કુલ **સાત લાખ**નું કામ બાકી છે. મર્હૂમોના સવાબ અર્થે હિસ્સો લઈને તમારી તથા મર્હૂમોની કબ્રમાં કયામતમાં રાહતનો સામાન કરશો. **સંપર્ક કરો** : હાજી ઝાકિરહુસૈન પીરવાલા, દેવકા, નાની તાઈવાડ, દમણ (યુ.ટી.) SBI દમણ A/c. : 30283412826 (Mob. : 9824440319)



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

رحمۃاللہ تعالی علیہم اجمعین

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

*(અનીસુલ અરવાહ : મલ્ફૂઝાતે ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃاللہ علیہ)*

### (મજલિસ : ૧૮)

### ★ છીંક ખાવાના વિશે ★

છીંક ખાવાના બારામાં ચર્ચા ચાલી તો આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺથી હદીષમાં છે કે જ્યારે મો'મિન છીંક ખાય છે અને اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ (અલ્હમ્દુ લિલ્લાહિ રબ્બિલ આલમીન) કહે છે તો ખુદા તઆલા તેના સર્વ ગુનાહો બખ્શી આપે છે અને જન્નતમાં એના નામનો એક દરજો નિશ્ચિત છે, અને એક ગુલામને આઝાદ કરવાનો સવાબ તેના આમાલનામામાં લખવામાં આવે છે. અને જ્યારે બીજી છીંક ખાય છે તો તેનાં મા બાપને પણ બખ્શી આપે છે. અને ત્રીજીવાર છીંક ખાય છે તો સમજી લો કે શરદી છે.

હે મુસલમાનો ! છીંકનો જવાબ આપવો يَرْحَمُكَ اللّٰهُ تَعَالٰى (યર્હમુકલ્લાહુ તઆલા) કહેવું ગુનાહોનો કફ્ફારો છે અને દરજ્જાઓની અધિક્તાનો સબબ છે. અને છીંક દોઝખની આગની વચ્ચે પડદાનું કામ કરે છે, અને હજાર નેકી તેના નામે લખાય છે. અને કયામતના દિવસે તેના ત્રાજવામાં રાખે છે તો અર્શ તથા કુર્સી કરતાં વજનદાર થાય છે. જે છીંકનો જવાબ આપે છે અને જે શખ્સ એકવાર اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ કહે છે, તો ખુદા તઆલા તેને જન્નતમાં પયગંબરોનો પડોશ અતા કરે છે અને એક શહેર જન્નતમાં તેને અર્પણ થાય છે.

પછી ફર્માવ્યું કે સૌ પ્રથમ જેણે છીંક ખાધી તે હઝરત આદમ علیہ السلام હતા, અને જિબ્રઈલ علیہ السلام પાસે જ હતા તેમણે કહ્યું, يَرْحَمُكَ اللّٰهُ (યર્હમુકલ્લાહ).

જેવા કે ખ્વાજા (ઉષ્માની હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

### (મજલિસ : ૧૯)

### ★ અઝાનના વિશે ચર્ચા ★

નમાઝની બાંગ (અઝાન) કહેવાના બારામાં ચર્ચા ચાલી તો આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે અમીરુલ મો'મિનીન હઝરત અલી کرم اللہ تعالی وجہہ الکریم એ રસૂલુલ્લાહ ﷺને પૂછયું, તો આં હઝરત ﷺએ ફર્માવ્યું કે, હે અલી ! જે શખ્સ નમાઝ માટે અઝાન કહે છે એનો સવાબ ખુદાએ તઆલા બુલંદો બુઝુર્ગ જ જાણે છે પરંતુ નમાઝની અઝાન મારી ઉમ્મતના માટે હુજ્જત (દલીલ) છે. જેની તફસીર એ છે કે જ્યારે મો'મિન **"અલ્લાહુ અકબર ! અલ્લાહુ અકબર !"** કહે છે, તો એવું કહે છે કે, "ખુદાને મેં તમારો ગવાહ બનાવ્યો હે મુહમ્મદ ﷺની ઉમ્મત ! નમાઝમાં હાજર થાવ ! અને દુનિયાવી કારોબાર છોડી આપો." અને જ્યારે **અશ્હદુ અલ્લાઈલાહ ઈલ્લલ્લાહ** કહે છે તો કહે છે કે, "હે મુહમ્મદ ﷺની ઉમ્મત ! મેં તેને તથા તેના ફરિશ્તાઓને ગવાહ બનાવ્યા છે કે મેં નમાઝના સમયની તમને ખબર આપી કે એનાથી

વધીને કોઈ ખબર નથી.'' અને જ્યારે **અશ્હદુઅન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ** કહે છે તો કહે છે કે, ''હું એ વાતની ગવાહી આપુ છું કે મુહમ્મદ ﷺ ખુદાના મોકલેલા છે.'' અને જ્યારે **હય્ય અલસ્સલાત** કહે છે તો કહે છે કે, ''મેં દીન તમારી સમક્ષ જાહેર કર્યો અને ખુદા તથા ખુદાના રસૂલનો હુકમ માનો કે જેથી ખુદા તઆલા તમારા સર્વ ગુનાહો બખ્શી આપે કેમ કે નમાઝ દીનનો સ્તંભ છે.'' અને જ્યારે **હય્ય અલલ ફલાહ** કહે છે તો કહે છે કે, ''હે ઉમ્મતે મુહમ્મદ ! ﷺ તમારા માટે રહમતના દરવાજા ખોલી આપવામાં આવ્યા છે, ઉઠો ! અને પોતાનો હિસ્સો લો ! કેમ કે તમારા માટે દુનિયા તથા આખેરતમાં જન્નત છે.'' અને જ્યારે ફરી **અલ્લાહુ અકબર ! અલ્લાહુ અકબર !** કહે છે તો એ કહે છે કે, ''ખુદાની રહમત અને ખુદાને મેં તમારા ગવાહ બનાવ્યા છે, હે મુહમ્મદ ﷺની ઉમ્મત ! નમાઝમાં હાજર થાવ અને દુનિયાવી કામોથી અલગ થઈ જાવ, મેં તમારા સમક્ષ જાહેર કરી આપ્યું. અને ખુદા તથા ખુદાના રસૂલ ﷺનો હુકમ માનો અને નમાઝ અદા કરો જેથી ખુદાવંદે તઆલા તમારા સર્વ ગુનાહો બખ્શી આપે. અને યાદ રાખશો કે કોઈ અમલ નમાઝથી વધીને નથી. જે શખ્સ નમાઝ અદા નથી કરતો તે પસ્તાવો પામે છે.'' અને જ્યારે **લાઈલાહ ઈલ્લલ્લાહ** કહે છે તો કહે છે કે, ''જાણી લો કે સાતેવ આસ્માન અને જમીનોની અમાનત તમારી ગરદન પર છે, જે શખ્સ કૂબૂલ કરી લે છે અને હાથ પગો મારે છે તે છૂટકારો (નજાત) પામે છે.''

પછી ફર્માવ્યું કે બગદાદમાં એક બુઝુર્ગે કહ્યું, અઝાન કહેનારને કૂબૂલ કરવું ગુનાહોનો કફ્ફારો છે અને જે મસ્જિદમાં ખુદા તથા ખુદાના રસૂલ ﷺની ઈતાઅત કરે છે તે સિદ્દીકો તથા શહીદોની સાથે જન્નતમાં જાય છે, હઝરત દાઊદ علیہ السلامનો સાથી બને છે.

પછી ફર્માવ્યું કે ખ્વાજા જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہના ઉમદામાં લખ્યું છે કે મોઅઝ્ઝિનની ઈજાબત કરવી કયામતના દિવસે ખલ્કતની શફાઅત છે, જેથી જે શખ્સ અઝાન સાંભળે અને ઈમામની પાછળ જમાઅતથી નમાઝ અદા કરે તો દરેક રકાતના બદલે ત્રણસો રકાતનો સવાબ મળે છે, અને દરેક રકાતના બદલે જન્નતમાં એના માટે શહેર બનાવે છે.

પછી ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ પાંચ પ્રકારના લોકો પર રાજી નથી. પ્રથમ તે લોકો જેઓ જુમ્આની નમાઝ કઝા કરે છે. બીજા, જેઓ આઝાદ કરેલા ગુલામોને વેચે છે. ત્રીજા તે જેઓ પડોશીઓને સતાવે છે. ચોથા તે જેઓ કોઈની પાસેથી નાહક્ક કોઈની ચીજ છીનવી લે છે. પાંચમાં તેઓ જે પોતાના ઘરવાળાંઓ પર જુલ્મ કરે છે.

પછી ફર્માવ્યું, જે શખ્સ મોઅઝ્ઝિનની ઈજાબત કરે છે, ફરિશ્તા તેના માટે માફીના તલબગાર થાય છે અને સલામ મોકલે છે, અને તે નજાત પામે છે અને વિના હિસાબે જન્નતમાં જાય છે.

પછી ફર્માવ્યું, હે દરવેશ ! એ રીતે તકબીર કહેવી જેવી કે મેં કહી છે કે ખુદા તમારાં બંનેવ ભવાના દરમ્યાનમાં છે, અને મકામ તમારા સીના સામે છે. વળી તમે યાદ રાખશો ખુદાવંદે તઆલા તમને જોઈ રહ્યો છે અને બંને પગો પુલસિરાત પર છે અને જન્નત જમણી બાજુ છે અને દોઝખ ડાબી બાજુ છે. જોઈએ કે તું **અલ્લાહુ અકબર** કહે અને ફિકર સાથે કુર્આન શરીફ પઢે. અને આજિઝીની સાથે રુકૂઅ કરે અને મિસ્કીન સાથે સિજદો કરે પછી બેસીને અત્તહિય્યાત પઢે તો ફરિશ્તા તારા માટે માફી માગનારા થશે ત્યાં સુધી કે સલામ કહે.

## ★ હલાલ ખાવા તથા કુર્આન શરીફ પઢવા વિશે ★

પછી ફર્માવ્યું કે, **ખાવા હલાલ ખાવ અને હલાલની કમાઈનું કપડુ પહેરો અને તૌબા કરો અને હરામ કમાઈનુ કપડુ ન પહેરો. જ્યારે એવું કરશો તો જન્નતના સાતેવ દરવાજાઓમાંથી એક દરવાજો તમારા માટે ખોલી દેવામાં આવશે અને તમારી નમાઝને કૂબૂલ**

**કરી લેવામાં આવશે.**

પછી ફર્માવ્યું કે કુર્આન શરીફને વારંવાર પઢવું જોઈએ એ પણ ગુનાહોનો કફ્ફારો છે અને દોઝખની આગના સામે આડરૂપ છે. અને **જે શખ્સ કુર્આન પઢવામાં મશગૂલ થાય છે તો ખુદાવંદે તઆલા જન્નતના દરવાજા તેના માટે ખોલી આપે છે** અને દરેક ખૌફના બદલે જે તે પઢે છે તેના લીધે ખુદાવંદે તઆલા એક ફરિશ્તો પેદા કરે છે જે કયામત સુધી તસ્બીહ પઢે છે. અને કોઈ શખ્સ ખુદાની આટલી નિકટતામાં નથી જેટલો તે શખ્સ છે જે ઈલ્મ શીખે અને વારંવાર કુર્આન પઢે.

પછી ફર્માવ્યું કે તમારા પર લાઝિમ છે કે કુર્આન શરીફ પઢો અને શીખો. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું છે કે જે શખ્સ કુર્આન શરીફની એક આયત પઢે છે તે નેકીથી અનંતગણી બેહતર છે. અને જે વખતે મૃત્યુ પામે છે અને કુર્આન શરીફ પઢવાની દોસ્તી એના દિલમાં હોય છે તો ફરિશ્તાના કાનમાં નેકીના સ્વરૂપમાં આવે છે અને ફરિશ્તા જન્નતમાંથી એક નારંગી લાવે છે અને કહે છે કે પઢો ! તે શખ્સ કહે છે કે મેં દુનિયામાં નથી પઢયું. પછી તે કહે છે કે પઢ ! આ નારંગી ખુદાવંદે તઆલાએ તારા માટે તોહફારૂપે મોકલી છે. પછી તે બંદો શરૂથી લઈને છેવટ સુધી કુર્આન શરીફ પઢે છે. તો ફરિશ્તા કહે છે કે તને કબ્ર તથા કયામતનો અઝાબ થશે નહીં, અને તું પયગંબરોનો પડોશી થઈશ.

જેવા કે ખ્વાજા (ઉષ્માની હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા.

اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

કાર્યવાહ


# હોંગકોંગમાં ગૈરમુસ્લિમો ઈસ્લામના શરણમાં !

૧૨ જૂન ૨૦૧૧ રવિવારે હોંગકોંગના શહેર વાનચાઈમાં આવેલ મસ્જિદ "અમ્માર"માં એક ભવ્ય કન્વેન્શનનો પ્રોગ્રામ યોજાયો જેમાં ૨૨ સ્ત્રીઓ અને ૩ પુરૂષોએ ઈસાઈયત છોડીને ઈસ્લામ સ્વીકારી લીધો. જેમાં ૧૭ સ્ત્રીઓનો સંબંધ ફિલિપાઈન્સથી અને ૪નો ઈન્ડોનેશિયા અને એકનો હોંગકોંગથી. જ્યારે કે પુરૂષોમાંથી એકનો સંબંધ ઈન્ડિયા અને એકનો ઈન્ડોનેશિયા અને એક સ્થાનિક ચાઈનીઝ છે. આ ભવ્ય પ્રોગ્રામમાં હોંગકોંગમાં વસતા પાકિસ્તાની તથા સ્થાનિક ચાઈનીઝોએ મોટી સંખ્યામાં શિર્કત કરીને પોતાનાં નવમુસ્લિમ ભાઈઓની ભરપુર હોંસલા અફઝાઈ કરી. પ્રોગ્રામની બાકાઈદા શરૂઆત હાફિઝ અતીકુર્રહમાનની તિલાવતથી થઈ. બાદમાં તમામ ગૈર મુસ્લિમ સ્ત્રીઓ તથા પુરૂષોએ પુષ્કળ લોકો સમક્ષ ત્રણ ખુદાવાળી માન્યતાનો ઈન્કાર કરતાં અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની વહદાનિયત (એક હોવું)નો એકરાર કરતાં અને મુહમ્મદ મુસ્તફા ﷺને અલ્લાહના આખરી તથા સાચા નબી માનીને અને આખરી કિતાબ કુર્આન મજીદ તથા અન્ય આસ્માની કિતાબો પર ઈમાન લાવતાં કલ્મએ શહાદત પઢીને ઉમ્મતે મુહમ્મદી ﷺમાં પ્રવેશ ધારણ કર્યો. સર્વ પુરૂષો તથા સ્ત્રીઓથી કલ્મએ શહાદત સાંભળવાની સઆદત (નેકબખ્તી) આ મસ્જિદના ઈમામ તથા ખતીબ જનાબ ઉષ્માન યાંગઝંગે હાંસલ કરી. પ્રોગ્રામમાં હાજર સર્વ વ્યક્તિઓએ પોતાના નવમુસ્લિમભાઈ બહેનોને ઈસ્લામ સ્વીકાર પર મુબારકબાદી આપી તથા દુઆ કરી કે અલ્લાહ તઆલા એમને દીને મુહમ્મદી ﷺ પર અડગતા અતા ફર્માવે, આમીન. ત્યારબાદ આ પુરવકાર પ્રોગ્રામનો અંત બુલંદ અવાજે નારએ તકબીર તથા નારએ રિસાલત સાથે થયો. જેની સઆદત ઈમામ ઉષ્માન યાંગઝંગે હાંસલ કરી. યાદ રાખશો કે હોંગકોંગમાં વધી રહેલી મુસ્લિમ આબાદીથી ન કેવળ હોંગકોંગ બલ્કે અન્ય દેશોના ઈસાઈ ઉલઝન અનુભવી રહ્યા છે. *(મુસ્લિમ ટાઈમ્સ, ૧૮ થી ૨૪ જુલાઈ : ૨૦૧૧, મુંબઈ)*

(કાયમ)

મુનાફિક઼ત તે આનુ નામ !

# નબી વલી માટે માનો તો શિર્ક !
# દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!



**કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂા. ઈનામ !**



## ગંગોહીના ઈલ્મે ગયબનો એક ઔર બનાવ !

અત્યાર સુધી તો બીજાના મૃત્યુના બનાવો વાંચી રહ્યા હતા, હવે ખૂદ દેવબંદી મૌલ્વી રશીદ અહમદ ગંગોહીનો પોતાનો બનાવ વાંચો, તેમનુ જીવનવૃતાંત લખનાર લેખકે તેમના મૃત્યુની અસલ તારીખ આ પ્રમાણે લખી છે :–

*"રિવાયતમાં મતભેદ પ્રમાણે તા. ૮ અથવા ૯ જમાદીઉષ્ષાની મુજબ ૧૧ ઓગષ્ટ ૧૯૦૫ જુમ્આના દિવસે અઝાન પછી એટલે સાડા બાર વાગે તેમણે (ગંગોહીએ) દુનિયાને અલવિદા કહી." (તઝકેરતુર્રશીદ, ભાગ : ૨, પેજ : ૩૩૧)*

ત્યાર પછી આ બયાન વાંચો :–

*"હઝરત ઈમામ રબ્બાની (રશીદ અહમદ ગંગોહી)ને છ દિવસ પહેલાં જુમ્આના દિવસનો ઈંતેઝાર હતો. શમ્બહ (શનિવારે) પૂછ્યું કે, આજે શું જુમ્આનો દિવસ છે ? તો નોકરે અર્ઝ કરી કે, હઝરત ! આજે તો શનિવાર છે ! ત્યાર પછી દરમિયાનમાં કેટલીયેવાર જુમ્આના દિવસ સંબંધે પૂછ્યું કે, આજે કયો દિવસ છે ? અને જ્યારે ખબર પડી કે આજે જુમ્આનો દિવસ છે તે સાંભળીને ફર્માવ્યું કે, ઈન્ના લિલ્લાહિ વઈન્ના ઈલૈહિ રાજિઊન." (તઝકેરતુર્રશીદ, ભાગ : ૨, પેજ : ૩૩૧)*

ઉપરોક્ત બયાન પરથી એમ લાગે છે કે, મૌલ્વી ગંગોહી સાહબને પોતાના મૌતનો ઈલ્મ છ દિવસ પહેલાં થઈ ગયો હતો. અને એ ઈલ્મ એટલી હદે ચોક્કસતા પર હતો કે જ્યારે જુમ્આનો દિવસ આવ્યો ત્યારે ઈન્નાલિલ્લાહ પઢી લીધું.

દેવબંદી વર્તુળના ઘરના બુઝુર્ગને માટે આટલી હદે ઉદાર દિલીની સાથે આવી ભાવનાનો એકરાર છે. અને બીજી તરફ અંબિયા અને અવલિયાને તેમના મૃત્યુનો ઈલ્મ કેવો હતો એ સંબંધે તેમનો બુન્યાદી અક઼ીદો જુઓ :–

*"જ્યારે કોઈ આ જાણતું નથી કે આવતી કાલે હું શું કરીશ તો તે બીજાઓની હાલત કેવી રીતે જાણી શકવાનો હતો અને જ્યારે માણસ પોતાની મરણભૂમિને જાણતો નથી તો તે બીજુ કોઈ ક્યાં અને ક્યારે મરશે તે કેવી રીતે જાણી શકવાનો હતો ?! (તક઼વિયતુલ ઈમાન–ગુજરાતી, પેજ–૭૧, પ્રકાશન નં. ૯૬, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

હવે તમે જ નિર્ણય કરો કે, ઉપરોક્ત બનાવોથી એ હક઼ીક઼ત બેનકાબ થઈ જતી નથી કે, શિર્ક અને ઈન્કારની આ ક઼લમો જે દેવબંદી સાહિત્યમાં ફેલાયેલી છે તે માત્ર અંબિયા અને અવલિયા પૂરતી જ છે, ઘરના બુઝુર્ગો પર એ ક઼લમો બિલકુલ લાગુ થતી જ નથી !

## ગંગોહી પોતાના ફત્વાથી પોતે મુશ્રિક !

હવે તઝકેરતુર્રશીદના લેખકની કલમથી દેવબંદી મૌલ્વી રશીદ અહમદ ગંગોહી સાહબના ગૈબના ઈલ્મનો એક હૈરતનાક કિસ્સો સાંભળો. મૌલ્વી ગંગોહીના અકીદતમંદોમાં મીર વાજિદ અલી કનૌજી નામના એક શખ્સ હતા, તેમની રિવાયત નકલ કરતાં લખ્યું છે કે :–

*"મીર વાજિદ અલી કનૌજી ફર્માવે છે કે, મારા પીર હઝરત મૌલાના મૌલ્વી મુહમ્મદ કાસિમ સાહબે મને કહ્યું કે, હું એક સમયે ગંગોહ ગયો, ત્યાંની ખાનકાહમાં એક કોરો બદનો (માટીનું વાસણ) રાખેલ હતો, મેં તેને ઉપાડીને કૂવામાંથી પાણી ખેંચીને તેમાં ભરીને પીધું તો પાણી કડવું હતું. ઝોહરની નમાઝના સમયે હઝરત (ગંગોહી)થી મલ્યો અને તેની વાત તેમને કહી, તો આપે (ગંગોહીએ) કહ્યું કે, કૂવાનું પાણી તો મીઠું છે, ખારું નથી ! તો મેં એ કોરો બદનો તેમની પાસે મૂક્યો જેમાં પાણી ભરેલુ હતું. હઝરતે પાણીને ચાખ્યું તો પાણી ખારું હતું, તેમણે કહ્યું કે વારું તેને રાખી દો. આમ કહીને તેઓ ઝોહરની નમાઝમાં મશગૂલ થઈ ગયા, સલામ ફેરવ્યા પછી હઝરત (ગંગોહીએ) નમાઝીઓને કહ્યું કે કલ્મએ તૈયબા જેટલી વખત પઢી શકાય તેટલી વખત પઢો. અને પોતે પણ પઢવા લાગ્યા. થોડીવાર પછી હઝરતે દુઆ માટે હાથ ઉઠાવ્યા અને ખૂબ જ ધ્યાનસ્થ બનીને દુઆ માંગીને મોઢા પર હાથ ફેરવ્યા. ત્યાર પછી બદનો ઉઠાવીને તેમાનું પાણી પીધું તો મીઠું હતું ! ત્યારે મસ્જિદમાં જેટલા નમાઝી હતા બધાએ એ પાણીને ચાખ્યું તેમાં જરા પણ કડવાશ ન હતી, ત્યારે હઝરતે (ગંગગોહીએ) ફર્માવ્યું કે, આ બદનાની માટી એ કબ્રની છે જેના પર અઝાબ થઈ રહ્યો હતો. અલ્હમ્દુલિલ્લાહ ! કલ્માની બરકતથી અઝાબ દૂર થઈ ગયો !" (તઝકેરતુર્રશીદ, ભાગ : ૨, પેજ : ૨૧૨)*

ઉપરોક્ત બનાવનો સંબંધ પણ બરઝખની દુનિયા (કબ્રની દુનિયા) સાથે છે. **પોતાની ગયબદાનીની ખાત્રી કરાવી આપવા માટે મોલ્વી ગંગોહી સાહબે ત્યાં સુધી કહી દીધુ કે આ બદનાની માટી એ કબ્રની છે જેમાં સૂતેલા મુડદા પર અઝાબ થઈ રહ્યો છે ! એટલું જ નહીં, તેમણે એ પણ જાણી લીધું કે, હવે તેના પરથી અઝાબ દૂર થઈ ગયો ! એને કહે છે કે એક હથ્થુ ગયબદાની !** કે જેમાં દૃષ્ટિ પડી કે તરત જ છુપી હકીકતોના ચહેરા આપોઆપ બેનકાબ થતા ગયા ! પોતાની ગયબદાનીનો તો આ હાલ બયાન કરવામાં આવે છે પરંતુ સૈયદુલ અંબિયા ﷺના સંબંધે એ જ મૌલ્વી ગંગોહી સાહબ પોતે જ લખે છે તેને પણ જોઈ લો :–

*"એ અકીદો રાખવો કે આપ ﷺને ગયબનો ઈલ્મ હતો **સ્પષ્ટ શિર્ક** છે."* (ફતાવા રશીદિયહ, ભાગ : ૨, પેજ : ૧૪૧)

**નોંધ** : આવી વખતે જ કહેવાય છે કે, *"આવ ! કુહાડા પગ પર !"* પોતાના જ ફત્વાથી પોતે જ મુશ્રિક સાબિત થવું એ બહાદુરીનું કામ વહાબી દેવબંદી જમાઅતવાળાનું જ છે ! એ અન્ય કોઈના નસીબ નથી થયું ! તેમજ દેવબંદી ધર્મના બંધારણની પાયાની કિતાબ "તકવિયતુલ ઈમાન" (લેખક : ઈસ્માઈલ દહેલ્વી)માં છે :

*અલ્લાહ તઆલા પોતાના બંદાઓની સાથે દુનિયામાં યા કબ્રમાં કે આખિરતમાં જે વર્તાવ કરશે એની હકીકત અલ્લાહ તઆલા સિવાય કોઈ જાણતું નથી. ન કોઈ નબી અને ન તો કોઈ વલી–બુઝુર્ગ આ હકીકત જાણે છે. તેઓ જ્યારે પોતાની હાલત જાણતા નથી તો બીજાઓની હાલત કેવી રીતે જાણી શકવાના હતા ?! (તકવિયતુલ ઈમાન, પેજ : ૮૦, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા)*

આટલી સ્પષ્ટતા પછી તો કહેવાતા બુદ્ધિશાળીઓ તથા કહેવાતા એજ્યુકેટેડો જરૂર વિચારણા કરીને હક્ક માર્ગ અપનાવશે.

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તત્હીર અહમદ બરેલ્વી
✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.sc. M.ed.)

## ★ ફિલ્મી ગીતોમાં કુફ્રિયાત ★

આજકાલ ભારતમાં ફિલ્મી ચિત્રો અને ફિલ્મી ગીતોના માધ્યમ દ્વારા પણ મુસલમાનોને કાફિર બનાવવા અને તેમના ઈમાન અને અકીદાઓને નષ્ટ કરવાનું વ્યવસ્થિત ષડયંત્ર ચાલી રહ્યું છે. ફિલ્મોની મજા અને લિજ્જત અને ગીતોની દિલખુશ અદાઓને સહારે એવા એવા કડવા ઘૂંટ મુસ્લિમ વર્ગ અને તેમની ઔલાદના ગળે ઉતારવામાં આવી રહ્યા છે જેનાથી જે મુસ્લિમો દૂર ભાગતા હતા, આજે તે જ મુસલમાનો ખૂબ જ સહેલાઈથી અને સરળતાથી તેને અપનાવી રહ્યા છે. સાચી અને સ્પષ્ટ વાત તો એ છે કે આજકાલ ફિલ્મો, ટેલિવિઝનો અને અન્ય મિડિયાઓ મારફત કાફિર પોતાના ધર્મોનું પ્રચાર કરી રહ્યા છે. નીચે અમોએ કેટલાક ફિલ્મી ગીતોના થોડા શેઅર (પંક્તિઓ) ઉદાહરણરૂપે આપેલ છે જેનું કુફ્ર હોવું એટલું સ્પષ્ટ છે કે તેના માટે કોઈ આલિમ અથવા મૌલાના સાહબને પૂછવાની જરૂરત રહેતી નથી બલ્કે દરેક વ્યક્તિ સમજી શકે છે કે આ સ્પષ્ટ રીતે કુફ્રી બકવાસ છે.

✪ **ખુદા ભી આસ્માં સે જબ ઝમીન પર દેખતા હોગા**
**મેરે મહબૂબ કો કિસને બનાયા સોચતા હોગા**

✪ **અબ આગે જો ભી હો અંજામ દેખા જાએગા**
**ખુદા તરાશ લિયા ઔર બંદગી કરલી**

✪ **રબને મુઝ પર સિતમ કયા કિયા હૈ**
**સારે જહાં કા ગમ મુઝે દે દિયા હૈ**

આ ગીતો ઉપર વિચાર કરો અને જુઓ કે અલ્લાહ તબારક વ તઆલાના બારામાં એવો અકીદો રાખવો કે, ''તે આસ્માનથી જ્યારે જોતો હશે.'' જ્યારે કે મુસલમાનોનો એ અકીદો છે કે, ''અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત દરેક વસ્તુને હમેશાંથી જુએ છે અને હમેશાંથી જોશે.'' ખુદાએ તઆલાની બાબત આવો બકવાસ કે, ''મારા મહબૂબ (પ્રિયજન)ને બનાવનારના બારામાં તે વિચારતો હશે.'' જો કે દરેક વસ્તુને બનાવનાર (પેદા કરનાર) ખુદાએ તઆલા જ છે અને તે પરવરદિગારની બાબત આ બકવાસ કરવો કે, ''તે વિચારતો હશે'' જો કે તેનું ઈલ્મ વિચારવાથી પાક છે. આ બધું સ્પષ્ટ રીતે ''કુફ્રી બકવાસ'' છે.

એ જ પ્રમાણે બીજા ગીતના શેરમાં ''ખુદા તરાશ લિયા ઔર બંદગી કર લી'' અર્થાત ''ખુદાને પથ્થરમાંથી કોતરીને બનાવી લીધો અને તેની ઈબાદત કરી લીધી.'' કેટલો મહાન કુફ્ર છે, ઈસ્લામની મજાક અને કુર્આને કરીમથી મશ્કરી કરવામાં આવેલ છે, જેના સ્પષ્ટ કુફ્ર હોવામાં અજ્ઞાન મુસલમાનને પણ શંકા રહેતી નથી.

ત્રીજા ગીતના શેરમાં સૃષ્ટિના સર્જનહારને જાલિમ બતાવવામાં આવેલ છે. આ પ્રમાણે તેનાથી (સર્જનહારને) ફરિયાદ કરવી અને તેની નાશુક્રી કરવી કે તેણે સમગ્ર વિશ્વનું દુઃખ મને આપી દીધું છે. આ બધા જ તે કુફ્રિયાત છે જે કેટલાય મુસલમાનોથી કહેવડાવીને અને ગીતો વડે બોલાવડાવીને તેના માધ્યમથી તેમના ઈમાનને બગાડી નાખેલ છે અને ઈસ્લામી હદથી તેઓને બહાર કાઢી નાખેલ છે. *(એ જ પ્રમાણે વર્તમાન ફિલ્મી ગીતોમાં પોતાની પ્રેયસીને ક્યાંક ખુદા કહે છે તથા તારી પૂજા કરું કહે છે..... વગેરે જે પણ આ અર્થનાં ગીતો કે ડાયલોગ હોય તો સર્વ કુફ્ર*

*છે એને સાંભળી ખુશ થનારા, એને ગણગણનારાં માટે પણ તૌબા કરવાનો, કલ્મો પઢવાનો અને પત્નીવાળા માટે ફરી નિકાહ દોહરાવવાનો હુકમ છે. –તંત્રી)*

## ★ ઈમાન અને અક઼ીદા કરતાં અમલને વધુ મહત્વ આપવું ★

આપણામાંના લગભગ સામાન્ય લોકો અન્ય લોકોની ઉપર છલ્લી નેકી અને કોઈ સારું કાર્ય જોઈને તેમની પ્રશંસા કરવા લાગે છે અને એવા લોકોથી પ્રભાવિત થવા લાગે છે જ્યારે કે ઈસ્લામિક દષ્ટિકોણથી કોઈપણ નેકી ત્યાં સુધી કામ આપતી નથી જ્યાં સુધી કે તેનું ઈમાન અને અક઼ીદો બરાબર ન હોય.

રસૂલુલ્લાહ ﷺએ જ્યારે નબુવ્વતનું એલાન કર્યું હતું ત્યારે સૌ પ્રથમ નમાઝ અને રોઝા, ઝકાત અને હજજના એહકામ અને અમલનો હુકમ ન હોતો આપ્યો પરંતુ આ પ્રમાણે ફર્માવ્યું હતું કે, "અલ્લાહને એક માનો, બૂતોની પૂજા પાઠ છોડો અને મને અલ્લાહનો રસૂલ માનો." આજે પણ જ્યારે કોઈ કાફિરને મુસલમાન કરવામાં આવે છે ત્યારે સૌ પ્રથમ તેને નમાઝ, રોઝા અદા કરવાનો, સારું કાર્ય કરવાનો અને ખરાબ કાર્યો છોડી દેવાનો હુકમ આપવામાં આવતો નથી પરંતુ સૌ પ્રથમ તેને કલ્મો પઢાવીને મુસલમાન કરવામાં આવે છે અને ત્યાર બાદ તેને સારાં કાર્યો, ખરાબ કાર્યો અને ઈસ્લામના હુકમોથી તેને વાકેફ કરવામાં આવે છે.

હદીષ શરીફમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જો કોઈ વ્યક્તિ ઓહદ પહાડની બરાબર સોનું અલ્લાહની રાહમાં ખર્ચ કરે તો પણ ખુદાએ તઆલા તેને ક઼બૂલ ફર્માવતો નથી જ્યાં સુધી કે તક઼દીર (નસીબ) પર ઈમાન ન લાવે. *(મિશ્કાત શરીફ, પેજ : ૨૩)*

આ હદીષથી સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ ગયું કે જો કોઈ ઈસ્લામના જરૂરી અક઼ીદાઓ ધરાવતો નથી તેની કોઈપણ નેકી, નેકી જ નથી.

કુર્આને કરીમમાં પણ ખુદા તઆલાનો હુકમ છે કે, "આ કુર્આન હિદાયત છે મુત્તકીઓ (પરહેઝગારો) માટે જેઓ જોયા વગર ઈમાન લાવ્યા છે અને નમાઝ પઢે છે અને અમારી આપેલી દૌલતમાંથી (અમારા રસ્તે) ખર્ચ કરે છે." *(પારો : ૧, રુકૂઅ : ૧)*

આ આયતે કરીમામાં પણ અલ્લાહ તઆલાએ નમાઝ અને ખુદાની રાહમાં ખર્ચ કરવાથી પહેલાં ઈમાનનું ઝિક્ર ફર્માવેલ છે.

ખુલાસો એ જ છે કે જે વ્યક્તિનું ઈમાન અને અક઼ીદો દુરુસ્ત ન હોય અથવા એવી વ્યક્તિ ઈસ્લામમાં ન હોય એવા વિચારો અને અક઼ીદાઓ ધરાવતી હોય તો તેવી વ્યક્તિના પ્રભાવ હેઠળ ક્યારેય ન આવવું જોઈએ અને તેવી વ્યક્તિની પ્રશંસા ન કરવી જોઈએ ભલે ને આવી વ્યક્તિનાં ગમે તેટલાં સારા કાર્યો હોય.

કુર્આને કરીમમાં ઈસ્લામમાં ન હોય એવા અક઼ીદાઓ (વિચારો) ધરાવતી વ્યક્તિની નેકીઓને અને તેનાં કાર્યોને બેકાર અને ફાયદા વગરના બતાવવામાં આવેલ છે અને તેની સરખામણી તેવી ધૂળ સાથે કરવામાં આવેલ છે જે કોઈ પથ્થર ઉપર લાગેલી હોય છે પછી તેના ઉપર વરસાદ પડતાં તે ધોવાઈ જાય છે અને તેનું નામોનિશાન બાકી રહેતું નથી. *(જેથી જ અલ્લાહ વ રસૂલના ગુસ્તાખો વહાબી દેવબંદી, ગૈરમુક઼લ્લિદ, મૌદૂદી, ક઼ાદયાની તેમજ શીઆ, રાફઝી વગેરે બદ્અક઼ીદાઓના અમલો ગમે તેવા હશે, જ્યાં સુધી તેમની બદ્અક઼ીદગીથી તૌબા કર્યા વિના અમલો કર્યા કરશે તો તે નિરર્થક છે, તેમના માટે જહન્નમ નિશ્ચિત છે. તેમના અમલોથી અજ્ઞાન જ અંજાશે. –તંત્રી)*

## ★ સંડાસ (લેટ્રીન)માં કા'બા શરીફની તરફ મોઢું અથવા પીઠ કરીને બેસવું ★

હદીષ શરીફમાં છે કે અલ્લાહ તબારક વ તઆલાના રસૂલ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "જ્યારે તમારામાંથી કોઈ પેશાબ અથવા સંડાસ કરે ત્યારે ન તો કા'બા શરીફની તરફ મોઢું કરે અને ન તો પીઠ કરે." *(મિશ્કાત શરીફ, પેજ : ૪૨)*

આ હદીષ શરીફની વિરુદ્ધ સામાન્ય લોકોની તો વાત જ શું કરવી, ખાસ જાણકાર લોકો પણ આ વાતનો ખ્યાલ રાખતા નથી અને સંડાસ અથવા પેશાબ કરતી વખતે સામાન્યપણે કા'બા શરીફની તરફ મોઢું અથવા પીઠ કરીને બેસી જાય છે. ઘરોમાં સંડાસ બનાવતી વખતે મુસલમાનોએ ખાસ આ વાતનો ખ્યાલ રાખવો જોઈએ કે સંડાસની બેઠક એ પ્રમાણે લગાડવી જોઈએ કે બેસનારનું મોઢું અથવા પીઠ કા'બા શરીફની તરફ ન થાય. ભારતમાં સંડાસની બેઠક ઉત્તર–દક્ષિણ રાખવી જોઈએ, પૂર્વ–પશ્ચિમ તરફ ન હોવી જોઈએ. જો કોઈના ઘરે ભૂલથી પણ સંડાસની બેઠક પૂર્વ–પશ્ચિમમાં લાગેલી હોય તો થોડા રૂપિયા ખર્ચ થવાની ફિકર ન કરતાં તરત જ તેને તોડાવીને ઉત્તર–દક્ષિણ તરફ કરાવી લ્યે. શક્ય છે કે અલ્લાહ તબારક વ તઆલાને તેની આ અદા પસંદ આવી જાય અને તેની બખ્શિશ થઈ જાય. હક઼ીક઼તમાં અદબ ખૂબ જ જરૂરી છે, બેઅદબીથી નફરત આવી જાય છે, તબાહી ઈન્સાનને ઘેરી વળે છે જ્યારે અદબથી ખૈરિયત અને બરકત આવે છે, રહમત વરસે છે, જિંદગી શાંતિમય અને સુખરૂપ નીવડે છે.

### ★ નમાઝે જનાઝાના વુઝૂથી જ અન્ય નમાઝ પઢવાનો હુકમ ★

ઘણી જગ્યાઓએ લોકો એવું વિચારે છે કે જે વુઝૂથી જનાઝાની નમાઝ પઢી હોય તે વુઝૂથી બીજી નમાઝો પઢી શકાતી નથી. જો કે આ વિચાર સદંતર ખોટો અને આધાર વગરનો છે. બલ્કે આ જ વુઝૂથી ફર્ઝ નમાઝ હોય અથવા સુન્નત અને નફ્લ દરેક નમાઝ પઢી શકાય છે.

### ★ મૈયતને ગુસ્લ આપ્યા પછી ગુસ્લ કરવાનો મસ્અલો ★

મૈયતને ગુસ્લ આપ્યા પછી ગુસ્લ કરવું બેહતર અને મુસ્તહબ છે પરંતુ જરૂરી નથી કે મૈયતને ગુસ્લ આપનાર ગુસ્લ આપ્યા પછી પોતે ગુસ્લ કરે જ. આ વાતને જરૂરી માનવું ખોટુ છે.

### ★ શું સતર ખુલી જવાથી વુઝૂ તૂટી જાય છે ? ★

સામાન્ય લોકોમાં પ્રચલિત છે કે ઘૂંટણ અથવા સતર પોતાનું અથવા અન્ય કોઈનું જોવાથી વુઝૂ તૂટી જાય છે, આ વાત પાયા વગરની છે. ઘૂંટણ અથવા જાંઘ ખૂલી જવાથી વુઝૂ તૂટતો નથી. અલબત્ત જરૂરત વગર સતર ખુલ્લું રાખવું મના છે અને બીજાની સામે સતર ખોલવું હરામ છે. *(બહારે શરીઅત, ભાગ : ૨, પેજ : ૨૮)*

### ★ લોટો અથવા ગ્લાસને પાંચ આંગળીઓ વડે પકડવાનો મસ્અલો ★

પાણીથી ભરેલ લોટો અથવા વાસણ અથવા ગ્લાસને પાંચ આંગળીઓથી પકડવાને ખરાબ માનવામાં આવે છે અને તેને મકરૂહ સમજવામાં આવે છે. જો કે આ ફક્ત અજ્ઞાનતા છે. પાંચ આંગળીઓથી લોટાને પકડી લેવામાં આવે તો તેનાથી પાણીમાં કોઈ ખરાબી આવશે નહીં.

### ★ દૂધ પીતા બાળકનું પેશાબ પાક છે કે નાપાક ? ★

કેટલાક લોકો સમજે છે કે દૂધ પીતા બાળકનું પેશાબ પાક છે, જો કે ઈન્સાનનું પેશાબ (મૂત્ર) નાપાક જ છે પછી ભલે તે દૂધ પીતા બાળકનું પેશાબ હોય કે મોટા માણસનું હોય. *(ફતાવાએ રઝવિય્યહ, ભાગ : ૨, પેજ : ૧૪૬)*


**કિતાબ મંગાવો ! કિતાબ મંગાવો !**

કિતાબ : **મુનાફિકોનો મસ્જિદમાં પ્રવેશ નિષેધ**

લેખક : **હઝરત અલ્લામા અ.સત્તાર હમદાની સાહબ**

પ્રકાશક : **મર્કઝે અહલે સુન્નત બરકાતે રઝા,**
ઈમામ અહમદ રઝા રોડ, મેમનવાડ, પોરબંદર,
મો. 98793 03557, ફોન : 0286-2246996

કિંમત : રૂ. ૨૫/–

આ કિતાબ ખૂબ જ ઉમદા માહિતી પૂરી પાડે છે. વહાબી, દેવબંદી, તબલીગીને મુનાફિક સમજવામાં આવે છે છતાં સુન્નીઓની તેમને મસ્જિદમાં તેમને શાથી આવવા દેવામાં આવે ? તેમને સુન્નીની મસ્જિદમાં પ્રવેશથી રોકવાનો હુકમ હદીષોથી સાબિત છે એવું દર્શાવે છે બલ્કે ખૂદ નબી કરીમ ﷺ એ મુનાફિકોને નામ લઈ લઈને મસ્જિદમાંથી કાઢયા છે. તો એને વાંચો અને એ સુન્નત પર અમલ કરો. જથ્થાબંધ મંગાવી કિતાબને ફેલાવો. *–તંત્રી :*

# કુર્આન, સાઈન્સ અને સ્વાસ્થ્ય સુરક્ષા

રજૂકર્તા : **મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી** (સદરુલ મુદર્રિસીન દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

**ذالك الكتاب لاريب فيه هدى للمتقين الذين يومنون بالغيب**

"તે પવિત્ર કિતાબ જેમાં શંકાની આવશ્યક્તા નથી. હિદાયત (દીવાદાંડી) છે પરહેઝગારો માટે જેઓ જોયા વિના ઈમાન લાવ્યા." *(સૂરએ બકરહ)*

આ આયતે કરીમામાં અલ્લાહ રબ્બુલ આલમીન ઈર્શાદ ફર્માવે છે કે કુર્આને મુકદ્દસની તમામ વાતો, તમામ એહકામ શંકાથી સંપૂર્ણપણે ખાલી છે. જે લોકો જોયા વિના અલ્લાહ તબારક વ તઆલા તથા તેના એહકામ ઉપર ઈમાન લાવશે તેઓ પરહેઝગાર હશે. આદેશો ઉપર અમલ કરશે તો જરૂર સફળતા તથા નજાત પામશે.

ઉમ્મતે મુસ્લિમા તેમજ સર્વ માનવજાતની સફળતા તથા ભલાઈ, માર્ગદર્શન તથા હિદાયત માટે કુર્આન મુકદ્દસ સરવરે કાઈનાત ﷺ ઉપર નાઝિલ થયું. તેના અહકામ (આદેશો) ક્યાંક તો સ્પષ્ટ વર્ણન કરવામાં આવ્યા છે અને ક્યાંક ઈશારાઓમાં વર્ણવ્યા છે. ઈર્શાદે રબ્બાની છે :–

**وننزل من القرآن ما هو شفاء ورحمة للمومنين**

"અને અમે કુર્આનમાં તે સર્વ હિદાયતો નાઝિલ ફર્માવી જે ઈમાનવાળાઓ માટે શિફા (તંદુરસ્તી) તથા રહમત છે. *(સૂ. અસ્રા)*

અલ્લાહ તબારક વ તઆલાએ આખરી નબી હઝરત મુહમ્મદ ﷺને હિકમત તથા બુદ્ધિમતાનો ખજાનો બનાવ્યા છે. ઈર્શાદે રબ્બાની છે : **وما ارسلنك الا رحمة للعالمين** "આપ (ﷺ)ને સર્વ જહાન માટે રહમત બનાવીને મોકલ્યા." *(સૂ. બકરહ)*

હઝરત ઈબ્રાહીમ عليه السلامએ પોતાના રબથી દુઆ માંગી : **ربنا وابعث فيهم رسولا منهم** "હે અમારા રબ! (પાલનહાર) મોકલ તેઓમાં એક રસૂલ જે તેઓમાં તારી આયતો તિલાવત ફર્માવે અને તેમને તારી કિતાબ તથા પુખ્તા ઈલ્મ શિખવાડે. અને તેઓને સાફ સુથરા કરી આપે." એટલે કે દરેક પ્રકારની બુરાઈ તથા બીમારીઓથી બચવાના ઉપયોગ બતાવે જેથી કૌમ સાફ સુથરી તેમજ તંદુરસ્ત રહે. અલ્લાહ તબારક વ તઆલાએ આદેશ આપ્યો અથવા ઈશારો (નિર્દેશ) ફર્માવ્યો અને હુઝૂર ﷺએ તેના ઉપર અમલ કરીને બતાવી આપ્યું. માત્ર મુસ્લિમ કૌમ સમક્ષ જ નહીં બલ્કે સંપૂર્ણ માનવજાત સમક્ષ શ્રેષ્ઠ અમલી નમૂનો રજૂ કરી આપ્યો. કુર્આનમાં મધ વિશે ઈર્શાદ છે : "લોકો માટે તે શિફા છે." સરકાર ﷺએ પોતે પણ મધનો ઉપયોગ કર્યો અને સહાબીઓને પણ તેના ઉપયોગની તાકીદ ફર્માવી. અલ્લાહ તઆલાએ દારુ, જૂગારને શૈતાની કાર્યો ઠરાવ્યાં. હુઝૂર ﷺએ સખ્તાઈપૂર્વક મનાઈ ફર્માવી આપ્યાં, ભલે ને સહાબીઓ દારુને દવાના રૂપમાં ઉપયોગ કેમ ન કરતા હોય. ટૂંકમાં જીવનના દરેક વિભાગમાં સ્વાસ્થ્ય સુરક્ષા માટેના સમૃદ્ધ નિયમો આપ ﷺએ બતાવી આપ્યા. અહીંયાં ટૂંકમાં સ્વાસ્થ્ય રક્ષણ માટેના અમુક નિયમો કુર્આન તથા હદીષના પ્રકાશમાં રજૂ કરવામાં આવે છે :–

### ★ મધની મહત્વતા ★

મધના ફાયદાઓ સ્પષ્ટ કરતાં અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે :–

**فيه شفاء للناس ان فى ذلك لآية لقوم يتفكرون**

"જેમાં લોકો માટે તંદુરસ્તી છે. બેશક ! તેમાં

નિશાની છે ધ્યાન તથા વિચારણા કરનારાઓ માટે." *(સૂ. નહ્‌લ)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું :–

**علیکم با لشفائین العسل والقرآن** "તમારા માટે તંદુરસ્તી તથા શિફા પામવાના બે આધારો છે : (૧) મધ (૨) કુર્આન. *(ઈબ્ને માજહ)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, "જે વ્યક્તિ દર મહીને કમસે કમ ત્રણ દિવસ સવાર સવારમાં મધ ચાટી લે તેને તે મહીનામાં કોઈ પણ મોટી બીમારી થશે નહીં." *(ઈબ્ને માજહ, બયહકી)* હકીમ જાલીનૂસે લખ્યું છે : અધિક્તર લાઈલાજ બીમારીઓમાં મધથી શ્રેષ્ઠ કોઈ દવા નથી." *(બુસ્તાન)*

### ★ મધની વિશિષ્ટતાઓ ★

મધ શક્તિવર્ધક, સ્વાદિષ્ટ તેમજ પોષક તત્વોથી ભરપૂર એક કુદરતી ઔષધ છે. લકવા જેવી બીમારીમાં મધના પાણીનો શક્તિવર્ધક તેમજ પોષ્ટિક્તાથી ભરપૂર હોવાના કારણે સતત ઉપયોગ કરાવવામાં આવે છે. આજે પણ **Hony Base Tonic**નું મહત્વ ઘણુ છે. લકવાની બીમારીમાં દિમાગની બારીક નસોના બંધ થઈ જવા અથવા જામી જવાને ઠીક કરવા શ્રેષ્ઠ ક્ષમતા ધરાવે છે. આ જ નિયમના આધારે આધુનિક ડોકટરીમાં **Mannitot** તથા **Asprin** આપવામાં આવે છે. તમે વિચારો ! મધમાખી ન જાણે કેટલા ફળો તથા ફૂલોમાંથી રસ ચૂસીને મધ બનાવે છે. તો પછી આવા મધથી શ્રેષ્ઠ કોઈ શક્તિવર્ધક ખોરાક તથા **Medie Priventiv** શું હોય શકે છે ? એટલા માટે જ તો અલ્લાહ તબારક વ તઆલાએ ફર્માવ્યું કે આ ખૂબી ઉપર ગૌરો ફિક્ર (વિચારણા) કરો તમારા માટે તેમાં હજુ પણ અધિક ભલાઈ થશે.

### ★ શરાબના નુકસાનો ★

દારુ, જૂગાર, પાસાથી થતી તબાહીઓ જગજાહેર છે. તેના વિશે કેટલો સ્પષ્ટ ઈર્શાદ છે :–

**انما الخمر والمیسر والانصاب والا زکام رجس من عمل الشیطان، فاجتنبوہ لعلکم تفلحون**

"દારૂ, જૂગાર, મૂર્તિઓ તથા પાસા નાપાક જ છે, શયતાની કાર્યો છે, તેનાથી બચતા રહેજો સફળ તથા કામયાબ થશો." *(સૂ. માઈદહ)*

દારુ, જૂગાર, પાસાને કેટલાક સ્પષ્ટ રીતે વર્ણન કર્યા છે કે તે અત્યંત બુરાં તથા દુષ્ટ કામો છે, તમે તેનાથી દૂર રહેજો ! દૂર રહેશો તો તંદુરસ્તી, ચૈન, સુકૂન, શાંતિથી રહેશો. હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "અલ્લાહ તબારક વ તઆલાએ બીમારી તથા દવા બંને પેદા કરી આપી છે એટલા માટે દવા કરો પરંતુ હરામ વસ્તુઓ દ્વારા નહીં."

બીજી હદીષમાં છે : "હરામ વસ્તુઓમાં શિફા નથી." *(અબૂ દાઊદ)*

અન્ય એક રિવાયત હઝરત તારિક઼ બિન સુવૈદ હઝરમીથી મરવી છે. તેમણે હુઝૂર ﷺની બારગાહમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમારે ત્યાં અંગૂર (દ્રાક્ષ) અધિક સંખ્યામાં પૈદા થાય છે. તેને નિચોવીને શરાબ (દારુ) બનાવી લઈએ છીએ અને પીએ છીએ. આપ ﷺએ ફર્માવ્યું, "ના ! એવું ન કરો !" પછી બીજીવાર મેં અર્ઝ કરી, "અમે બીમારીથી સારા થવા માટે પીએ છીએ." આપ ﷺએ ફર્માવ્યું, "તે શિફા નથી બલ્કે બીમારી છે."

શરાબની હાનિકારક્તા વધી રહી છે. આખી દુનિયામાં દારુની હાનિકારક્તાના પીડિતોની સંખ્યા અગણિત છે. જિગર (હૃદય) તથા સ્નાયુઓ માટે તો શરાબ એક કાતિલ ઝેર છે. દારુના જેટલા ફાયદા નથી તેનાથી બમણા તેનાં નુકસાનો છે. આ સર્વ વાતો સંશોધનાત્મક છે. હવે શરાબના ફાયદાઓ અંગે નહીં બલ્કે તેની હાનિકારક્તા વિશે જગતભરમાં સેમીનારો યોજાય છે. હમણા હાલમાં જ બનારસ હિંદુ યુનિવર્સિટીમાં **G. E. Intrology Seminar** યોજાયો હતો જેમાં દારૂની હાનિકારક્તા વિશે સેમીનાર થયો હતો. જેમાં એક સંશોધકે એક સૂત્ર આપ્યું હતું કે,

"પહેલાં લોકો શરાબ તથા દારુને પીતા હતા, હવે દારુ લોકોને પી જાય છે." તમે ક્યાંય પણ દારુના ફાયદાઓ રજૂ કરતું બોર્ડ નહીં જુઓ. બલ્કે દેખાશે તો એક જ દેખાશે કે દારુ ઝેર છે, તેનાથી પણ અધિક ખતરનાક છે. G.E. સેમીનારમાં તનકવીર સિંઘ આર્યે (પેટની બીમારીઓના સ્પેશિયલીસ્ટ)એ કહ્યું, "દારુ ધીમી મૌત છે, તેને ઓછુ પીવો કે વધારે તેનાથી નુકસાન જ નુકસાન છે."

### ★ ખાવા પીવામાં ફુઝૂલ ખર્ચી ★

કુર્આને મુકદ્દસનો આ આદેશ કેટલો પરિપૂર્ણ તથા વાસ્તવિક્તાથી ભરપૂર છે કે, كلوا واشربو ولاتسرفوا "ખાઓ, પીઓ અને ફુઝૂલ ખર્ચી ન કરો !" *(સૂ. અઅ્રાફ)*

અલ્લાહ તબારક વ તઆલા તથા તેના રસૂલ ﷺએ જે વસ્તુને હલાલ ઠરાવી છે તેને ખાવ, પરંતુ સમતોલન જાળવીને, અને જેને હરામ ઠરાવ્યું છે તેનાથી બચતા રહો."

સરકાર ﷺનું ફર્માન છે, કોઈ ખાલી વાસણને ભરવું એટલુ બુરું નથી જેટલું કે આદમીના ખાલી પેટને ભરવું, માનવી માટે થોડાક કોળિયા પૂરતા છે જે તેની શક્તિને જાળવી રાખે. જો પેટ ભરવાનો જ વિચાર હોય તો એક તૃત્યાંશ ખોરાક, એક તૃત્યાંશ પાણી તેમજ એક તૃત્યાંશ જાનની હિફાઝત (સુરક્ષા) માટે રાખે. *(મુસ્નદે અહમદ, બહારે શરીઅત)*

આ પ્રમાણે ઓછુ ખાવાના ઘણા ફાયદાઓ છે કે હમેશાં તબીઅત (સ્વાસ્થ્ય) આનંદમય તથા તંદુરસ્ત રહેશે. વધારે ખાઈને તંદુરસ્ત થવાનો મતલબ જાડાપણુ (મેદસ્વિતા) નહીં બલ્કે તે તો બીમારીઓનો ભંડાર બની જાય છે. વધારે ખાવું, પીવું, ફુઝૂલખર્ચી તો છે જ એના ઉપરાંત ખાવા, પીવાની વસ્તુઓને બેકાર તથા બર્બાદ કરવી પણ છે. અને પાન, તંબાકુ, ગુટખા, બીડી, સિગારેટ, હુક્કા, ગાંજા, ભાંગ... વગેરે ફુઝૂલખર્ચીમાં જ સામેલ છે. આ બુરાઈમાં આમ પ્રજાની સાથે સાથે ખાસ લોકો પણ એવા સપડાયા છે કે આ વસ્તુઓને તેઓ સંસ્કૃતિ તથા સંસ્કારની ઉત્તમતા તથા શ્રેષ્ઠતા ગણવા માંડયા છે, જેના કારણે તેમની જિંદગી જાનવરોથી પણ બદ્તર થઈ ગઈ છે. જાનવર તો નુકસાનકારક વસ્તુને સુંઘીને અથવા જોઈને મોઢું હટાવી લે છે, પરંતુ આધુનિક યુગનો સંસ્કારી તથા પ્રગતિશીલ કહેવાતો ઈન્સાન બધુ જ જાણવા છતાં આવી કૈફી વસ્તુઓનો આદી થતો જાય છે !

**Dieting** તથા **Balance Dite** વિશે ઘણુ જોર આપવામાં આવે છે. તમે કોઈ નિષ્ણાત ડોકટર પાસે ઈલાજ માટે જશો તો તે ડોકટર તમને ખાવા પીવાની એક લિસ્ટ થમાવી આપશે. એટલા માટે હુઝૂર ﷺના આદેશ મુજબ જો હમેશાં ખાવા પીવામાં મધ્યમતા અપનાવવામાં આવે તો અસંખ્ય બીમારીઓથી રક્ષા મેળવી શકાય છે.

### ★ વ્યક્તિગત સ્વાસ્થ્ય સુરક્ષા ★

**Personal Hygiene** સ્વયં સ્વાસ્થ્ય સુરક્ષા પ્રત્યે પણ ઘણુ જોર આપવામાં આવ્યું છે.

સરકારે મદીના તબીબે ઉમ્મત ﷺએ ફર્માવ્યું, જ્યારે પણ તમે નિદ્રામાંથી જાગૃત થાવ તો જ્યાં સુધી તમારા હાથ ત્રણ વાર ન ધોવાઈ લો ત્યાં સુધી તેને વાસણમાં ન નાખો, કેમ કે તે નથી જાણતો કે તેના હાથે ક્યાં રાત પસાર કરી છે. *(મિશ્કાત)*

હદીષના આ શબ્દો ઉપર જ વિચારણા કરો કે, "હરગિઝ ! પાણીના વાસણ અથવા કોઈપણ વાસણમાં હાથ ન નાખો, જ્યાં સુધી કે તમે પોતાના હાથોને ત્રણવાર ધોઈ ન લો, તમને ખબર નથી કે તમારા હાથે ક્યાં રાત પસાર કરી છે, ક્યાં ક્યાં અડક્યો છે."

આધુનિક સ્વાસ્થ્ય સુરક્ષાના નિયમોમાં એ બતાવવામાં આવ્યું છે કે સવારે ઉઠયા પછી પહેલાં પોતાના હાથ ખાસ કરીને નખોને સાબુ અથવા કોઈપણ **Antiseptic** વડે સાફ કરી નાખો. એટલા માટે કે જ્યારે કે કોઈ વ્યક્તિ સૂઈ જાય છે તો **Thred Worm**ની માદા ચામડીના બહારના ભાગમાં આવી ઈંડાં આપે છે. તેના ચાલવા ફરવાથી ચામડીના

ઉપરના ભાગમાં ખંજવાળ આવે છે, અને બિન ઈરાદે તે વ્યક્તિનો હાથ તે ચામડીને ખંજવાળવા માટે ચાલી નીકળે છે. અને તે (માદા)ના ઈંડાં નખો તથા આંગળીઓ સાથે ચોંટી જાય છે. અને જ્યારે હાથ ધોયા વિના વાસણને અડક્યું અથવા તેવા હાથથી મંજન કરી નાખ્યું અથવા તેવા હાથે કોગળા કરી નાખે તો તે ઈંડાં મોઢાના રસ્તે આતરડાંઓમાં જઈને જીવાણુ પેદા કરે છે, અને આ રીતે **Thred Worm**ની **Lifecycl** પૂરી થાય છે, જેના કારણે તે વ્યક્તિ લોહીની બીમારીનો શિકાર થઈ જાય છે.

### ★ ગુસ્લનો તરીક઼ો (સ્નાન કરવાની રીત) ★

અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

**وان کنتم جنبا فاطهروا**''જો તમે નાપાક હોઉ તો પાક થઈ જાવ કે ગુસ્લ કરી નાખો.''

જુઓ હુઝૂર ﷺએ ગુસ્લ કઈ રીતે ફર્માવ્યું :–

ઉમ્મુલ મો'મિનીન હઝરત મયમૂના رضی اللہ عنہاએ હુઝૂર ﷺને ગુસ્લ માટે પાણી આપી પર્દો કરી આપ્યો. હુઝૂર ﷺએ પહેલાં, બંને હાથ એક એક કરી સારી રીતે ધોયા પછી. ઈસ્તિંજા કર્યો. ત્યાર બાદ હાથ જમીન પર ઘસીને ધોયા. પછી આંગળીઓથી વાળોના મૂળોમાં પાણી પહોંચાડયું. પછી વુઝૂ કર્યું અને શરીર મુબારક ઉપર પાણી વહાવ્યું. મેં શરીર લૂછવા કપડુ આપ્યું તો આપે મના ફર્માવ્યું અને હાથ ખંખેરતા બહાર તશરીફ લાવ્યા.

ઉપરોક્ત ગુસ્લની રીતમાં ખાસ કરીને બે વાતો ઘણી ધ્યાનપાત્ર છે : (૧) ગુસ્લ પહેલાં બંને હાથ સારી રીતે ધોઈને જ ગુસ્લ કરવું જોઈએ. અથવા ઈસ્તિંજા કરી લેવું જોઈએ. (૨) ગુસ્લ કર્યા પછી શરીરને ટુવાલ વગેરેથી લૂછવુ ન જોઈએ, કેમ કે ટુવાલ ગંદો હોય તો શરીર ફરી ગંદુ થઈ જશે. જો **Sterlized** હોય તો કાંઈ વાંધો નથી. એ જ પ્રમાણે ખાવા પહેલાં સારી રીતે હાથ ધોવાનો હુકમ છે, અને કોઈપણ કપડાં અથવા વસ્તુ વડે લૂછવાથી મનાઈ કરવામાં આવેલ છે. આ પદ્ધતિ સફાઈ, સ્વચ્છતા તથા પાકી હાંસલ કરવાની સર્વોતમ પદ્ધતિ છે. એ જ રીતે ઓપરેશન કરતાં પહેલાં **Preprotion** પછી **Unstertized** ટુવાલ વડે હાથ લૂછવાથી સખત મનાઈ કરવામાં આવેલી છે.

વુઝૂમાં વુઝૂના અંગોને જે સફાઈ તથા સ્વચ્છતાની સાથે ધોવામાં આવે છે. જો લોકો જરૂરત વિના પણ એ જ રીતે વુઝૂ કરી લે તો ન જાણે કેટલીયે બીમારીઓથી સુરક્ષિત રહી શકે છે. હુઝૂર ﷺએ વુઝૂનાં અંગોને ધોવા વિશે ફર્માવ્યું, ''જ્યારે બંદો હાથ ધૂએ છે તો તેના હાથ તથા નખોના ગુનોહ ખરી જાય છે. ચેહરો ધૂએ છે ત્યારે આંખો તેમજ ચેહરાના ગુનાહો ધોવાઈ જાય છે. ગુનાહ ખરી જવા તથા ધોવાઈ જવાનો અર્થ દરેક પ્રકારની ગંદકી તથા ગુનાહોનું દૂર થઈ જવું છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે જો મારી ઉમ્મત પર બોજ ન પડત તો હું પાંચેવ સમયે મિસ્વાક કરવાને ફર્ઝ કરી આપત. સરકાર ﷺના આ ફર્માનથી દાંતો તથા મોઢાની સફાઈની મહત્વતાને સમજી શકાય છે.

### ★ ચેપી રોગોથી આગામી સુરક્ષા ★

હુઝૂર ﷺએ ફર્માવ્યું, તમારા વાસણોને ઢાંકી આપો તથા મશકોના મોઢાં બાંધી રાખો, પાણીનાં વાસણો બંધ કરી રાખો, એટલા માટે કે વરસમાં એક રાત એવી આવે છે જેમાં બલા મુસીબત નાઝિલ થાય છે, જે વાસણો ઉપર ઢાંકણુ ન હોય અથવા જે મશકોનું મોઢું બંધ કરવામાં ન આવ્યું હોય તો તેમાં બીમારી પડી જાય છે. આ હદીષમાં ચેપી રોગો ભલે તે પાણીથી ફેલનાર હોય અથવા ખોરાકથી હોય તેની પૂર્વ નિદાન તથા સુરક્ષાની કેટલી સ્પષ્ટ હિદાયત તથા તાકીદ કરવામાં આવી છે. એટલા માટે જ વાસણોને ઢાંકવા તથા પાણીનાં વાસણોનું મોઢું બંધ કરવાની તાકીદ કરવામાં આવી છે. આનાથી ચેપી રોગોથી સુરક્ષા તો થશે જ સાથો સાથ ખાવા પીવાનાં વાસણો પણ અન્ય ગંદકીઓથી સુરક્ષિત રહેશે.

બીજી હદીષમાં ઈર્શાદ છે, ''કોઈ બીમારી

ફેલાવનાર કોઈ તંદુરસ્ત પાસે જાય અને ક્યારેક એવો મોકો આવી જાય કે કોઈ Intected બીમારીનો ભેટો થઈ જાય તો જેમ કે હુઝૂર ﷺ સાથે એક રક્તપિત્તવાળા (કોઢી) વ્યક્તિએ વાતચીત કરી તો આપ ﷺએ એક અથવા બે તીર જેટલું અંતર રાખ્યું. સરકાર ﷺના આ તરીકાથી સાબિત થાય છે કે કોઈ બીમાર હોય અને તેની સાથે વાતચીત કરો પરંતુ દૂરી બનાવી રાખો.

ચેપી રોગો ફેલાઈ જવાની સ્થિતિમાં હિદાયતે નબવી છે કે જ્યારે કોઈ શહેર કે ઈલાકામાં વબા અથવા તાઉન (પ્લેગ) ફેલાય જાય અને તમે ત્યાં પહેલાંથી જ ઉપસ્થિત હોઉં તો મૌતની બીકથી ત્યાંથી નીકળીને ન ભાગો, બચાવનાર અલ્લાહ છે. અને આપણને કોઈ પ્લેગ કે વબા સાંભળવામાં આવે તો તે જગ્યાએ તમે ન જાવ. *(બુખારી શરીફ)*

ચેપી રોગથી પૂર્વ નિદાન તથા આગામી રીતે બચવાનો આધુનિક તથા સાઈન્ટિફિક ઉપાય પણ આ જ પ્રમાણે છે.

**★ વાતાવરણની ગંદકી ★**

આ વિશે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે તમારાં ઘરો તથા આંગણાઓમાં યહૂદીઓની જેમ કચરો ભેગો ન કરો. પરંતુ અફસોસ ! આજે એ છે કે ગંદી વસ્તી તથા ગંદકી ધરાવતો માહોલ આજે મુસ્લિમ વસ્તીઓની ઓળખ બની ગઈ છે ! હદીષોમાં "તિબ્બે નબવી" વિશે એક વિસ્તૃત તથા પ્રકાશિત પ્રકરણ છે જેને આમ કરવાની જરૂરત છે. જો મુસલમાન સંપૂર્ણપણે તેના ઉપર અમલ કરે તો જાતે પણ તંદુરસ્ત રહી શકે છે અને બીજાઓ માટે પોતે ઉદાહરણ પણ બની શકે છે. પરંતુ અફસોસ ! સરકાર ﷺએ સ્વાસ્થ્ય સુરક્ષા માટેના જે નિયમો બનાવ્યા છે મુસ્લિમો તેનાથી ઘણા દૂર દેખાઈ રહ્યા છે. હુઝૂર ﷺ સર્વ જગતો માટે રહમત તથા કૃપા બનાવીને મોકલવામાં આવ્યા છે એટલા માટે તેમના આદેશો તેમજ તેમની કાર્યપદ્ધતિઓને આમ કરવાની જરૂરત છે.

અંતમાં આ આદેશ તથા આયતે કરીમાને તખ્તી ઉપર સુવર્ણ શબ્દોથી લખીને મકાનો ઉપર લટકાવવાં જોઈએ તથા તેની ઉપર અમલની જરૂરત છે : **ان الله يحب التوابين و يحب المطهرين** "બેશક ! અલ્લાહ તઆલા તૌબા કરનાર તથા પાક સાફ સુથરા રહેનારાઓને પસંદ કરે છે." *(અશ્રફિયા, જુલાઈ–૨૦૦૫)*

## દિલના ઊંડાણથી આભારી છીએ !

રમઝાન મુબારક દરમ્યાન ગુજરાતભરમાં તેમજ અન્ય રાજ્યો, દેશોમાં જ્યાં જ્યાં ગુજરાતી સુન્નીઓ વસે છે ત્યાં **બરકાતે ખ્વાજા (માસિક)–દયાદરા**ના ગ્રાહકો કરવામાં તેમજ **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા** તથા **ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા** તેમજ **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ**ને સહાયતા કરવામાં જેણે જેણે જે રીતે પણ સહકાર કર્યો છે તે સૌના અમો ખૂબ ખૂબ આભારી છીએ.

ઘણા સુન્ની બિરદારોએ તદન નિઃસ્વાર્થપણે નિખાલસતાથી દીન તથા સુન્નિયતની ખિદમતના જઝબા સાથે આ સંસ્થાઓને ભરપૂર સહકાર કર્યો છે તે બદલ આભાર ! જઝાકુમુલ્લાહુ ખૈરૂન !

રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં સૌને બંને જહાનમાં બેહતરીન બદલો તેની શાને કરીમી મુજબ અતા કરે અને સૌની દીની, દુનિયવી, ઉખરવી સર્વ આફત, બલાઓ, બીમારીઓ, મુસીબતોને દૂર ફર્માવી તેમને તેમની ઔલાદને બંને જહાનમાં આબાદ રાખે. (આમીન)

***–(પ્રમુખ) પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી*** *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*



# હઝરત નૂરાનીબાબા પેટલાદી رحمۃ اللہ علیہ ની

## નૂરાની હયાતની એક ઝલક

અઝ : **જનાબ તૌફીક઼ભાઈ વહોરા પેટલાદી** *(મુતઅલ્લિમ : જામિઆ અશ્રફિયા, મુબારકપુર)*

અલ્લાહ તઆલાએ લોકોની રૂશ્દો હિદાયત માટે કેટલાક મખ્સૂસ બંદાઓને પસંદ કર્યા. એવા જ મખ્સૂસ બંદાઓમાંથી એક મુજાહિદે ઈસ્લામ, હમદર્દે કૌ઼મે મિલ્લત, પીરે તરીક઼ત, રહબરે શરીઅત, મોહસિને સુન્નિયત, ઈલ્મ દોસ્ત હુઝૂર અશ્શાહ નૂરાનીબાબા પેટલાદી رحمۃ اللہ علیہની મુબારક જાત છે.

**જન્મ મુબારક :** આપ હુઝૂર સૈયદ મુહમ્મદ નૂરાની બાબા رحمۃ اللہ علیہએ ૨૮ ઓગષ્ટ ૧૯૨૮, ૧૧ રબીઉલ અવ્વલ હિ.સ. ૧૩૪૭માં પોતાના પૂર્વજોના વતન પેટલાદ શહેરમાં આ ફાની દુનિયામાં આવવા પોતાની નૂરાની આંખો ખોલી

**નામ વ નસબ :** આપના વાલિદૈન (માતા, પિતા)એ આપના નૂરાની ચહેરાની નૂરાનિયત જોઈ આપનું નામ મુબારક "મુહમ્મદ નૂરાનીબાબા" રાખ્યુ. આપના વાલિદનું નામ પીર સૈયદ હૈદર અલી શાહ رحمۃ اللہ علیہ અને વાલિદાનુ નામ સદરુન્નિશા હતુ. આપનો નસબી તઅલ્લુક઼ાત સૈયદુશ્શોહદા ઈમામ હુસૈન رضی اللہ عنہના ફરઝંદે પાક ઈમામ ઝૈનુલ આબિદીનના શાહઝાદા અબુલ હસન ઝૈદ શહીદ મઝલૂમની ઔલાદે પાકથી હતો, જે ખાનદાને ઝૈદિયાથી મશ્હૂર છે.

**ઘરેલું જિંદગી :** આપની નૂરાની શાદી પેટલાદ શહેરના રહેવાસી સૈયદ ઘરનામાં હઝરત આબેદા તાહિરા હબીબુન્નિસા સાથે થઈ હતી. આપના બતન મુબારકથી એક શહઝાદા યૂસુફબાબા અને એક શહઝાદી હુસ્નાબાનુનો જન્મ થયો.

**નૂરાની હુલ્યો :** આપની ઊંચાઈ સાડા પાંચ ફૂટ હતી. નૂરાની ચેહરા, ભરાવદાર છાતી અને પેશાની મુબારક પર બુલંદીની નિશાનીઓ ધરાવતા હતા. દરેક વખતે માથા પર નૂરાની સાફો, હાથમાં અસા (લાઠી) ખભા પર લીલા રંગનો મોટો રૂમાલ રાખતા હતા.

**બૈત વ ખિલાફત :** હુઝૂર નૂરાનીબાબા رحمۃ اللہ علیہએ શૈખે તરીક઼ત, રહબરે શરીઅત, મોહસિને કૌ઼મો મિલ્લત, તાજદારે અશ્રફિયત, હુઝૂર સૈયદ શાહ મુખ્તાર અશ્રફ ઉર્ફે હુઝૂર સરકારે કલાં કછોછવી رحمۃ اللہ علیہના મુબારક હાથો પર બૈત કરી હતી.

આપને પોતાના ખાનદાની સિલસિલા ક઼ાદરિયહ્ નક઼્શબંધિયહ્ મુજદ્દિદિયહ્ની ખિલાફત પોતાના વાલિદ હુઝૂર સૈયદ હૈદર અલી શાહ رحمۃ اللہ علیہથી પ્રાપ્ત હતી. ત્યાર પછી હુઝૂર સરકારે કલાં رحمۃ اللہ علیہએ આપને ઈજાઝત વ ખિલાફતથી નવાજ્યા. બરેલી શરીફથી આપને હઝરત અલ્લામા મૌલાના સુબ્હાની મિયાંએ આપને ઈજાઝત વ ખિલાફત અર્પણ કરી અને મારેહરા મુતહ્હરાથી ગુલે ગુલ્ઝારે બરકાતિયા, શાઈરે બેમિષાલ પીરે તરીક઼ત હુઝૂર સૈયદે મિલ્લત હસ્નૈનમિયાં નઝમી مدظلہ العالیએ આપને ઈજાઝત વ ખિલાફતથી સરફરાઝ ફર્માવ્યા. આ રીતે આપ હુઝૂર નૂરાનીબાબા رحمۃ اللہ علیہ અશ્રફી, રઝવી, બરકાતી ત્રણે વ સિલસિલાએ આલિયાના સંગમ હતા.

**રૂહાની ઈજાઝત :** હુઝૂર નૂરાની બાબા رحمۃ اللہ علیہને રૂહાની ઈજાઝત હુઝૂર કુત્બે મદીના ઝિયાઉદ્દીન મદની رحمۃ اللہ علیہ (ખલીફએ હુઝૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہ)થી પ્રાપ્ત હતી. હુઝૂર નૂરાનીબાબાને હુઝૂર કુત્બે મદીનાથી ખાસ સોહબત અને લગાવ હતો. અને કુત્બે મદીનાએ આપને ખૂબ ખૂબ ફયૂઝો બરકતથી પણ નવાજ્યા હતા અને જ્યારે પણ વાતચીતના દરમ્યાન કુત્બે મદીનાનું નામ આવતું તો આપની નૂરાની આંખો નૂરાની મોતીઓથી ભરાઈ આવતી હતી.

**હજ્જ વ ઝિયારત :** દરેક આશિકે રસૂલ ﷺની એ તમન્ના હોય છે કે તે અલ્લાહ તબારક વ તઆલાનું ઘર કા'બા શરીફ અને રોઝએ નબવીની ઝિયારતથી મુશર્રફ થાય. હુઝૂર નૂરાનીબાબા પેટલાદી رحمۃ اللہ علیہની પણ આ જ તમન્ના અને દિલી ખ્વાહિશ હતી કે હરમૈન શરીફૈન અને રૌઝાએ નબવીની ઝિયારતથી પોતાની આંખોથી મુશર્રફ થાય, જેથી કરીને આપની આ તમન્ના પ્રથમવાર ઈ.સ. ૧૯૭૫માં પૂર્ણ થઈ. ત્યાર પછી આપે પોતાની નૂરાની આંખોથી નૂરાની કા'બા શરીફ અને રોઝએ નબવી ﷺની ઝિયારત ૯ વખત ફર્માવી, એટલું જ નહીં ઈશ્કે રસૂલ ﷺમાં મગ્ન રહેનાર હુઝૂર નૂરાનીબાબા પેટલાદી رحمۃ اللہ علیہએ પોતાની ૧૦ હજ્જમાં ૪ વખત બાય રોડ (જમીની રસ્તા)થી હરમૈન શરીફૈનની ઝિયારત ફર્માવી.

**શર્ફે મુલાકાત :** હુઝૂર નૂરાની બાબા પેટલાદી رحمۃ اللہ علیہની ઝાત મુબારક ફક્ત એક પીર તરીકેની જ ન હતી, બલ્કે આપ તો એક ઈલ્મ દોસ્ત, ઓલમાની કદર કરનાર હતા. આપની મુલાકાત અને બેઠક પોતાના જમાનાના મશહૂરો મા'રૂફ ઓલમા અને બુઝુર્ગો સાથે હતી જેઓનાં નામ આ પ્રમાણે છે :–

કુત્બે મદીના હઝરત અલ્લામા ઝિયાઉદ્દીન મદની رحمۃ اللہ علیہ, રઈસુલ કલમ હઝરત અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہ, ખતીબે મશ્રિક હઝરત અલ્લામા મુશ્તાક અહમદ નિઝામી رحمۃ اللہ علیہ, હુઝૂર સરકારે કલાં કછૌછવી رحمۃ اللہ علیہ.

હઝરત અલ્લામા વ મૌલાના સૈયદ મુહમ્મદ મદની મિયાં કિબ્લા مدظلہ العالی, હઝરત સૈયદે મિલ્લત આલે રસૂલ હસ્નૈન મિયાં નઝમી સાહબ કિબ્લા مدظلہ العالی, હુઝૂર તાજુશ્શરીઅહ્ હઝરત અલ્લામા વ મૌલાના મુફ્તી અશ્શાહ અખ્તર રઝાખાં કાદરી مدظلہ العالی, હઝરત અલ્લામા વ મૌલાના સુબ્હાનીમિયાં કિબ્લા مدظلہ العالی, ખતીબે ઝીશાન હઝરત અલ્લામા વ મૌલાના કમરુઝ્ઝમાં કિબ્લા مدظلہ العالی, હઝરત અલ્લામા વ મૌલાના શાકિર અલી નૂરી રઝવી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી).

આ નૂરાની શખ્સિયતોના સિવાય બીજી કેટલીક નૂરાની શખ્સિયતોની સાથે હુઝૂર નૂરાનીબાબા પેટલાદી رحمۃ اللہ علیہની ઘણી સારી બેઠક હતી.

**દીની ખિદમાત :** હુઝૂર નૂરાનીબાબા પેટલાદી رحمۃ اللہ علیہની આખી જિંદગી દીને ઈસ્લામની ખિદમાતોથી ભરેલી છે. આપ દીની ખિદમતોની પુષ્કળ ધગશ ધરાવતા હતા અને આપ દીની વ ઈલ્મી ખિદમતમાં આગળ વધીને ભાગ લેતા હતા. અને પોતાના મુરીદોને પણ દીની ખિદમતની તલ્કીન કરતા હતા. આપે એહલે સુન્નત અને મસ્લકે આ'લા હઝરતની ઈશાઅત (ફેલાવા માટે) અને દેવબંદિયત, વહાબિયતની રદમા બેમિષાલ ખિદમત અંજામ આપી હતી. આપ ખાસ કરીને ગુજરાતમાં બળદગાડી, સાઈકલ વગેરે સવારી સાથે સફર કરીને મુરીદોને સીધી રાહ બતાવતા અને તેઓની હિદાયત માટે પોતાના ખર્ચાથી તશરીફ લઈ જતા. સુન્ની ઓલમાની કિતાબોનો દર્સ આપતા અને વહાબીઓની કુફ્રી ઈબારતો બયાન કરી તેનો રદ કરતા અને લોકોને હક્ક નાહક્કની ઓળખ કરાવતા હતા. આપે બેશુમાર ખિદમાતો ઈંગ્લેન્ડમાં પણ અંજામ આપી હતી. આપ ૧૯૭૧માં ઈંગ્લેન્ડમાં તશરીફ લઈ ગયા અને ત્યાં જ મુકીમ રહ્યા. આપ ભારતથી સુન્ની ઓલમાની કિતાબો લઈ જતા, ત્યાંના લોકોને તેનુ વાંચન કરવાની તલ્કીન કરતા અને ભારતથી આપે કેટલાય ઓલમા, મુકર્રિરોને બોલાવી ઈંગ્લેન્ડમાં પ્રોગ્રામો કરાવ્યા, આ રીતે આપે વિદેશમાં અહલે સુન્નત વ જમાઅત અને

મસ્લકે આ'લા હઝરત رحمۃ اللہ علیہનો ઝંડો બુલંદ કર્યો.

કેટલીયે મસ્જિદો મદ્રસાઓ અને દારુલ ઉલૂમો આપની સરપરસ્તીમા ચાલતા હતા, જેવી રીતે કે દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ થામ (જિ. ભરૂચ) તથા દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી દયાદરા (જિ. ભરૂચ) આપની નૂરાની હયાત સુધી આપની નૂરાની સરપરસ્તીમાં ચાલતા હતા અને આજે પણ આપની રૂહાની સરપરસ્તીમાં ચાલે છે. શહેર પેટલાદમાં મદ્રસાઓ તો હતા અને પણ એક દારુલ ઉલૂમની કમી હતી કે જેથી કરીને પેટલાદની આસપાસના તાલિબે ઈલ્મો હાફિઝે કુર્આન, આલિમ, કારી વગેરે બનીને દીનની ખિદમત અંજામ આપે. જેથી કરીને આપે અને પેટલાદના કેટલાક ઈલ્મ દોસ્ત લોકોએ સાથે મળીને આ કમીને જોઈ એક દારુલ ઉલૂમ બનામે દારુલ ઉલૂમ કાદરિયા રઝવિય્યાના નામથી કાયમ કર્યું અને દારુલ ઉલૂમની સંગે બુનિયાદ આપ હુઝૂર નૂરાનીબાબા પેટલાદી رحمۃ اللہ علیہના નૂરાની હાથોથી રાખવામાં આવી. આ પ્રમાણેની પુષ્કળ હુઝૂર નૂરાનીબાબા પેટલાદી رحمۃ اللہ علیہની ખિદમતો છે કે જેને કૌમે મુસ્લિમ વર્ષો વર્ષ સુધી નથી ભૂલાવી શકતી.

તંત્રી બરકાતે ખ્વાજા (માસિક) દયાદરા પોતાનો અનુભવ જણાવે છે કે, "વહાબી, દેવબંદી વગેરે બાતિલ ફિર્કાવાળાઓના આપ દુશ્મન હતા. આપની મજલિસમાં તેઓની રદ થતી રહેતી. ૧૯૯૭માં આપની પ્રિય તેહરીક "સુન્ની દા'વતે ઈસ્લામી"ના વાર્ષિક ઈજતેમામાં U.K. જવાનુ થયું હતું જે આપ હઝરતની સદારતમાં થયો હતો, ત્યારે આપના ઘરે બોલ્ટન હાજરી આપી હતી ત્યાં પણ આપે કિતાબ સાથે રાખીને તેમની રદમાં ચર્ચા કરીને લોકોને તેમનાથી બચવાની તાકીદ કરી હતી. અને ઈન્ડિયા તશરીફ લાવ્યા ત્યારે રૂબરૂ મુલાકાતમાં મને હઝરત અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہની "તબ્લીગી જમાઅત"ની પોલ ખોલતી કિતાબ "તબ્લીગી જમાઅત સત્યના પ્રકાશમાં"ની જૂની એડિશન આપીને એને છપાવવા તાકીદ કરી હતી. અફસોસ ! કે અનિવાર્ય સંજોગોને કારણે એ કિતાબ આપના વિસાલ મુબારક પછી પ્રસિદ્ધ થઈ શકી. (હાલ પણ એ કિતાબની ડિમાન્ડ છે પણ સ્ટોકમાં નથી.) અલ્લાહ તબારક વ તઆલા એ નૂરાની હસ્તી નૂરાનીબાબા رحمۃ اللہ علیہની કબ્ર પર અગણિત રહમતોની કયામત સુધી વર્ષા કરે." (આમીન)

**હુસ્ને અખ્લાક઼** : આપ નબી કરીમ صلی اللہ علیہ وسلمની સુન્નતે મુબારકા હુસ્ને અખ્લાકના પયકર હતા. આપનો નૂરાની હસમુખો ચહેરો જોતાં જ દિલને તસલ્લી થઈ જતી. મુરીદો મુલાકાતીઓ સાથે ખૂબ જ પ્રેમભાવથી નમ્રતાથી મળતા, વાત કરવાનો અંદાઝ તસલ્લીબક્ષ હતો, દુઆઓથી નવાઝતા, નજીક બેસાડી જાણે પ્રેમાળ હુંફ આપી તેના દિલની ઉદાસી મનોવ્યથા, દુ:ખને દૂર કરી આપતા. તોછડાપણુ કે તુંડમિજાઝીપણુ તથા બનાવટી ભપકો કરવાની ટેવ આપનાથી માઈલો દૂર હતી. સૌની સાથે નમ્રતા તથા આજીજીભર્યો વહેવાર કરી તેમનું દિલ જીતી લેતા.

**નૂરાની વફાત** : દીને ઈસ્લામની બેશુમાર ખિદમાત અંજામ આપનાર આ મુજાહિદે ઈસ્લામ, મોહસિને કૌમો મિલ્લત હુઝૂર અશશહાહ નૂરાનીબાબા رحمۃ اللہ علیہએ ૨૦ શવ્વાલ હિ.સ. ૧૪૨૨, ૧૬ જાન્યુઆરી ઈ.સ. ૨૦૦૨, મંગળવારની રાત્રે ૧૨:૨૦ વાગ્યે પોતાના ઘર પેટલાદમાં આ ફાની દુનિયાને અલવિદા કહી. આપની નમાઝે જનાઝા હઝરત અલ્લામા મૌલાના સૈયદ મુહમ્મદ મદનીમિયાં કછોછવી مدظلہ العالیએ પઢાવી હતી. આપની દફન ક્રિયામાં હજારો લોકો શરીક થયા હતા.

**સજ્જાદાનશીન વ ખલીફા વ મુરીદીન** : આપની નૂરાની વફાત પછી આપના ફરઝંદ હઝરત યૂસુફ બાબા સાહબ કિબ્લા ગાદીનશીન થયા.

આપે પોતાની નૂરાની હયાતમાં ફક્ત ત્રણ જ હઝરતોને ખિલાફતથી નવાજ્યા હતા : (૧) હઝરત સૈયદ હસનઅલી ચાંચવેલ (૨) હઝરત સૈયદ શૌકતઅલી જંબુસર (૩) હઝરત યૂસુફબાવા

આપના મુરીદો ભારત, ઈંગ્લેન્ડ, હોલેન્ડ, બેલ્જીયમ, આફ્રિકા અને બ્રિટન વગેરેમાં ફેલાયેલા છે.

# સૂર્ય પાછો ફેરવવાના મો'જિઝાની હક્કાનિયત

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

સહબા (એક જગ્યા)ના સ્થળે મૌલાએ કાઈનાત અલી શેરે ખુદા کرم اللہ وجہہ الکریم ની અસરની નમાઝ કઝા થઈ ગઈ, તો આપના માટે મુખ્તારે કાઈનાત સરવરે આલમ ﷺએ એક ઈશારાથી ડૂબી ગયેલો સૂરજ પાછો બોલાવી લીધો. ઈસ્લામી ઈતિહાસમાં આ ઘટનાને મો'જિઝએ રદ્દે શમ્સ (સૂર્યને પરત કરવાનો મો'જિઝો) કહેવામાં આવે છે અને જે હદીષમાં એનું વર્ણન છે તેને હદીષે મોઅ્જિઝએ રદ્દે શમ્સ (સૂર્યને પરત કરવાના મોઅ્જિઝાનું વર્ણન કરતી હદીષ) કહેવામાં આવે છે. આ એક એવો મોઅ્જિઝો હતો જેનાથી રસૂલુલ્લાહ ﷺના માલિકે મુખ્તાર હોવાનો પ્રબળ પુરાવો મળે છે એટલે જ તો મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ આ મોઅ્જિઝાને દલીલ બનાવી ઈખ્તિયારાતે મુસ્તફા ﷺનો ઈન્કાર કરતી નજદી વહાબી કૌમને આ રીતે સંબોધે છે :–

**સૂરજ ઉલ્ટે પાઉં પલ્ટે, ચાંદ ઈશારે સે હો ચાક**
**અંધે નજ્દી દેખ લે કુદ્રત રસૂલુલ્લાહ કી !**

ઈમામ શઅરાની મોઅ્જિઝાની વ્યાખ્યા કરતાં ફર્માવે છે : એ કાર્ય જેને અલ્લાહ તઆલાએ નુબુવ્વતનો દાવો કરનારાના હાથો પર ખારિકે આદતના રૂપે (સામાન્ય કુદરતી નિયમ વિરુદ્ધ) તેના દાવાના સમર્થન માટે જાહેર ફર્માવે છે તેને મોઅ્જિઝો કહેવામાં આવે છે, અને એ કાર્ય અલ્લાહ તઆલાના આ ફર્માન انت رسولیના સમાન છે. આનાથી નુબુવ્વતનો દાવો કરનારનું સમર્થન થાય છે. *(હુજજતુલ્લાહે અલ્લ આલમીન, ભાગ : ૧/૩૭, ૩૮, બરકાતે રઝા)*

હવે મુહદ્દિષીન, મુફસ્સિરીન અને મોઅ્તબર ઉલ્માના કથનોની રોશનીમાં પુરવાર કરીશું કે મોઅ્જિઝએ રદ્દે શમ્સવાળી હદીષ એક મકબૂલ અને ભરોસાપાત્ર હદીષ છે, મનઘડત હોવા સાથે તેને દૂરનો પણ સંબંધ નથી. જેમ કે આજકાલ પોતે ઈલ્મવાળા હોવાની ડિંગો હાંકનારા પોતાની જૂઠી ખ્યાતિ માટે આવી ઘણી બધી મકબૂલ અને મોઅતબર હદીષોને મનઘડત હોવાનો પ્રોપેગન્ડો કરી રહ્યા છે.

ઈમામ કસ્તલાની "મવાહિબે લદુન્નિયા"માં ફર્માવે છે કે જ્યાં સુધી નબીએ કરીમ ﷺ માટે સૂરજના પાછા ફરવાનો સંબંધ છે તો એ વિશે હઝરત અસ્મા બિન્તે અમીસ رضی اللہ عنہاની રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ પર વહી નાઝિલ થઈ રહી હતી અને આપનુ સરે અકદસ હઝરત અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم ના ખોળામાં હતુ, અને તેમણે હજુ અસરની નમાઝ ન પઢી હતી, ત્યાં સુધી કે સૂરજ ડૂબી ગયો. રસૂલુલ્લાહ ﷺએ એમને પૂછયું, અલી ! શું તમે અસરની નમાઝ અદા કરી ? અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હજુ નથી પઢી ! તો આપે આ શબ્દોમાં દુઆ ફર્માવી, હે અલ્લાહ ! અલી મુર્તઝા તારી અને તારા રસૂલની ઈતાઅત અને ખિદમતમાં હતા, એમના માટે સૂરજને પાછો ફેરવી દે." અસ્મા બિન્તે અમીસ ફર્માવે છે, મેં જોયું કે ડૂબી ગયેલો સૂરજ ફરી નીકળી આવ્યો અને તેનો પ્રકાશ પહાડો અને જમીન પર પડવા લાગ્યો.

ઈમામ તહાવીએ આ રિવાયતને નકલ કરી છે. આપ ફર્માવે છે કે અહમદ બિન સાલેહ કહેતા કે જેને ઈલ્મે દીનથી સંબંધ છે તે અસ્મા બિન્તે અમીસવાળી

હદીષને યાદ કરવામાં પાછળ ન રહે કારણ કે આ હદીષ ફૈઝાને નુબુવ્વતની પહેચાન અને દલીલ તથા તેની રોશનીની નિશાનીઓમાંથી એક છે.

આ હદીષને ઈમામ તહાવી અને કાઝી અયાઝ رضی اللہ عنہما એ સહીહ કહી છે, ઈબ્ને મુન્દા અને ઈબ્ને શાહીને હદીષે અસ્માથી એની તખ્રીજ કરી છે અને ઈબ્ને મરદવિયાએ આ હદીષ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરી. તબ્રાનીએ સનદે હસનની સાથો હઝરત અસ્મા رضی اللہ عنہا થી નક્લ કરી, તબ્રાનીના શબ્દો આ પ્રમાણે છે :–

હઝરત અસ્મા બિન્તે અમીસ رضی اللہ عنہا થી રિવાયત છે : રસૂલુલ્લાહ ﷺ એ સહ્બાના સ્થળે ઝોહરની નમાઝ પઢી અને અસરની નમાઝ પછી હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને બોલાવ્યા, જયારે તેઓ આવ્યા તો આપે એમના ખોળામાં પોતાનું સરે અક્દસ રાખી દીધુ. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ આપને હલાવવું યોગ્ય ન સમજ્યું ત્યાં સુધી કે સૂરજ ડૂબી ગયો. જયારે આપ ﷺ ની આંખ ખુલી તો આપે જોયું કે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની અસ્રની નમાઝનો સમય જતો રહ્યો છે તો આપે દુઆ ફર્માવી, હે અલ્લાહ ! તારો બંદો અલી તારા નબીની ખિદમતમાં હતો, તું સૂર્યને પૂર્વ તરફ ફેરવી દે ! હઝરત અસ્મા બિન્તે અમીસ رضی اللہ عنہا ફર્માવે છે કે સૂર્ય પાછો ફરીને એટલે ઊંચે સુધી નીકળી આવ્યો કે તેનો તડકો (અજવાળુ) પહાડો પર અને જમીન પર પડવા લાગ્યો. ત્યાર પછી હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ ઉઠીને વુઝૂ કર્યું અને અસરની નમાઝ અદા કરી, પછી સૂર્ય ડૂબી ગયો.

યુનૂસ બિન બક્રએ ઝિયાદતે મુગાઝીમાં ઈબ્ને ઈસ્હાક્થી એક બીજી રિવાયત કરી જેને કાઝી અયાઝે નક્લ કરી છે કે સરકારે દો આલમ ﷺ ને મેઅ્રાજ કરાવવામાં આવી અને આપે પોતાની કૌમને વેપારી કાફલાની ખબર આપી અને ઊંટોની નિશાની બતાવી તો એમણે પૂછયું કે એ કાફલાવાળા ક્યારે પહોંચશે ? આપે ફર્માવ્યું, બુધવારે. બુધવારે કુરૈશના લોકો એ કાફલાનો ઘણી જ આતૂરતાથી ઈંતેઝાર કરવા લાગ્યા, ત્યાં સુધી કે દિવસ ઢળવા લાગ્યો અને કાફલો હજુ સુધી પહોંચ્યો ન હતો, રસૂલુલ્લાહ ﷺ એ દુઆ ફર્માવી તો આપના માટે સૂરજ રોકી દેવામાં આવ્યો અને તે સમય તથા દિવસને વધારે લાંબો કરી દેવામાં આવ્યો. *(હુજ્જતુલ્લાહિ અલલ્ આલમીન, ભાગ : ૧/૨૩૯, બરકાતે રઝા)*

એમાં કોઈ શંકા નથી કે બુખારીની રિવાયતોમાં આ હદીષનું વર્ણન નથી, પરંતુ **કોઈ હદીષનું બુખારીમાં ન હોવું એ વાતની દલીલ નથી કે તે હદીષ બેઅસ્લ અને મનઘડત હોય.** ઈમામ બુખારી رضی اللہ عنہ ને ૬ લાખ હદીષો મોઢે હતી, એ ૬ લાખ હદીષોમાંથી ચૂંટીને એમણે બુખારી શરીફનું સંપાદન કર્યું, એમાંય વારંવાર આવતી સમાન હદીષોની પણ ગણત્રી કરવામાં આવે તો પણ **બુખારી શરીફની કુલ હદીષો બે હજાર સાતસો એકસઠ સુધી પહોંચે છે.** બાકીની હદીષો જે ઈમામ બુખારી رضی اللہ عنہ ને યાદ હતી **તે હદીષો જાહેર છે કે બેઅસ્લ અને મનઘડત નહીં હોય બલ્કે નિશ્ચિત રીતે તે હદીષો પણ સહીહ અથવા હસન જ હશે, તે પછી તે હદીષો ક્યાં ગઈ ?** આનો જવાબ એ જ થશે કે બીજા મુહદ્દિષોએ એ જ હદીષો અને અમુક બીજી હદીષોને પોતાની કિતાબોમાં લખી છે, એમ જ ઉપરોક્ત હદીષને પણ ઘણા બધા મુહદ્દિષોએ પોતાની કિતાબોમાં લખી છે.

અલ્લામા જવઝીએ પોતાની આદત પ્રમાણે આ હદીષો પર જે ટીપ્પણી કરી તેને મનઘડત કહી છે એનો કોઈ એ'તેબાર નથી. જેમ કે અલ્લામા અયની ઉમ્દતુલ કારી, ભાગ : ૭/૧૪૬માં લખે છે : "અલ્લામા જવઝીની ટીપ્પણીઓ ધ્યાન દોરવા લાયક નથી." ઈમામ તહાવીએ આ હદીષની સનદમાં ફર્માવ્યું, **هذا ان الحديثان ثابتان ورو اتهما ثقات** "આ બંને હદીષો ષાબિત છે. અને તેમના રિવાયતકર્તા ભરોસાપાત્ર છે."

આ જ રીતે હઝરત શૈખ અબ્દુલહક્ક્ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ એ પણ અલ્લામા ઈબ્ને જવઝીની

ટીપ્પણીઓને રદિયો આપ્યો છે અને આ હદીષના સહીહ તથા હ઼સન હોવાની ભરપૂર તાઈદ (સમર્થન) કરી છે તથા ઈઝાલતુલ ખિફાઅમાં અલ્લામા મુહમ્મદ બિન યૂસુફ દમિશ્કીની કિતાબ ''મુઝીલુલ્લુબ્સે અન રદ્દિશ્શમ્સે''ની આ ઈબારત નક઼લ થયેલ છે :–

**اعلم ان هذا الحديث رواه الطحاوى فى كتابه "شرح مشكل الاٰثار" عن اسماء بنت عميس من طريقين وقال : هذا الحديثان ثابتان ور واتهما ثقات، ونقله ------ الحديث فى كتابه الموضوعات**

એ સિવાય અલ્લામા ક઼સ્તલાની અલ્લામા મુહમ્મદ બિન અબ્દુલ બાક઼ી, અબુલ બશીર અને ખતીબ બગ઼દાદી વગેરે ઘણા બધા મુહદ્દિષોએ આ હદીષ લીધી છે જે આ હદીષના મનઘડત ન હોવાની સ્પષ્ટ દલીલ છે.

## ★ સૂરજ કેટલીવાર ફરી નીકળી આવ્યો ? ★

સૂરજને રોકવું તથા પરત કરવું ત્રણ સ્થળોએ થયું છે :–

**(૧)** શબે મેઅરાજ પછી જ્યારે હુઝૂર ﷺએ ખબર આપી કે મેં મેઅરાજથી પરત થતાં કુરૈશના કાફલાને જોયો હતો અને એ નિશાની પણ બતાવી કે એમનું એક ઊંટ નાસી ગયું હતું જેને અમુક લોકો શોધી રહ્યા હતા. તો કુરૈશના લોકોએ પૂછયું કે કાફલો ક્યારે અહીં આવશે ? આપે ફર્માવ્યું, બુધવારે. બુધવારના દિવસે સૂરજ ડૂબવાનો હતો પરંતુ કાફલો હજુ સુધી આવ્યો ન હતો તો આપે દુઆ ફર્માવ જેના કારણે અલ્લાહ તઆલાએ સૂરજને રોકી દીધો ત્યાં સુધી કે કાફલો પહોંચી ગયો.

**(૨)** બીજીવાર જ્યારે આપ ગ઼ઝવએ ખંદક઼માં કાફિરો સાથે જંગ કરી રહ્યા હતા ત્યારે આપ ﷺની અસરની નમાઝ ક઼ઝા થઈ ગઈ તો આપ ﷺની દુઆથી સૂરજ પાછો નીકળી આવ્યો.

(૩) ત્રીજીવાર જ્યારે હઝરત અલી كرم الله تعالى وجهه الكريم ની નમાઝ ક઼ઝા થઈ ગઈ અને આપ ﷺએ દુઆ ફર્માવી તો સૂરજ ફરી નીકળી આવ્યો અને હઝરત અલી كرم الله تعالى وجهه الكريمએ નમાઝ અદા કરી.

## ★ સૂરજ પાછો નીકળી આવવાની રિવાયતોનું વિશ્લેષણ ★

આ હદીષો પર મુહદ્દિષોએ કલામ કર્યું છે કે આ હદીષો એ સહીહ હદીષના ખિલાફ છે જે યૂશઅ઼ બિન નૂનના પ્રકરણમાં આવી છે, કારણ કે એ હદીષથી સૂરજનું પાછુ ફરવુ યૂશઅ બિન નૂન સાથે ખાસ હોય એમ જણાય છે. અને એ હદીષ આ પ્રમાણે છે કે હઝરત અબૂ હુરૈરહ઼ رضي الله عنهથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અંબિયાએ સાબિક઼ીન (આગલા નબીઓ)માંથી એક નબી (યુશઅ઼ બિન નૂન) જેહાદ માટે ગયા જ્યારે અસરના સમયે વસ્તી નજીક આવ્યા તો મગરિબનો સમય હતો ત્યારે એ નબીએ સૂરજને હુકમ કર્યો કે તું પણ અલ્લાહના હુકમ હેઠળ છે અને હું પણ. પછી દુઆ કરી કે સૂરજને અમારા પર રોકી લે ! હવે રોકવાની ત્રણ સ્થિતિઓ થઈ શકે છે, એક એ કે ડૂબ્યા પછી ફરી કાઢવામાં આવે, બીજી એ કે ફરી કાઢયા વિના રોકી દેવામાં આવે અને ત્રીજી એ કે ગતિ ધીમી કરી દેવામાં આવે.

ઉપરોક્ત હદીષમાં સૂરજને રોકવુ, યૂશઅ عليه السلامની સાથે ખાસ નથી કરવામાં આવ્યું, પરંતુ બીજી હદીષમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કે યૂશઅ઼ બિન નૂન (عليه السلام) સિવાય કોઈના માટે સૂરજને રોકવામાં ન આવ્યો.

**હદીષોનું વર્ગીકરણ** : મુહદ્દિષીને કિરામે આગળ વર્ણન થયેલ હદીષો અને હઝરત યુશઅ઼ عليه السلامવાળી હદીષોમાં ત્રણ રીતે વર્ગીકરણ કર્યું છે :

(૧) શક્ય છે કે અર્થ એ હોય કે પૂર્વજ અંબિયાએ કિરામમાં હઝરત યૂશઅ عليه السلام સિવાય અન્ય કોઈ માટે સૂરજ રોકવામાં ન આવ્યો. (૨) એ અર્થ હોય કે મારા સિવાય કોઈના માટે સૂરજ રોકવામાં ન આવ્યો, પરંતુ યૂશઅ عليه السلام માટે. (૩) યૂશઅ عليه السلامવાળી હદીષ હુઝૂર ﷺ માટે સૂરજને રોકવાવાળી હદીષો પહેલાંની હોય. **والله تعالىٰ اعلم بالصواب**

જાણવા મળ્યું કે સૂરજ પાછો ફરવા વિશે મુહદ્દિષીનનું કલામ હઝરત અલી كرم الله وجهه الكريم વાળી હદીષની સાથે ખાસ નથી બલ્કે બધી જ હદીષોમાં કલામ છે. હવે રહ્યું હઝરત અલી كرم الله وجهه الكريم વાળી કલામ તો એમાં વિવિધ કથનો છે :–

(૧) મવાહિબે લદુન્નિયામાં છે કે આ હદીષને ઈમામ તહાવીએ જેઓ મહાન હનફી ઉલ્માઓમાંથી છે તેમણે શર્હે મુશ્કિલુલ્ આષારમાં વર્ણવી છે, કાઝી અયાઝ رحمة الله عليه એ પણ નકલ કરી.

**(૨)** અમુક ઉલ્મા ફર્માવે છે કે આ હદીષ સહીહ નથી અને ઈબ્ને જવઝીએ તેને મનઘડત ઠરાવી, તેની સનદમાં અહમદ બિન દાઊદ છે જે મતરુકુલ હદીષ અને કઝ્ઝાબ (જૂઠો) છે. જેમ કે દારકુત્નીએ કહ્યું છે. અને ઈબ્ને હિબ્બાનનું પણ એ જ કથન છે કે તે હદીષ ઘડતો હતો. ઉપરાંત ઈબ્ને જવઝીએ કહ્યું કે આ હદીષને શાહીને નકલ કરીને કહ્યું કે આ હદીષ બાતિલ છે. અને તેને ઘડનારની ગફલત જાહેર છે કે તેણે ફઝીલતની જાહેરી સ્થિતિ તો જોઈ પરંતુ તેના લાભ વિનાની હોવા પર ધ્યાન ન આપ્યું અને એ ન વિચાર્યું કે અસરની નમાઝ સૂર્ય ડૂબવાથી કઝા થઈ જાય છે જે સૂર્યના પાછા ફરવાથી અદા નથી થઈ શકતી.

**વાંધો** : ઈબ્ને તયમિયાએ પોતાની એક કિતાબમાં આ હદીષને મનઘડત અને તેના રિવાયતકર્તાઓને હદીષ ઘડનાર કહ્યા છે અને કહ્યું છે કે આશ્ચર્ય છે કાઝી અયાઝ પર કે તે ઈલ્મે હદીષમાં પોતાની આટલી ઊંચી શાન અને આટલો ઉચ્ચ મર્તબો હોવા છતાં કઈ રીતે ખામોશ રહ્યા અને તેના સહીહ હોવાને છુપાયેલ રાખ્યું તથા તેનુ સુબૂત નકલ ન કર્યું.

**જવાબ** : હઝરત શૈખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી رحمة الله عليه ફર્માવે છે કે કહેનારનું એમ કહેવું કે સૂર્ય ડૂબવાથી અસરની નમાઝ કઝા થઈ જાય છે અને સૂર્યના ફરી નીકળવાથી અદા નથી થઈ શકતી એ વાત બરાબર નથી. એટલા માટે કે કઝા એ સ્થિતિમાં થાય છે કે જ્યારે કે સૂર્ય અદશ્ય જ રહે અને સમય ફૌત (ખત્મ) થઈ જાય, પરંતુ સમય પણ ફરી આવે તે કેમ અદા નથી થઈ શકતી ?! કારણ કે અદાનો અર્થ એ છે કે નમાઝને તેના સમયમાં અદા કરવામાં આવે, ભલે સમયને પાછો લાવીને હોય. તથા કાઝી અયાઝ رحمة الله عليه ની જલાલતે કુદરત તથા ઉલુવ્વે મર્તબત પછી એ (હદીષના સહીહ હોવા)માં શંકાકુશંકા કરવી કેટલી યોગ્ય છે ? મતલબ એ કે જ્યારે એમના ઉચ્ચ મર્તબા તથા મકામને સ્વીકારો છો તો પછી શંકા કુશંકા કેમ કરો છો ?! જ્યારે કે ઈમામ તહાવી અને અહમદ બિન સાલેહ જેવા બુઝુર્ગોથી એ હદીષનું સહીહ હોવું સાબિત થઈ ચૂક્યું છે. વાત એ છે કે અલ્લામા ઈબ્ને જવઝી કોઈ હદીષના મનઘડત હોવાનો હુકમ અને દા'વો કરવામાં ઘણી ઉતાવળથી કામ લે છે, માટે એમનું કથન ભરોસાપાત્ર સમજવામાં નહીં આવે. જેમ કે અલ્લામા ઈબ્ને હજર અસ્કલાનીએ આ હદીષમાં દાવો કર્યો કે **سدوا كل باب الا باب على** ઈબ્ને જવઝીએ આ હદીષને મનઘડત ઠરાવી આ રીતે તેની સિહત (સહીહ હોવાનું) બયાન કરી.

**سدوا كل خوخة الاخوخة ابى بكر** ઈમામ અહમદે આને **لااصل له** "આની કોઈ અસ્લ નથી." કહ્યું અને ઈબ્ને જવઝીએ એના અનુકરણમાં તેને મનઘડત કહી છે. જ્યારે કે ઈમામ તહાવી અને કાઝી અયાઝે તેને સહીહ કહી છે અને તબ્રાનીએ મોઅજમે કબીરમાં સનદે હસનની સાથે આ હદીષને રિવાયત કરી છે જે રીત ઈબ્ને ઈરાકીએ શર્હે તકરીબમાં અસ્મા બિન્તે અમીસથી નકલ કરી છે.

**વાંધો** : હાફિઝ ઈબ્ને કષીરે ફર્માવ્યું કે યૂશઅવાળી હદીષથી ન જણાયુ કે સૂર્યને ફરી કાઢવો યૂશઅ عليه السلام ની વિશિષ્ટતાઓમાંથી છે. એટલા માટે જે હદીષ હઝરત અલી كرم الله وجهه الكريم માટે સૂર્ય પરત કરવા વિશે છે એ કમજોર છે અને અહમદ બિન સાલેહે એનું સહીહ હોવું બયાન કર્યું છે. પરંતુ સહીહ હદીષોની કિતાબોમાં એનું વર્ણન નથી, ઘણી જ શોધખોળ પછી પણ એ હદીષ હસન અને મુન્ફરિદ જ

મળી. કારણ કે અહલે બૈતમાંથી એક અપ્રચલિત ખાતૂને એ હદીષ નક઼લ કરી છે જેમની હાલત કોઈને ન જણાઈ.

**જવાબ** : શૈખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ رحمۃ اللہ علیہ આનો જવાબ આપતાં ફર્માવે છે કે સહીહ હદીષોની કિતાબોમાં આ હદીષ વર્ણવવામાં નથી આવી આ વાત ધ્યાનપાત્ર છે. એ જ રીતે એને મુન્ફરિદ કહેવું પણ. કારણ કે જ્યારે ઈમામ તહ઼ાવી, ઈબ્ને સાલેહ, તબ્રાની અને ક઼ાઝી અયાઝે (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) એની સહીહ અને હસન હોવાનું કથન કર્યું છે અને તેને પોતાની કિતાબોમાં વર્ણન કરી છે તો એમ કહેવું કે આ હદીષનું વર્ણન સહીહ તથા હસન હદીષોની કિતાબોમાં નથી થયું એ ખોટુ છે. અને એ જરૂરી નથી કે સર્વ સહીહ હદીષો સિહાહની કિતાબોમાં વર્ણન થયેલ હોય. અને એમનું એ કહેવું કે આ હદીષ અહલે બૈતમાંથી એક એવાં ખાતૂનથી મરવી છે જેમની સ્થિતિ અજ્ઞાત છે. આમ કહેવું હઝરત અસ્મા رضی اللہ عنہا વિશે મના છે, કારણ કે તેઓ ફાઝિલા, જલીલા, બુદ્ધિશાળી અને ઈલ્મવાળાં ખાતૂન છે અને તેમની સ્થિતિ મશહૂર છે કે તેણી હઝરત જઅફર બિન અબી તાલિબના નિકાહમાં હતાં અને એમનાથી હઝરત અબ્દુલ્લાહ બિન જઅફર પૈદા થયા. ત્યાર બાદ હઝરત અબૂબક્ર સિદીક઼ رضی اللہ عنہના નિકાહમાં આવ્યાં અને આપનાથી મુહમ્મદ બિન અબૂબક્ર પૈદા થયા. ત્યાર બાદ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ના નિકાહમાં આવ્યાં અને આપનાથી યહ્યા બિન અલી પૈદા થયા.

**વાંધો** : અમુક લોકો કહે છે કે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم નું નબીએ કરીમ صلی اللہ علیہ وسلمની સાથે રહી નમાઝ પઢવાથી રહી જવું અને નમાઝમાં મોડુ કરવું શક્ય નથી.

**જવાબ** : આમાં કશુંય અશક્ય જેવું નથી, કારણ કે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એક અગત્યના દીની હેતુસર જમાઅતના સમયે હુઝૂર صلی اللہ علیہ وسلمની ખિદમતમાં હાજર ન રહી શક્યા, જેમ કે રિવાયત છે કે ઝોહરની નમાઝ પછી હુઝૂર صلی اللہ علیہ وسلمએ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને કોઈ કામ અર્થે મોકલ્યા હતા, કારણ કે ખૈબરનાં ઘણા બધા કાર્યો હતા. આપના ગયા પછી હુઝૂર صلی اللہ علیہ وسلمએ અસરની નમાઝ અદા ફર્માવી હશે અને હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم જમાઅતમાં શરીક ન થઈ શક્યા.

આટલા લખાણથી એ વાત જાહેર થઈ ગઈ કે "મોઅ્જિઝએ રદ્દે શમ્સ"ની હદીષનો ઈન્કાર જમ્હૂર ઉલ્માના તરીક઼ાથી વિરુદ્ધ એક ભયાનક પગલુ છે અને જૂઠી શોહરત (ખ્યાતિ) મેળવવાનો દુષ્ટ પ્રયાસ છે. *(હવાલો : માહનામા આ'લા હઝરત, જુલાઈ–૨૦૧૧, અઝ : મુહમ્મદ અશરફ રઝવી)*


## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**A. શેખ યુવતી** : જ.તા. ૩૦–૧૧–૧૯૮૮ (૨૩ વર્ષ) ઊંચાઈ : ૫.૫', રિલિઝિયન : ઈસ્લામ (સુન્ની બરેલ્વી અશરફી) ભાષા : ઉર્દૂ, ગુજરાતી, અંગ્રેજી, એજ્યુ. : B.Com., English Medium, દેખાવડી.

**B. શેખ યુવતી** : જ.તા. ૧૩–૩–૧૯૯૧ (૨૧ વર્ષ), ઊંચાઈ : ૫', એજ્યુ. : H.S.C.E. (English Medium), રિલિઝિયન : ઈસ્લામ (સુન્ની બરેલ્વી અશરફી), ભાષા : ઉર્દૂ, ગુજરાતી, અંગ્રેજી, દેખાવડી.

**C. શેખ યુવાન** : જ.તા. ૩૦–૯–૧૯૮૪ (૨૭ વર્ષ), ઊંચાઈ : ૫.૮', રિલિઝિયન : ઈસ્લામ (સુન્ની બરેલ્વી અશરફી), ભાષા : ઉર્દૂ, ગુજરાતી, અંગ્રેજી, એજ્યુ. : (B.E. Electroincs & Communication) (ત્રણેવ માટે કોન્ટેક નં.99787 88044, ત્રણેવ ગોધરા તરફના છે.)

**નોંધ** : વધુ માટે **'બરકાતે ખ્વાજા'** **(માસિક)–કાર્યાલય**નો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧



# હજ્જ સંબંધી મસાઈલ

શું ફર્માવે છે દીનના ઉલમા નીચેના મસાઈલના બારામાં કે :–

**(૦૧)** હજ્જમાં પહેલાંના ગુનાહ માફ થઈ જાય છે, તેની અસ્લ શું છે ?

**(૦૨)** કોઈના માથે રોઝા, નમાઝ, ઝકાત બાકી હોય તો શું એ પણ હજ્જથી માફ થઈ જશે ?

**(૦૩)** કોઈને ગાળ આપી, નાહક્ક સતાવ્યો અથવા માલ દબાવી લીધો તો શું એ પણ હજ્જથી માફ થઈ જશે ?

**(૦૪)** શું કોઈ સંજોગોમાં આ બંનેવ તરફના હક્કો માફ થવાની ઉમ્મીદ કરી શકાય છે ?

**(૦૫)** કોઈ શખ્સ લાંચ અથવા વ્યાજના માલથી હજ્જના માટે જાય તો શું ફર્ઝ અદા થઈ જશે ?

**(૦૬)** યુવાન સાસુ, જમાઈ સાથે અને યુવાન વહુ સસરાની સાથે હજ્જ માટે જઈ શકે છે કે નહીં ?

**(૦૭)** હાજી અય્યામે તશરીક઼માં કેવળ લબ્બૈક પઢે કે તકબીરે તશરીક઼ પણ ?

**(૦૮)** હજ્જનો એહરામ બાંધ્યા બાદ સ્ત્રીને માસિક (હયઝ) આવી જાય તો શું કરે ?

**(૦૯)** જો ૧૨મી ઝિલ હજ્જ સુધી તેણી હયઝથી પાક ન થાય અને બીજા દિવસે તેણીની ફલાઈટ હોય તો તેણે શું કરવું જોઈએ ?

**(૧૦)** હરમ શરીફથી લોકો એકબીજાના ચંપલ પહેરીને ચાલ્યા જાય છે, તો એના વિશે શું હુકમ છે ?

**(૧૧)** વહાબી ઈમામ પાછળ નમાઝ નથી થતી તો હજ્જ કેવી રીતે થશે ?

**:: અલ્જવાબ ::**

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

**(૦૧)** એની અસલ (દલીલ) નબી કરીમ ﷺની હદીષો છે. મશ્હૂર સહાબીએ રસૂલ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે અલ્લાહના રસૂલ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "જેણે હજ્જ કરી અને ગંદી વાતો ન કરી, ન ગુનાહિત કામો કર્યા તો તે ગુનાહોથી એવો પાક થઈને પરત થયો જેવી રીતે કે માના પેટથી પેદા થયો હતો. *(બુખારી શરીફ, મુસ્લિમ શરીફ)*

એક બીજા સહાબીએ રસૂલ હઝરત અમ્ર બિન આસ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, "હજ્જ તે ગુનાહોને દૂર કરી આપે છે જે એનાથી પહેલાં થયા." *(મુસ્લિમ શરીફ, ઈબ્ને ખુઝૈમા)*

સરકાર علیہ الصلوٰۃ والسلامના ખાસ ખાદિમ હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ ફર્માવે છે કે, "હજ્જ તથા ઉમરા મોહતાજી અને ગુનાહોને એવી રીતે દૂર કરે છે જેવી રીતે ભઠ્ઠી લોખંડ, ચાંદી, સોનાના મેલને દૂર કરે છે અને હજ્જે મબરૂરનો સવાબ જન્નત જ છે." *(તિર્મિઝી શરીફ તથા ઈબ્ને ખુઝૈમા)*

પણ આ બશારતના હક્કદાર હક઼ીક઼તમાં તે સહીહુલ અક઼ીદા મુસલમાન છે જેઓ ફક્ત અલ્લાહની રઝા તથા ખુશ્નૂદીના માટે પાક માલ, પાક કમાઈથી હજ્જ કરે, સાથોસાથ હજ્જના સર્વ અરકાન તથા શર્તોની પણ પૂરી પાબંદી કરે. વલ્લાહુ તઆલા અઅ્લમ.

અઝઃ સીરાજુલ ફુક઼્હા મોહક્કિક઼ે મસાઈલે જદીદા હઝરત અલ્લામા મુફતી **મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી** *(સદર મુફ્તી : જામિઆ અશરફિયા–મુબારકપુર)*

**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી** *(ખલીફા તાજુશ્શરીઅહ્, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

**(૦૨)** રોઝા, નમાઝ, ઝકાત એ સર્વ અલ્લાહ તબારક વ તઆલાના જરૂરી હક્કોમાંથી છે. અને એ અસલ હક્કો સામાન્ય સંજોગોમાં હજ્જથી પણ માફ નથી થતા, બલ્કે તેને અદા કરવામાં મોડુ કરવાથી જે ગુનોહ લાઝિમ આવે છે કેવળ તે ગુનાહ હજ્જથી માફ થાય છે. માફીની શર્ત એ જ છે કે હજ્જ સહીહ તથા મક્બૂલ હોય.

એનો ટૂંકમાં ખુલાસો એ છે કે હજ્જે મબરૂર સુધી નમાઝ, રોઝા, ઝકાતની અદાયગીમાં મોડુ કરવાથી ગુનાહોનો જે વબાલ હાજીના માથે આવ્યો હતો તે માફ થઈ ગયો, પણ અસલ હક્કો જિમ્મેદારીમાં બાકી રહ્યા. જેથી હવે વહેલામાં વહેલી તકે છૂટેલી નમાઝો પઢી લે, છોડેલા રોઝા રાખી લે અને પોતાના માલની ઝકાત અદા કરી આપે. જો તેણે એવું કરી લીધું તો અલ્લાહ ﷻના હક્કોથી બેગુનાહ મુક્ત થઈ જશે. અને જો હજી પણ તેમના હક્કોની અદાયગીમાં મોડુ કરશે તો એ નવો ગુનોહ થશે જે હજ્જથી માફ નથી થયો.

હા ! જો હજ્જ પછી તુરત જ મૃત્યુ પામ્યો અને તેને એટલો મોકો ન મળ્યો કે એ અલ્લાહના હક્કો અદા કરતો અથવા અદાની ફિકર કરતો તો ખુદાના ફઝ્લથી ઉમ્મીદ છે કે તે પોતાના આ હક્કો હાજીથી માફ ફર્માવી આપે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**(૦૩)** આ બંદાઓના હક્કો છે જે બંદાના માફ કર્યા વિના માફ નથી થતા. ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે દફતર ત્રણ છે : એક દફતરમાંથી અલ્લાહ કાંઈ બખ્શશે નહીં, અને એક દફતરની અલ્લાહ તઆલાને કાંઈ પરવા નથી, અને એક દફતરમાંથી અલ્લાહ તબારક વ તઆલા કાંઈ છોડશે નહીં.

તે દફતર જેમાં અસલમાં માફીની જગા નથી તે તો કુફ્ર છે કે કોઈ રીતે બખ્શવામાં નહીં આવે, અને તે દફતર જેની અલ્લાહ તઆલાને કાંઈ પરવા નથી તે બંદાના ગુનાહ છે, કેવળ પોતાના તથા પોતાના રબના મામલામાં, કે કોઈ દિવસનો રોઝો છોડયો, અથવા કોઈ નમાઝ છોડી આપી તેને અલ્લાહ તઆલા ચાહે તો માફ કરી આપે અને દરગુઝર ફર્માવે.

અને તે દફતર જેમાંથી અલ્લાહ તઆલા કાંઈ ન છોડશે તે બંદાઓનો આપસમાં એકબીજા પર જુલ્મ છે કે એમાં જરૂર બદલો લેવાશે. (ફતાવા રઝવિય્યહ્, બહવાલા મુસ્નદે અહમદ બિન હંબલ વગેરે)

હા ! જો હજ્જ પછી હાજીનુ તુરત જ મૃત્યુ થઈ ગયું તો અલ્લાહ તબારક વ તઆલા કયામતના દિવસે હક્કદાર બંદાઓને તેમના હક્કો બેહતર તરીકાથી માફ કરાવી આપશે. એની પૂરી વિગત ફતાવા રઝવિય્યહ્, પેજ : ૪૯, ભાગ : ૧૦માં છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**(૦૪)** હા ! માફીની ઉમ્મીદ છે અને એની સ્થિતિ એ જ છે જે હમણા વર્ણન થઈ કે હજ્જ સહીહ થાય, બારગાહે ઈલાહીમાં મક્બૂલ થાય અને હજ્જ પછી તુરત જ હાજી મૃત્યુ પામે. આ ત્રણેવ વાતો જોવા મળે તો અલ્લાહ ﷻના કરમથી ઉમ્મીદ છે કે પોતાના હક્કો ખૂદ માફ ફર્માવી આપશે અને બંદાના હક્કો એમનાથી એવી રીતે માફ કરાવશે કે પોતાના કરમથી તેમને તેમના હક્કો કરતાંય અધિક અતા ફર્માવી આપશે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**(૦૫)** હજ્જનો ફરીઝો તો અદા થઈ જશે પણ આ એવો હજ્જ છે જેનાથી ખુદાએ ગફૂરો રહીમ રાજી નથી ! અને એ તેની બારગાહમાં કૂબૂલને પાત્ર નથી. ફતાવા રઝવિય્યહ્, પેજ : ૬૮૫, ભાગ : ૪માં છે :–

''હદીષમાં ઈર્શાદ થયો, જે હરામ માલ લઈને હજ્જ કરવા જાય છે, જ્યારે તે ''લબ્બૈક'' કહે છે, તો ફરિશ્તા જવાબ આપે છે :–

لَا لَبَّيْكَ وَلَا سَعْدَيْكَ وَ حَجُّكَ مَردودٌ عَليكَ حتى تَرُدَّمَافِى يَدَيْكَ

''ન તારી હાજરી કૂબૂલ, ન તારી ખિદમત મક્બૂલ અને તારો હજ્જ તારા મોં પર મરદૂદ ! જ્યાં સુધીનું આ હરામ માલ જે તારા હાથોમાં છે પરત ન કરી

આપે." અલ્લાહ બેહતર જાણનાર છે.

**(૦૬)** હવે મના છે. અલ્લામા શામી رحمۃ اللہ علیہ રદ્દુલ મુહ્તારમાં લખે છે :–

**نقل السيد ابو السعود عن نفقات البزازية : لا تسافر باخيها رضاعاً فى زمانا اه أى لغلبة الفساد قلتُ : ويؤيّدة كراهة الخلوة بها كالصهرة الثابة، فينبغى استثناء الصهرة الشبة هنا ايضا لأن السفر كالخلوةِ اه**

*–(૨/૧૫૮ કિતાબુલ હજ્જ)*

આ લખાણનો સાર એ છે કે, "સ્ત્રી વર્તમાન સમયમાં દૂધ શરીક ભાઈ સાથે સફર ન કરે અને યુવાન સાસુએ પણ જમાઈની સાથે સફર ન કરવી જોઈએ." તો આ જ હુકમ સસરા સાથે યુવાન વહુના સફરનો પણ હોવો જોઈએ. હજ્જ એક એવો પવિત્ર ફરીઝો છે જેમાં ડગલે ને પગલે સાવધાનીની જરૂરત ઉભી થાય છે એટલા માટે હાજીએ શંકા કુશંકા ઉભી થાય તેવાં કામોથી પરહેઝ કરવો જોઈએ. જેથી તેનો હજ્જ મક્બૂલ થવામાં કોઈ ચીજ આડરૂપ ન બને. જેથી હુકમ એ જ આપવામાં આવે છે કે સાવધાનીથી વર્તવું જોઈએ. અલ્લાહ બેહતર જાણનાર છે.

**(૦૭)** તકબીરે તશ્રીક્ પણ પઢે. ફત્હુલ ક્દીરમાં બાબે સલાતુલ કસૂફથી થોડાક આગળ છે : **مُحرِم وَيبدأ المحرمُ بالتكبير، ثم بالتلبية** એટલે મુહ્રિમ (હાજી) પ્રથમ તકબીરે તશ્રીક પઢે ત્યાર બાદ લબ્બૈક પઢે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**(૦૮)** હજ્જ કરે, એટલે કે ૮ ઝિલ હજ્જના મિના જાય. નવ ઝિલ હજ્જની સવારે અરફાતના માટે રવાના થાય અને સૂર્ય નમ્યા બાદ વકૂફ કરે. જ્યારે સૂર્યાસ્ત થઈ જાય તો મુઝદલ્ફાના માટે રવાના થાય અને સુબ્હ સાદિક્ તુલૂઅ થતાં મુઝદલ્ફાના માટે રવાના થાય અને સુબ્હ સાદિક્ તુલૂઅ થવા પર અહીં પણ વકૂફ કરે, અરફાત તથા મુઝદલ્ફા બંનેવ જગાએ વકૂફમાં કુર્આનની તિલાવત ન કરે, બાકીના વઝીફા પઢે અને દુઆમાં મશગૂલ રહે. અહીંથી મિના આવે અને શયતાનને કાંકરી મારે, ત્યારબાદ કુર્બાનીનો હુકમ છે તે તો તેણીની ઈજાઝતથી બીજો શખ્સ પણ કરી શકે છે. આ હજ્જની તે ઈબાદતો છે જેના માટે હયઝથી પાક થવું જરૂરી નથી. હા ! તવાફે ઝિયારત પાક થયા પછી કરે ભલે ૧૨ મી ઝિલ હજ્જ પછી પાક થાય, કેમ કે એના માટે પાક હોવું જરૂરી છે, અને મોડું કરવું ઉઝર (મજબૂરી)ના કારણે માફ છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**(૦૯)** મોઅલ્લિમ થકી ફ્લાઈટની તારીખ આગળ કરાવી લે. જો કોઈ કારણે શક્ય ન હોય અને આ મસ્અલો પૂછશે તો બતાવવામાં આવશે કે તવાફ કરશે તો સહીહ થઈ જશે પણ ગુનેહગાર થશે અને ઊંટ અથવા ગાયની કુર્બાની પણ કરવી પડશે. એવું જ શામી, ૨/૧૯૯માં છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**(૧૦)** એ નાજાઈઝ તથા ગુનોહ છે. કદી પણ બીજાના ચપ્પલ ન પહેરે. પોતાના ચપ્પલ ગુમ થઈ જાય તો બીજા ચપ્પલ ખરીદી લે, અથવા થોડાક એકસ્ટ્રા ચપ્પલ પહેલેથી જ લઈ જાય જેથી ખોવાઈ જતાં તેનો ઉપયોગ કરે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**(૧૧)** હજ્જના સંબંધે જેટલી ઈબાદતો શરીઅતે બતાવી છે તે સૌ એકલા અદા કરી શકાય છે એમાં ક્યાંય ઈમામની જરૂરત નથી પડતી. નમાઝ તો હજ્જના સિવાયની એક અલગ ઈબાદત છે, અને બંનેના હુકમો અલગ અલગ છે. અલ્લાહ બેહતર જાણનાર છે. *(હવાલો : અશ્રફિયા, ડિસેમ્બર–૨૦૦૪)*


**કિતાબ મંગાવો ! કિતાબ મંગાવો !**

કિતાબ : **જલાલે મુસ્તફા** ﷺ (હદિયો : રૂા. ૨૦)

લેખક : **હઝરત અલ્લામા અ.સત્તાર હમદાની સાહબ**

પ્રકાશક : **મર્કઝે અહલે સુન્નત બરકાતે રઝા,**
ઈમામ અહમદ રઝા રોડ, મેમનવાડ, પોરબંદર,
મો. 987930 3557, ફોન : 0286-2246996

પ્રસ્તુત કિતાબ ખૂબ જ લાજવાબ છે. સૌ પ્રથમ નબી કરીમ રહ્મતુલ લિલ્ આલમીન ﷺનો જમાલ, આપની અમાપ રહમદિલીનું વર્ણન છે અને બાદમાં આપ ﷺના ગુસ્તાખો મુર્તદો પ્રતિ આપનો જલાલ કેવો હતો તેનું વર્ણન છે જે વહાબીઓના વહાલા થનારાઓ માટે સબક આમેઝ છે. આ કિતાબ જરૂરથી મંગાવો વાંચો વંચાવો . વધુ માટે પ્રકાશકનો સંપર્ક કરવો. *–તંત્રી : બરકાતે ખ્વાજા*

# મહબૂબ દેસાઈની પૂછડી વાંકી તે વાંકી !

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

ગુજરાતીમાં કહેવત છે કે, "કૂતરાની પૂછડી વાંકી તે વાંકી !" એને જમીનમાં દાટીને કેટલો સમય રાખવામાં આવે છતાં બહાર નીકળતાં જ વાંકી થઈ જાય, તેમ આ દેસાઈનું કામ છે. અગાઉ એમણે તા. ૬–૪–૨૦૦૯ના દિવ્ય ભાસ્કરમાં "મહાવીર મહંમદ તુલના" લેખ લખેલો જેમાં એવા બેમિષાલ નબી કે નબીઓમાં જેમની મિષાલ (દૃષ્ટાંત) નથી, સૌ નબીઓથી અફઝલ નબી ! (ﷺ) તેમની તુલના એક ગૈર મુસ્લિમ ધર્મના ગુરૂ મહાવીર સ્વામી સાથે કરી તેને "બરકાતે ખ્વાજા" (માસિક) દયાદરા તથા "આમીન" (માસિક) અમદાવાદમાં રદિયો મળતાં માફી ચાહી. હવે ફરી પાછી તેમની સડેલી ખોપડીમાં એક કીડો સળવળ્યો તો નવેસરથી "ગીતા અને કુર્આન"નો તુલ્નાત્મક લેખ તા. ૨૮–૭–૨૦૧૧ના દિવ્યભાસ્કર "રાહે રોશન" કોલમમાં લખ્યો અને એકસાથો સાથ કૃષ્ણ તથા હઝરત મુહમ્મદ પયગંબરની પણ તુલના કરી નાખી ! એકવાર થાય તે ભૂલ કહેવાય ને વારંવાર થાય તે બેવકૂફી કહેવાય ! અહીં એના ખુલાસામાં તફાવત દર્શાવવા ઘણુ લખી શકાય છે, પણ વિષયની નઝાકતને જોતાં વધુ નથી લખતા. થોડીક વાત વાંચવી હોય તે "બરકાતે ખ્વાજા" (માસિક) મે–૨૦૦૯ પેજ નં. ૨ વાંચી લે. વળી કુર્આન એ "અલ્લાહનુ કલામ" છે તે **મખ્લૂક઼ નથી.** જ્યારે ગીતા એ માનવીનું લખેલ પુસ્તક છે **જે મખ્લૂક઼ છે,** તો અલ્લાહના કલામ સાથે આ મખ્લૂક઼ની સરખામણી કરવી જ ઉલમા કુફ્ર બતાવે છે, અને પછી તુક્કાબાજી કરીને અમુક શ્લોકોને કુર્આની આયતો સાથે સરખાવી પોતાના સંશોધનની બહાદુરી પ્રદર્શિત કરવા પ્રયાસ કર્યો છે. અને સૌથી ખટકતી અપૂર્ણ રજૂઆતભરી વાત એ લખી છે કે : "હઝરત જિબ્રઈલ (علیہ السلام) મુહમ્મદ (ﷺ)ને સૌ પ્રથમ કહે છે, ઈક઼રહ, પઢ, વાંચ ! પણ મહંમદ સાહેબ અનપઢ હતા, તેમને વાંચતા લખતાં આવડતુ ન હતું, એ સત્યને વ્યક્ત કરવા તેમણે કહ્યું, મને વાંચતા લખતા નથી આવડતુ......" *(દિવ્યભાસ્કર, તા. ૨૮–૭–૨૦૧૧)*

આ લખાણથી સામાન્ય પબ્લિકમાં તથા ગૈર ક઼ૌમમાં એ છાપ ઉભી થશે કે ઈસ્લામના પયગંબર સદા માટે "અનપઢ" રહ્યા ! સદા લખતાં વાંચતા આવડતુ ન હતું એ હાલતમાં લોકોમાં રહ્યા.... વગેરે. તો એના ખુલાસામાં **પ્રથમ** : તો એ કે "ઈક઼રહ" એટલે "હું નથી પઢતો" એ નહીં કે "મને લખતાં વાંચતાં નથી આવડતું !" જેમ કે નુઝહતુલ ક઼ારી શરહે બુખારી ગુજરાતીમાં પેજ નં. ૩૯ (બુખારી શરીફની શરહ સમજૂતી) ભાગ–૧માં છે :

**વજદ આફરીન અર્થ :** مَا اَنَا بِقَارِیٍٔ (મા અના બિક઼ારી)નો તર્જુમો સામાન્યતઃ એ કરવામાં આવે છે કે હું પઢેલો નથી, પરંતુ આપણા મશાઈખે એ તર્જુમો કરાવ્યો "હું નથી પઢતો" આ તર્જુમો અધિક યોગ્ય તથા રાજેહ છે. એટલા માટે કે ગારે હિરામાં હુઝૂરે અક઼દસ ﷺ અલ્લાહની ઝાત તથા સિફાતના મુશાહેદામાં એટલા પ્રમાણમાં ચૂર હતા કે ત્યાં કોઈની ગુંજાઈશ જ ન હતી. જેમ કે એક હદીષમાં ફર્માવ્યું :–

"અલ્લાહની સાથે મારો એક સમય હોય છે કે એમાં મુક઼ર્રબ ફરિશ્તા તથા નબી મુરસલની પણ ગુંજાઈશ નથી હોતી, ઝાત તથા સિફાતે ઈલાહીના મુશાહેદામાં સંપૂર્ણ મુસ્તગરક હોવાના કારણે ક઼િરાઅત (પઢવા)ની દરખાસ્તનો આ જ જવાબ બને છે, "હું નથી પઢતો"

તેમજ આ તર્જુમો અરબના મુહાવરાની મુતાબિક઼ પણ છે કે એ હાલની તરકીબ તથા મજબૂતીના માટે વપરાય છે. જેમ કે મક્કાની ફતહ પહેલાં હઝરત અબૂ સુફયાન નવેસરથી સુલહના માટે મદીના તયબહ હાજર થયા અને હઝરત અબૂબક્ર رضی اللہ عنہની પાસે પહોંચીને તેમને દરખાસ્ત કરી કે આં હુઝૂર ﷺની ખિદમતમાં સિફારિશ કરી દો. તો હઝરત સિદીક઼ે અકબરે ફર્માવ્યું : مَا اَنَا بِفَاعِلٍ "હું કરીશ નહીં" (સીરાતે ઈબ્ને હેશામ) ખૂદ કુર્આન મજીદમાં યૂસુફના ભાઈઓનું કથન વર્ણન થયેલું છે : وَمَا اَنْتَ بِمُؤْمِنٍ لَّنَا "તમે અમારું યક઼ીન નહીં કરો."

વારંવાર સીનાથી લગાડીને દબાવવાથી આ ઈસ્તેગરાકમાં કમી આવી, ત્યારે જિબ્રઈલે અર્ઝ કરી :

اِقْرَاْ بِاسْمِ رَبِّكَ "તમારા રબના નામથી પઢો." જ્યારે એ સાંભળ્યું કે હું જે આલમમાં હતો એની વાત એ પણ કરી રહ્યા છે, જેના મુશાહેદામાં હું મુસ્તગરક હતો તેનો ઝિક્ર કરાવવા ચાહે છે તો ખચકાટ વિના પઢ્યું. કોઈના ઈસ્તેગરાકને ખત્મ કરવાનો આ જ તરીકો છે કે તેને ઝંઝોળવામાં આવે. એકવારમાં ઈસ્તેગરાક ખત્મ ન થાય તો વારંવાર ઝંઝોળવામાં આવે. અહીં ઝંઝોળવું એ અદબની વિરુધ્ધ હતું જેથી સીનાથી લગાડીને ત્રણવાર શક્તિ સાથે દબાવ્યા એટલે સુધી કે તે ખાસ કૈફિયત જતી રહી અને આપે કશાય ખચકાટ વિના પઢ્યું. *(હવાલો : નુઝહતુલ્ કારી શરહે બુખારી–ગુજરાતી, ભાગ : ૧, વહી વિશે પ્રકરણ, પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા)*

અને માનો કે સૌ પ્રથમવાર જિબ્રઈલ علیہ السلام વહી લઈને આવ્યા ત્યારની સ્થિતિ એ હતી કે પઢવાનુ જાણતા ન હતા તો રબની શાન નિરાલી છે તે પળમાં આપને ઈલ્મથી નવાઝી આપે. જેમ કે "ઝિયાઉલ કુર્આન" (તફસીર)માં છે કે : "હુઝૂર ﷺએ જિબ્રઈલ علیہ السلامને ત્રણવાર એ જવાબ આપ્યો કે **મા અના બિક઼ારી** (હું તો પઢેલો નથી) છેવટમાં જિબ્રઈલે અર્ઝ કરી, "આપ પઢો આપના રબના નામની સાથે જેણે (સૌને) પેદા કર્યા. પેદા કર્યો માનવીને જામી ગયેલ લોહી વડે......." કે આપ પઢો અને એ ફિકર ન કરો કે જ્યારે હું જાણતો નથી તો કેવી રીતે પઢું. આ કોઈ ઉઝર નથી. આપ પોતે તો નથી પઢી રહ્યા, આપ આપના રબનું નામ લઈને પઢી રહ્યા છો, અને એની શાને કરીમીનો કોણ અંદાઝો લગાડી શકે છે ?! (જે જામી ગયેલા લોહીમાંથી માનવ પેદા કરે તેના માટે આ ઈલ્મ આપવું શું મોટી વાત છે ?!) જ્યારે તે પઢવાનો હુકમ આપે અને આપ તેનું નામ લઈને પઢવાનુ શરૂ કરો તો પછી આપને ઈલ્મો તથા મઅરેફતોથી તૃપ્ત (ભરચક) કરી દેવા એ એનું કામ છે ! *(તફસીરે ઝિયાઉલ કુર્આન, સૂ. અલક, પારા : ૩૦, પેજ : ૬૧૨, અઝ : પીર કરમશાહ અઝહરી–પાક.)*

અને યક઼ીનન ! હુઝૂર ﷺને સૌ આવડતુ હતું અથવા પછી આવડી ગયું, જેથી હવે આપણે એવું જાહેર કરવું કે હુઝૂર ﷺ અનપઢ હતા કે લખતાં વાંચતાં આવડતુ ન હતું એ તેમની શાનની વિરુદ્ધ જ છે. જો હુઝૂર ﷺને લખતાં વાંચતા આવડતુ જ ન હતું તો પછી "સુલેહ હુદૈબિયા'ના પ્રસંગે કાફિરોએ કરારના શબ્દોમાં "મુહમ્મદ અલ્લાહના રસૂલ" શબ્દ પર વાંધો ઉઠાવ્યો અને તેને કટ કરવા કહ્યું તો હુઝૂરે હઝરત અલી کرم اللہ وجہہ الکریمને કટ કરવા હુકમ કર્યો પણ આપે પોતાના હાથે કટ કરવા જીવ ન ચાલતાં ના પાડી, તો હુઝૂરે જાતે તે વાક્ય કટ કર્યું. જો વાંચતાં ન આવડતુ હતું તો જાતે શાથી કટ કર્યું. બીજુ કે જ્યારે હઝરત અબૂબક્ર رضی اللہ عنہને હુઝૂરે અક઼દસ ﷺએ અંગૂઠી પર **લાઈલાહ ઈલ્લલ્લાહ** ! નક઼્શ કરાવવા કહ્યું તો આપની ગૈરતે ગવારા ન કર્યું કે **લાઈલાહ ઈલ્લલ્લાહ** સાથે **મુહમ્મદુર્રસૂલુલ્લાહ** ન હોય, જેથી નક઼્શ કરનારને **લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ** નક઼્શ કરવા કહ્યું. જ્યારે અંગૂઠી હુઝૂરને આપી તો હુઝૂરે જોઈને ફર્માવ્યું કે મેં તો કેવળ **લાઈલાહ ઈલ્લલ્લાહ** નક઼્શ કરવા કહેલું, તમે સાથે **મુહમ્મદુર્રસૂલુલ્લાહ** શાથી મેળવ્યું ? તો અર્ઝ કરી, જ્યારે ખુદાએ કલમામાં તમારા નામને અલગ ન કર્યું તો મારી ગૈરતે પણ એ માન્ય ન કર્યું. તો હુઝૂરે ફર્માવ્યું, જ્યારે તમે મારું નામ અલગ કરવું માન્ય ન કર્યું તો સાથે હઝરત જિબ્રઈલ علیہ السلامએ આપનુ નામ અબૂબક્ર પણ ઉમેરી આપ્યું !

સારાંશ કે હુઝૂર ﷺ જો લખતાં વાંચતાં જાણતા ન હતા તો કેવી રીતે ખબર પડી કે અંગૂઠીના લખાણમાં આવો બધો ફેરફાર છે ? વળી અમે ઉલમાથી એ પણ સાંભળ્યું છે કે વહી લખનાર કાતિબને હુઝૂર ﷺ ખૂદ ફર્માવતા હતા કે આ અક્ષર આ પ્રમાણે લખો, આ અક્ષરને આ પ્રમાણે..... જો જાણતા ન હતા તો હિદાયત કેવી રીતે કરતા ?! તો માનવુ પડશે કે યક઼ીનન હુઝૂર ﷺ લખતાં વાંચતાં જાણતા હતા, અનપઢ ન હતા. અને કેમ ન જાણે જ્યારે કે કુર્આને પાકમાં અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતનો ઈર્શાદ છે કે :–

وَ عَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ **"હે મહબૂબ ! જે જે આપ ન જાણતા હતા તે આપને શીખવાડી આપ્યું."** *(સૂ. નિસાઅ્, આયત : ૧૧૩)*

અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે કે જે જે ન જાણતા હતા તે અલ્લાહે શીખવાડી આપ્યું. તો હવે એ વાતનો ઈન્કાર કરવાની કોની હિંમત છે કે કહે કે હુઝૂર ﷺને લખતાં વાચતાં આવડતુ ન હતું ! હુઝૂર અનપઢ હતા ! જે કહેશે તે અલ્લાહ સાથે જંગ કરવા સમાન થશે, અને અલ્લાહ સાથે જંગનો અંજામ સિવાય જહન્નમ બીજો શો હોય શકે ?! (અલ્લાહની પનાહ !)

# બરકાતે ખ્વાજાની ટપાલ...

કાર્યાલય

### ★ બરકાતે ખ્વાજા ગમ્યુ ! ★

અસ્સલામુ અલૈકુમ, મોહતરમ જનાબ પટેલ શબ્બીર અલી રઝવી સાહબ, આપણા તરફથી જે આપ "ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા" તથા "અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા" તેમજ "બરકાતે ખ્વાજા" માસિક થકી મઝહબી ક્ષેત્રે સારી એવી પ્રશંસનીય કામગીરી થઈ રહી છે. તંત્રી લેખ અને બાતિલ ફિર્કાઓને આપ જે રીતે ઉઘાડા પાડો છો અસંખ્ય સુન્નીઓને મજબૂતીથી "મસ્લકે આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી" (رحمۃ اللہ علیہ) પર કાયમ રહેવામાં ખૂબ જ બળ પૂરુ પાડો છો. તમને તથા તમારી પૂરી ટીમને અલ્લાહ તબારક વ તઆલા બંને જહાનમાં બેહતર બદલો આપે. આપની હિંમત ખરેખર કાબિલે તારીફ છે. તમારી તારીફ માટે જેટલા શબ્દોમાં લખીએ તેટલું ઓછું છે.

*–ખત્રી મુહમ્મદ આઈ. વદલાવાળા (બોડેલી, જિ. વડોદરા)*

### ★ ખિલાફત અર્પણ ★

**લેસ્ટર :** (U.K.) જનાબ માસ્તર ઈસ્હાક આઈ. સમાલી કમરી ટંકારીયાવાળા સાહબ લખી જણાવે છે કે, ગુજરાતના મશહૂર આલિમે દીન, પીર સૈયદ હાજી કમરુદ્દીનબાવા સાહબે તા. ૨૫–૦૬–૨૦૧૧ના રોજ, લેસ્ટર ખાતે સુન્નિયતના મહાન પ્રચારક, પીરે તરીકત જનાબ શૈખ સલીમુદીન સાહબ અશરફી (સૈયદ કમાલ હલાલ મીટ શોપવાળા)ના ફરઝંદ મૌલાના ઝૈનુલ આબેદીન (સોલીસીટર) (ફાઝિલે અલ હિજાઝ, ઈસ્લામી કોલેજ–નનીટન)ને કાદરી, ચિશ્તી, અશરફી, રફાકતી, દરિયાઈ સિલસિલાઓની ખિલાફત ઈજાઝત આપી છે.

તથા બ્લેકબર્ન ખાતે જનાબ સૂફી મકબૂલહુસૈન અબ્દુલભાઈ બગશ પગુથણવાલા (સેગવાના હાજી ઉષ્માન વલી ચુંચાના જમાઈ)ને પણ તા. ૧૫–૬–૨૦૧૧ના રોજ ઉપરોક્ત સિલસિલાઓની ખિલાફત, ઈજાઝત આપી છે.

### ★ મૌતલ આલિમ મૌતુલ આલમ ★

**જમદાશાહી :** (યુ.પી.) સુન્ની જગતની એક મહાન ઈલ્મી શખ્સિયત જેને "શયખુલ કુર્આન"ના લકબથી યાદ કરવામાં આવે છે તે હઝરત અબ્દુલ્લાહખાન અઝીઝી સાહબ رحمۃ اللہ علیہ તા. ૧૭–૭–૨૦૧૧ના રોજ દારુલ ઉલૂમ અલીમિયહ (જમદાશાહી) ખાતે ઈન્તેકાલ કરી ગયા છે. દફનવિધિ બીજે દિવસે ઝહોર બાદ દારુલ ઉલૂમ અલીમિયહ–જમદાશાહીમાં થઈ હતી. નમાઝે જનાઝા બેહરુલ ઉલૂમ અલ્લામા મુફતી અબ્દુલ મન્નાન સાહબે પઢાવી જેમાં વિવિધ ઉલમા, તલબા, અવામે હાજરી આપી હતી. મર્હૂમે આખરી ઘડી સુધી દીનની ખિદમત કરી. જામિઆ અશ્રફિયા–મુબારકપુર, જામિઆ–રોનાહી તથા હાલ જમદાશાહીમાં ખિદમત અંજામ આપતા હતા. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમની કરવટ કરવટ મગફિરત ફર્માવે, આપની ખિદમતોને કબૂલ ફર્માવે અને જન્નતમાં આ'લાથી આ'લા મકામ અતા કરે.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### ★ ઈફતિતાહે "મસ્જિદે જમીલા" ★

**અમરેલી :** મુકામે તા. ૨૦–૭–૨૦૧૧ બુધવારના રોજ "મસ્જિદે જમીલા"ની ઈફતેતાહ સાદાતે કિરામ તથા ઉલમાએ એઝામની મૌજૂદગીમાં અસરની નમાઝથી રાખવામાં આવી. નમાઝ બાદ દુરૂદ શરીફ, કુર્આનખ્વાની મગરિબ સુધી, મગરિબ બાદ ન્યાઝ તકસીમ થઈ અને ઈશા બાદ નઅત શરીફ તથા બયાનનો પ્રોગ્રામ થયો. પીરે તરીકત હઝરત સૈયદ દાદામિયાં બાપુ (સાવરકુંડલાવાળા) તેમજ સૈયદ દિલાવરબાપુ તથા અન્ય સાદાત ઉલમાની હાજરી રહી હતી. ઈશા બાદ શાનાદાર પ્રોગ્રામ થયો જેમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના શાકિર અલી નૂરી સાહબે ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. જનાબ સિદીકભાઈ બાબલા એન્ડ બ્રધર્સ તરફથી તેમના મર્હૂમા વાલિદાના સવાબ અર્થે બનાવેલ છે, રબ્બે કરીમે તેને કબૂલ ફર્માવી તેમના મર્હૂમોની મગફેરત ફર્માવે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ ઈસાલે સવાબ ★

**ટુંડાવ** : મુકામે બાબુભાઈ રાણાનો તા. ૧૭–૭–૨૦૧૧ને રવિવારે રાત્રે ઈન્તેકાલ થયો જેમની દફનવિધિ તા. ૧૮–૭–૨૦૧૧ને સોમવારે ઝોહરની નમાઝ બાદ ટુંડાવ મુકામે થઈ હતી. આપ ''બરકાતે ખ્વાજા'' (માસિક)ના ખાસ ચાહક હતા. આપે બે હજ્જ, બે ઉમરા કરેલ, નમાઝી હતા અને ઘણા સખી દિલ માણસ હતા. એમની ઝિયારત તા. ૨૧–૭–૨૦૧૧ને જુમેરાતે રાખેલ એ મોકા પર એમના પુત્રો તરફથી રૂા. ૨૦૦/– ઈસાલે સવાબ માટે ''બરકાતે ખ્વાજા'' (માસિક)માં આપેલ છે. અલ્લાહ તબારક વ તઆલા મર્હૂમની મગફેરત ફર્માવે અને કબ્ર તથા કયામતના અઝાબથી બચાવે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**દયાદરા** : ખાતે તા. ૨૫–૭–૨૦૧૧ના રોજ ફાતિમા સુલેમાન જીકરીવાલાનો ઈન્તેકાલ થઈ ગયો છે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવે તથા કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**મોડાસા** : થી હાજી અ. રહીમ બુલા જણાવે છે કે મોડાસાના હઝરત સૂફી અબ્દુલ્લાહ શાહ નક્શબંદી, અખ્લાકી, મુજદ્દિદી, ષુમ્મ સાંગાનેરી (رحمۃ اللہ علیہ)ના અહેલિયા ફાતમાબીબી લાંબી માંદગી બાદ તા. ૨૨–૫–૨૦૧૧ને રવિવારે મુા. ચાંદ ૧૮ જમાદિઉલ આખરના રોજ ખુદાની રહમતમાં પહોંચી ગયા છે. અલ્લાહ તબારક વ તઆલા મર્હૂમાને જન્નતુલ ફિરદોસમાં આ'લા મુકામ અતા ફર્માવે. (આમીન) મર્હૂમા હાજી અ. કરીમ કે બુલા સફીરના મામી થાય છે. *–બુલા અ. રહીમ અ. કરીમ*

**વડોદરા** : તા. ૧૧–૬–૨૦૧૧ શનિવારે ગોરવા મુહદ્દિષે આ'ઝમ મિશનના પ્રમુખ સિકંદરભાઈ પીર મુહમ્મદ વાઘેલા અશરફી લાંબી માંદગી બાદ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા. મર્હૂમ મિલનસાર, નેક, અહલે બયતના ચાહક, શૈખુલ ઈસ્લામના ખાસ ચાહક હતા. હજારો લોકો સાદાતે કિરામ, ઉલમા, સહિત નમાઝે જનાઝા હઝરત સૈયદ ઝાકિરહુસૈન બાપુ નાપાવાલાએ પઢાવી તેમાં હાજર હતા. ઝિયારત સોમવારે થઈ તેમાં હઝરત મૌલાના સૈયદ નૂરાનીમિયાં (શાહઝાદાએ હઝરત સૈયદ હાશમીમિયાં)એ તકરીર કરી ખૂબ દુઆઓ માગી હતી. રબ્બે કરીમ મર્હૂમની મગફિરત ફર્માવે અને કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન) *–રજૂકર્તા : મૌલાના આસિફબાપુ અશરફી*


કિતાબો મંગાવો : **બિદઅતની હકીકત** (૨૩૨ : પેજીસ)

**લેખક** : અબુલ એ'જાઝ મુહમ્મદસિદ્દીક ઝિયા નક્શબંદી ચિશ્તી (પાક.)

**અનુવાદક** : મૌલાના ઈસ્માઈલ અમજદી (રોઝા ટંકારીઆ)

**પ્રકાશક** : અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા, મુા.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પીન : ૩૯૨૦૨૦, ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

કિંમત : રૂા. ૬૦ (**નોંધ : ''અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા''**ના મેમ્બરો તથા ડોનરોને ફ્રી મળશે.)

આજકાલ બાતિલ ફિર્કા વહાબી, દેવબંદી, ગૈર મુકલ્લિદ, અહલે હદીષ કહેવાતા તથા કહેવાતા જમાઅતે ઈસ્લામી–મૌદૂદી...... વગેરે પોતે જ બિદઅતોમાં જન્મ્યા છતાં અજાણી પબ્લિક સમક્ષ આ બિદઅત ! તે બિદઅત ! કરતા ફરે છે તો બિદઅતની હકીકત સમજાવતી લાજવાબ કિતાબ ઘરો–લાયબ્રેરીઓમાં વસાવી લો. લોકોમાં ખરીદીને મફત વહેંચો. વાંચો વંચાવો અને અસલી બિદઅતીઓને ઓળખી ઈમાન પુખ્તા બનાવો. (વધુ કોપી મંગાવનારને યોગ્ય કન્શેશન મળશે.) મેહફિલે મીલાદ, જુલૂસ, ફાતેહા, ઉર્સ, કયામ, સલાતો સલામ....... વગેરે સંબંધે સહાબાથી હાલ સુધી સુન્ની ઉલ્મા તથા દેવબંદીઓના પીર પેશ્વાઓની કિતાબોથી સર્વની સાબિતી પણ જોઈ લો. જે દષ્ટિવાળો હશે તેને સમજ પડશે, જેના નસીબમાં હિદાયત નથી તેની પાછળ મહેનત બેકાર છે. આજે જ મંગાવો. લેખક તથા અનુવાદકને તથા સહાયકોને પણ અલ્લાહ તબારક વ તઆલા જઝાએ ખૈર આપે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ફયઝાને મુસ્તફા લાયબ્રેરી જૂનાગઢ** : થી મેહબૂબભાઈ શેખ જણાવે છે કે તેમણે પોતાના મકાનના એક રૂમમાં ૫૦૦–૫૫૦ કિતાબો સંગ્રહી દીની લાયબ્રેરી શરૂ કરી છે જેમાં ગોંડલ, મોરબી, દયાદરા, હાપા, ભૂજ, જામનગર, પોરબંદર.... વગેરે કમિટીઓની અણમોલ માલૂમાતી ગુજરાતી કિતાબો તથા માસિકો વસાવ્યાં છે. ગવર્નમેન્ટ જોબ સાથે આ દીની શોખ તથા કુર્બાની પ્રશંસનીય છે. સુન્ની ભાઈઓ આ લાયબ્રેરીનો જરૂરથી લાભ લે. સંપર્ક કરો : મહબૂબભાઈ શેખ (એગ્રીકલ્ચરવાળા), હિના ઓપાર્ટમેન્ટવાળી ગલીમાં, સૈયદવાડા, બગદાદી આશિયાના, જૂનાગઢ, મો. ૯૮૨૪૮ ૮૩૭૯૬


## કોસ્મો પોલિટન ચેરિટેબલ ડાયાલિસિસ એન્ડ ડે કેર સેન્ટર

ઠે. જામા મસ્જિદ પાછળ, ગેટ નં. ૭, મલવાની, મલાડ (વેસ્ટ) મુંબઈ–૪૦૦૦૯૫

સંપર્ક માટે :– ડૉ. અનેકા, મો. ૯૮૧૯૮ ૮૧૪૨૨

**નોંધ** : ફક્ત રૂા. ૧૦૦ની ફીમાં ડાયાલિસિસ કરવામાં આવે છે. એપોઈન્ટમેન્ટ જરૂરથી લેવી, ઉપરોક્ત નં. સાથે અથવા સરનામે સંપર્ક કરવો. એપોઈન્ટમેન્ટ વગર કેસ લેવાશે નહીં.

*બરાએ ઈસાલે સવાબ મર્હૂમીન બાબલા ફેમેલી અઝ : સિદ્દીક઼ બાબલા ઉપલેટાવાળા એન્ડ બ્રધર્સ–મુંબઈ*


# દારુલ ઉલૂમ ગ઼ૌષે સમદાની મુક઼ામે

## સુન્ની એકતા અને બાતિલ ફિર્ક઼ાઓથી બચવા અંગે કાર્યક્રમ

વાંકાનેર તાલુકાના પીપળીયારાજ મુક઼ામે તા. ૩૧–૭–૨૦૧૧ સવારે નવ વાગ્યે એહલે સુન્નત વ જમાઅતની એક અઝીમ સંસ્થા દારુલ ઉલૂમ ગ઼ૌષે સમદાનીએ સુન્નિયતની ઈશાઅત વ હિફાઝત માટે કમર કસી છે. આજના પુરફિતન દૌરમાં ઈલ્મે દીન ફેલાવવાની સાથે સુન્ની અવામને બાતિલ અને ગુમરાહ ફિર્ક઼ાઓના ફરેબથી બચાવવા હર મુમકિન કોશિશ કરી રહી છે. તાજેતરમાં વાંકાનેર સીટી અને આસપાસના ગામોમાં વહાબી, દેવબંદી તેમજ મૌદૂદી ફિર્ક઼ાવાળાઓની હલચલ ચાલુ થયેલ હોય સુન્ની લોકોની દુકાનો ઉપર જઈ પોતાના ઈજતેમાઅની દા'વત તથા પોતાના મદ્રસાઓ માટે ફાળો ઉઘરાવવો વગેરેની હરકતો જોવા મળતાં દારુલ ઉલૂમ ગ઼ૌષે સમદાની મુક઼ામે એક શાનદાર મીટિંગનું આયોજન કરવામાં આવેલ જેમાં વાંકાનેર તાલુકાના દરેક ગામના આશરે ૮૦ જેટલા આલિમો તથા છસ્સો જેટલા સામાજિક કાર્યકરોએ હાજરી આપેલ. નઅતે નબી ﷺથી પ્રોગ્રામ શરૂ કરવામાં આવેલ. બાદમાં સંસ્થાના નાઝિમે આ'લા હઝરત મૌલાના મુહમ્મદ અમીન સાહબ અકબરીએ મીટિંગના મક઼સદો રજૂ કરવાની સાથે વહાબી ફિર્ક઼ાની હક઼ીક઼ત હદીષની રોશનીમાં જણાવી તેમના ઉલમાની કુફ્રિયા ગુમરાહકુન ઈબારતોવાળી ૧૫ જેટલી કિતાબો લોકો સામે રાખી. તેઓના કુફ્રી લખાણોથી લોકોને વાકિફ કરેલ. મિટિંગમાં હાજર રહેલ ઉલમા અને આગેવાનોને આ ફિર્ક઼ા સામે જાગૃત થવા હાકલ કરેલ અને ખતીબે પાકિસ્તાન હઝરત અલ્લામા કૌકબ નૂરાની સાહબની ૫૦૦ જેટલી ડી.વી.ડી કેસેટો સંસ્થા તરફથી ફ્રીમાં તક઼સીમ કરવામાં આવેલ જેમાં વહાબી દેવબંદી ફિર્ક઼ાની ગુમરાહકુન ઈબારતો અને તેના જવાબો કુર્આનો હદીષની રોશનીમાં દર્શાવવામાં આવેલ છે. ત્યાર બાદ ખલીફએ હુઝૂર શૈખુલ ઈસ્લામ હઝરત મૌલાના સૈયદ ફારૂક઼ બાપુ ખતીબે મોરબી તથા હઝરત મૌલાના મુહમ્મદહુસૈન સાહબ અકબરી ખતીબો ઈમામ પીપળીયારાજ તથા હઝરત મૌલાના મુહમ્મદહુસૈન સાહબ રઝવીએ તમામ આપસી ઈખ્તેલાફોથી દૂર રહી બાતિલ ફિર્ક઼ાઓનો સામનો કરવા અને અમલે સાલેહ તરફ આગળ વધવા અને ગામેગામ મકતબો મદ્રસાઓની તા'લીમ સુધારવા અંગે બેહતરીન પયગામ સાથે પ્રોગ્રામ સમાપ્ત કરવામાં આવેલ.

*(રજૂકર્તા : ક઼ારી શહીદ રઝા અકબરી, કોઠી–વાંકાનેર)*

## સૈયદાના મઝાર પર અદ્‌ભૂત ચમત્કાર !

**દયાદરા** : ખાનકાહે આલિયા ચિશ્તીયા સાબરીયા અઝીઝીયાના સજ્જાદાનશીન શેહઝાદએ અઝીઝે મિલ્લત હઝરત અલ્લામા વ મૌલાના સૈયદ નૂરાનીબાવા સાહબ (દયાદરા) તા. ૧૯–૭–૨૦૧૧ મંગળ વારે રાત્રે યુ.કે.ના પ્રવાસે રવાના થઈ રહ્યા હતા જેથી પોતાના વાલિદૈન અઝીઝે મિલ્લત સૈયદ બડા સાહબ અને મખ્દૂમા સૈયદા આયશા બીબીના આસ્તાના પર સલામી માટે હાજર થયા. રાતના ૧૦.૦૦ વાગ્યા હતા જ્યારે આસ્તાના પર હાજર થયા તો જોયું કે પીરાની અમ્મા મર્હૂમા હજીયાણી સૈયદા આયશા બીબીનું મઝાર શરીફ સિના તરફથી હલી રહ્યું છે. ધીરે ધીરે આખા મઝાર શરીફ પર આ કૈફિયત છવાઈ ગઈ. લોકોને ખબર પડતાં મોટી સંખ્યામાં લોકો આસ્તાના પર ભેગા થઈ ગયા હતા. મુસલમાનોની મોટી સંખ્યાએ પોતાની આંખોથી પીરાની અમ્માની આ અદ્‌ભૂત કરામત નિહાળી હતી અને ફાતેહા દુઆ પઢયા હતા. *(રિપોર્ટ : હાફેઝ અશરફ ભટા–દયાદરા)*

## ★ મદદની અપીલ ★

**વઢવાણ સીટી** : ખાતે ''દારુલ ઉલૂમ ફૈઝે મુફતીએ આ'ઝમ''માં બહાર ગામનાં બાળકો દીની તા'લીમ હાંસલ કરી રહ્યાં છે, તેમને રહેવા, ખાવા, પીવા, દવા વગેરેની સગવડ માટે આપ સખી હઝરાત લિલ્લાહ, ઈમદાદ, ઝકાત, ફિત્રા, સદકા વગેરે મોકલીને સહાય કરશો.

સંપર્ક કરો : અબ્દુસ્સત્તતાર રઝવી, મસ્લકે આ'લા હઝરત એજ્યુકેશન ટ્રસ્ટ, દારુલ ઉલૂમ ફૈઝે મુફતીએ આ'ઝમ, અબોલ પીર ચોક, વઢવાણ (જિ. સુરેન્દ્રનગર) મો. ૯૨૨૮૪ ૩૪૧૦૨, ૯૯૨૫૯ ૪૬૯૫૭

**મંડાલી** : દારુલ ઉલૂમ સૈયદઅલી સરકાર, મુ. મંડાલી, પો. આંબલિયાસણ, તા. જિ. મહેસાણા પિન. ૩૮૨ ૭૩૨. આ ઈદારો ૧૫ વરસથી મંડાલી ગામમાં ચાલે છે. જેમાં બહાર ગામના તલબા, હાફિઝ, કારી, આલિમની તા'લીમ લે છે, તથા નાઝરા સાથે દુનિયવી તા'લીમ ૧ થી ૧૦ ધોરણ સુધી ચાલે છે. જેમનો રહેવા, ખાવા, પીવા, દવા વગેરે ખર્ચ માટે લિલ્લાહ, ઝકાત, ખૈરાત, સદકા, ફિત્રા, ન્યાઝ વગેરે આપી સહાય કરવા ભરપુર અપીલ છે. તા'મીરી કામ પણ ચાલુ છે તો મર્હૂમોના સવાબ અર્થે સહાય કરશો.

સંપર્ક કરો : પઠાણ હુસૈનખાન ઉમરખાન (પ્રમુખ) મો. ૯૮૨૫૫ ૯૧ ૫૬૮
તથા હાફિઝ બશીરખાન એચ. પઠાણ મો. ૯૬૮૭૭ ૨૪૮૬૮

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

૧. **શૈખ યુવાન** : જ.તા. ૧૦–૧–૧૯૮૦, ઊંચાઈ : ૫.૧૦', એજ્યુ. B.A. બિઝનેસ : ફાયર વર્કસ, ડાયવોર્સ્ડ (સિંગલ, નોચાઈલ્ડ), પસંદગી : દીનદાર સંસ્કારી યુવતી જોઈએ. (નડિયાદ તરફ) **Mob. : 9925868429**

૨. **શૈખ યુવાન** : ઉંમર : ૨૫ વર્ષ, ૫.૬' ઊંચાઈ, એજ્યુ. B.Com., ભાષા જાણકારી, ઈંગ્લિશ, ગુજરાતી, હિંદી, ઉર્દૂ, પ્રોફેશન : ઈંગ્લિશ લેંગ્વેઝ ટ્રેઈનર (સૂરત તરફ) **Mob. : 903350616, 9033550626**

**નોંધ : વધુ માટે 'બરકાતે ખ્વાજા' (માસિક)–કાર્યાલયનો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧**

**ભૂલ સુધારો**

મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી **અલ્હાજ કારી રિઝવાનખાન સાહબ**ને કા'બા શરીફમાં પ્રવેશની સઆદત **૧–શાબાનુલ મુઅઝ્ઝમ હિ.સ. ૧૪૩૨**માં નસીબ થઈ. ગયા અંકમાં ભૂલથી ૧૫ શાબાન લખ્યું છે તેને સુધારી લેશો. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## દીનો સુન્નિયતની મજબૂત ખિદમત માટે........

# ''બરકાતે ખ્વાજા''ના ગ્રાહક બનો તથા બનાવો !

***લાખોં બલાએં કરોડોં દુશ્મન-કૌન બચાએ ?! બચાતે યહ ﷺ હંય !***

- ★ અહલે સુન્નત વ જમાઅતની હક્કાનિયતનો પરચમ અલલ એલાન બુલંદ કરનારા........
- ★ ''મસ્લકે આ'લા હઝરત''નો ડંકો દુનિયાભરના ગુજરાતી જગતમાં બજાવનારા......
- ★ સુન્નિયતના મોહરા પાછળ સુલેહકુલ્લિયતના પ્રખર પ્રણેતાઓને કશાય ડર વિના અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની મહોબ્બતને ખાતર તેમના જ ભરોસે લોકો સમક્ષ ઉઘાડા કરનારા......
- ★ બાતિલ ફિર્કાઓની મુનાફિકાના ચાલોનો પર્દો ફાશ કરનારા.......
- ★ બેહયાઈની ગરમ બાઝારીમાં ઈસ્લામી હયાની અનેરી ઠંડક લહેરાવનારા.....
- ★ ઈસ્લામ બેઝારી તથા આઝાદ ખયાલીના ભામટાઓની ખબર લેનાર અને સહીહ શરીઅતે ઈસ્લામીનો પ્રચાર કરનારા.....
- ★ બનાવટી પીરો તથા ઢોંગી મુલ્લાઓના ધોકા ફરેબથી બચવા સાચા મહાન બુઝુર્ગોનાં કથનો તથા અમલો રજૂ કરીને પબ્લિકની આંખોથી પાટા હટાવનારા.....
- ★ ઈસ્લામ તથા બાનીએ ઈસ્લામ તેમજ કાનૂને ઈસ્લામ સામે ઉઠતાં ગુમરાહીના વાદળોના ફેલાતા અંધકારને ચીરવા ઈસ્લામી અસલ રૂહ તથા અમ્નો શાંતિના ઈસ્લામના પયગામોની રોશની ફેલાવનારા.....
- ★ કરન્ટ ઈસ્યુઝ પર બેબાક વિવેચન કરનારા...

આ એક અને અનોખા અજોડ માસિક **''બરકાતે ખ્વાજા''**ના મેમ્બર બનો તથા બનાવો. મર્હૂમોના સવાબ અર્થે વિવિધ મસ્જિદોનાં સરનામાં સાથે લવાજમો મોકલો જેથી ઘણા લોકો વાંચશે અને સવાબ મર્હૂમને થશે. અફસોસ કે ઘણા ભાઈઓ એક વરસ પછી લવાજમ મોકલવામાં સુસ્તી કરે છે, તો આ માસિકના પયગામને સમજે અને **દીનો સુન્નિયતના પ્રચારનું મહત્વ** સમજીને **મસ્લકે આ'લા હઝરત**ના પયગામના ફેલાવા માટે લવાજમ દયાદરાના સરનામે એમ.ઓ. થકી કે આંગડીયા થકી મોકલી આપે. (**આંગડીયા માટે** ભરૂચનું સરનામુ છે : ''બરકાતે ખ્વાજા'' માસિક, C/o. ઈન્ડિયન ફૂટવેર, હોટલ પ્રેસિડન્ટ નીચે, રેલ્વે સ્ટેશન સામે, ભરૂચ) **કાર્યાલય** : મુ. **દયાદરા**–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ

લિ. આપનો અદના ખાદિમ, ગુલામે ગૌષો ખ્વાજાઓ અશ્રફો રઝા

**પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક) મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧*

## છે કોઈ હદીષોના પ્રચારનો ચાહક ?!

**નુઝહતુલ કારી શરહે બુખારી** એટલે **''બુખારી શરીફની શરહ (ભાગ–૩)''** હાલમાં છપાઈને આવવાની તૈયારી છે. તો પોતાના મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે આ કામમાં કોણ છે જે અમારી મદદ કરે ?! અંદાજીત ખર્ચ **રૂા. સાડા ત્રણ લાખ** (૫૦૦૦ કોપી)નો ખર્ચ થયો છે. તો અમારા આ સાહસમાં અલ્લાહ વ રસૂલની મહોબ્બતને ખાતર કોણ છે જે અમને ટેકો કરે ?! **રૂા. ૩૦૦/–** ભરી **''અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા''**ના **મેમ્બર** થનારને આ કિતાબ તથા વરસભર છપાતી અન્ય કિતાબો ફ્રીમાં ઘેર બેઠાં મળશે. (ભાગ : ૪નો અનુવાદ પ્રગતિમાં છે.)

**સંપર્ક કરો :–** તંત્રી બરકાતે ખ્વાજા, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૧૦૪૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**કિતાબ મંગાવો**

**અનમોલ મોતી** (પેજીસ : ૬૮) સંપાદક : મુહમ્મદ અમીન એ ચોલા (નૂરી) ચોલા ફળી, જામનગરી, મો. ૯૮૨૪૮ ૩૬૫૦૦

વિવિધ મસાઈલ તથા હદીષો તથા બુઝુર્ગોના અક્વાલનો સંગ્રહ આ કિતાબમાં છે જેને મેળવવા સંપાદકનો સંપર્ક કરશો.

## પોસ્ટકાર્ડ લખીને તથા SMS કરીને અણમોલ કિતાબો મફ્ત મંગાવો !

**હરમના ખાદિમો કે હરમના વેપારીઓ !**
**લેખક** : હઝરત અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહી *(બાની : દારુલ ક્લમ–દિલ્હી)*
**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી *(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

**કુર્આન પઢવામાં તજવીદ (સહીહ ઉચ્ચાર)નું મહત્વ અને આપણે**
**સંપાદક** : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી દયાદરવી *(મુદર્રિસ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

**મસ્જિદોને તમારાં ઘર બનાવી લો !**
**અઝ** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
*(ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

**એ'તેકાફના ફઝાઈલ તથા મસાઈલ**
અઝ : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
*(ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*

આ કિતાબ ખાસ મંગાવો : **વહાબીઓ પાછળ દુનિયામાં ક્યાંય નમાઝ થશે નહીં !** ખૂબ જ સ્પષ્ટતા સાથે કુર્આન હદીષની રૂએ તથા એના સામે વાંધાઓના સ્પષ્ટ જવાબોની વિગતવાળી કિતાબ મંગાવો, વાંચો અને તમારી નમાઝોને બચાવો અને ઈમાનને પુખ્તા કરો. **હાજીઓએ ખાસ વાચંવા જેવી કિતાબ** ફક્ત SMS કે પોસ્ટકાર્ડ લખી જરૂરથી મંગાવો. નીચે સરનામુ આપેલ છે.

પ્રકાશક : **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા C/o.** ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧


# કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

આયોજિત જમવા રહેવા સાથે 3 X 2 લક્ઝરી બસ

**બસ ઉપડવાની તારીખ : ૨૭–૧૦–૨૦૧૧, રાત્રે : ૧૧ વાગ્યે.**

**પ્રવાસના સ્થળો** : સાથે, ઉદેપૂર (મસ્તાનબાવા), કપાસણ, જયપુર, ફતેપુર, સીક્રી, આગ્રા, સીમલા, કુલ્લુ, મનાલી, કલીયર શરીફ, હરિદ્વાર, મસૂરી, દિલ્હી અજમેર,, મીરાદાતાર પરત ધોળકા.

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૬,૫૦૧/– | રૂા. ૩,૫૦૧/– | ૧૪ |

**બસ ઉપડવાનું સ્થળ** : તાલુકા પંચાયત સ્ટાફ ક્વાટર્સ પાસે, બેગા ટેકરી, ધોળકા

**આયોજક :** શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૮૯૮૭૯૮૮૬૨, ૯૭૨૪૬૫૯૮૫૩

**નોંધ** : **૧.** રૂા. ૧૦૦/– ગાઈડ ખર્ચ તથા યાત્રીવેરો વગેરે યાત્રિકોએ અલગથી આપવાનો રહેશે. **૨.** હરિદ્વારથી મસૂરી સ્વખર્ચે જવાનું. રહેશે. **૩.** મસૂરી પ્રવાસ દરમ્યાન એક ટાઈમ સ્વખર્ચે જમવાનું રહેશે. **૪.** તા. ૧૦–૧૦–૨૦૧૧ના રોજ સવારની ચા તેમજ જમવાનું સ્વખર્ચે રહેશે. **૫.** રૂા. ૨,૦૦૧/– ડિપોઝીટ કરી મનપસંદ સીટ બુક કરાવી લેવી.

# આ છે અમારા સહાયક મુજાહિદો !

**અંજુમને રઝાએ મુસ્તફા (દયાદરા), ઈસ્લામિક વેલ્ફેર મિશન (દયાદરા), બરકાતે ખ્વાજા મંથલી (દયાદરા) તેમજ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા (આમોદ)ને ચંદામાં સહાય કરનારાઓના અમો આભારી છીએ.**

| નામ | શહેર |
|---|---|
| મુહમ્મદ હનીફ જી. બેલીમ (સાવન રેડીયો) | પાટડી |
| ઈબ્રાહીમભાઈ એચ. માજોઠી | મીઠાપુર |
| મુહમ્મદ સલીમખાં પઠાણ | ઝાલોદ |
| હાફેઝ ફારૂક ઈસ્માઈલ પટેલ | બોડેલી |
| ક઼ારી શાહિદ રઝા કાપડવાળા | કોઠી (વાંકાનેર) |
| અબ્દુલ ગફ્ફાર એસ. કાઝી | કોઠી (વાંકાનેર) |
| મૌલાના ઝૈનુલ આબેદીન | પીપળીયારાજ |
| અબ્દુલ હમીદ મુલ્લા | બીલીમોરા |
| ઓસામા મુહમ્મદભાઈ/ઈકરામભાઈ | સૂરત |
| મકસૂદભાઈ રાજવાની/અલ્તાફ સૂર્યા | સૂરત |
| મકતબે રઝા | સૂરત |
| અબ્દુલ સમદભાઈ આછોદી (નાના વરાછા) | સુરત |
| અકબરભાઈ ડાભાવાલા | સૂરત |
| ખલીલભાઈ કુરૈશી | કોસંબા |
| મુહમ્મદ આકિબ ખાન બરકાતી | પેટલાદ |
| માસ્તર યૂસુફમિયાં મલેક | બડાપુરા |
| હાજી ઈદ્રીસભાઈ ગોધા | સાંસરોદ |
| મેહબૂબભાઈ બાવલા | સાંસરોદ |
| ઈસ્માઈલભાઈ કડુજી | નબીપુર |
| હાફેઝ ગુલામ મરચી | નબીપુર |
| સલીમભાઈ જોહાં | હલદરવા |
| શબ્બીર માસ્તર | કુરચણ |
| સલીમભાઈ શેખ (જમાલપુર) | અમદાવાદ |
| માસ્તર દાઊદભાઈ ઝંઘારવાલા | ભરૂચ |
| મોઈનભાઈ (હાજીપીર કિરમાની) | ભરૂચ |
| તારીકભાઈ શેખ | ભરૂચ |
| મૌલાના મેહબૂબ ડાહયા રઝવી | ટંકારીઆ |
| હાફેઝ ઈબ્રાહીમ કહાનવાલા | ભરૂચ |

| નામ | શહેર |
|---|---|
| મુનીરભાઈ શેખ (અમન મોબાઈલ) | ભરૂચ |
| યુસૂફભાઈ ગડીમલ | ભરૂચ |
| હાજી મુશ્તાકભાઈ મુન્શી વાગરાવાળા | ભરૂચ |
| હાફેઝ અબ્દુર્રહીમ ભોલાવવાળા મુબલ્લિગ SDI | ભરૂચ |
| માસ્તર હનીફ આદમ લુણ શેઠ | ઈખર |
| સૈયદ હશ્મતબાપુ મજુમિયાં બરકાતી | જંબુસર |
| હાજી અલ્લાહરખા ફુટવાલા | જંબુસર |
| હાજી મુહમ્મદ યૂસુફ માસ્તર | વોરાસમની |
| હાફેઝ મહબૂબ ઝંઘારવી | કરજણ |
| હાફેઝ મુબારક લુવારાવાલા | તીલકવાડા |
| મૌલાના સૈયદ અખ્તર દહીઅપવાળા | ભાલેજ |
| જનાબ ક઼ારી શમીમ સાહબ | આમોદ |
| ઈરફાનભાઈ M.R. મુબલ્લિગ SDI | ભાવનગર |
| અબ્દુલ રઝ્ઝાકભાઈ | ભાવનગર |
| ઈરફાનભાઈ (માણિયા હાતિના) | જામનગર |
| ક઼ાદરી મુહમ્મદ રફીક આદમમિયાં | જામનગર |
| અબ્દુર્રઝઝાક કાસમાણી | જામનગર |
| ડો. મકસૂદભાઈ દયાદરવી | ચીખલી |
| ઉષ્માનગની મુબલ્લિગ SDI | વડોદરા |
| હાફેઝ શબ્બીર સાહબ સારણવાલા | વડોદરા |
| નાશિરહુસૈન ઈબ્રાહીમ શેખ | વડોદરા |
| અમીરમિયાં ક઼ાઝી | વડોદરા (તાંદલજા) |
| સુલ્તાન રઝા મુબલ્લિગ SDI | વડોદરા |
| અબ્દુલ કાદર રઝવી શેખ | નડિયાદ |
| સૈયદ ફારૂકઅલી મહેરઅલી (ટીનાભાઈ) | હાડગુડ |
| રઝા પેન એન્ડ કિતાબ ઘર | જુનાગઢ |
| રોશન અલીભાઈ | અંજાર |
| અબૂબક્રભાઈ ઈસ્માઈલ પટેલ | દેડીયાપાડા |

વધુ ટાઈટલ ૩......

ટાઈટલ ૨ નું ચાલુ.....

| નામ | શહેર |
|---|---|
| ઈબ્રાહીમભાઈ ખત્રી | ઉમલ્લા |
| ઈમ્તિયાઝ ડી. બાલા | કિલ્લાપારડી |
| હાફેઝ યાકૂબ ચાંચવેલી | જુહાપુરા |
| આરિફભાઈ હુક્કવાલા | મોડાસા |
| વ્હોરા અ.અઝીઝ અ. સત્તાર ઉર્ફે પેન્ટર લાલા | આણંદ |
| વ્હોરા કૈયુમભાઈ અબ્દુલ ઘંટીવાલા | નરસંડા |
| હાફેઝ અ. કાદિર સાધીવાલા | વણાકબોરી |
| શરીફખાન એસ. ગરાસીયા | રાજપીપલા |
| ખાલિદભાઈ કુરૈશી | કોસંબા |
| મૌલાના અબ્દુલગની રાજેભાઈ | હિંમતનગર |
| જનાબ હાજી સૈયદ રૂકનુદ્દીન મહંમદમિયાં | હાડગુડ |
| હસન અબ્દુલ મજીદ મુલ્તાની ચાવાલા | ઝંખવાવ |
| મુતવલ્લી હુસૈનભાઈ સાહિબખાન | સેલંબા |
| ઈસ્માઈલભાઈ ચિરાગ (ઈલેક્ટ્રીક સ્ટોર્સ) | વાંકાનેર |
| હાફેઝ અબ્દુલ્લાહ પીપલીયાવાળા | પીપલીયા |
| રઈસ અહમદભાઈ | મેંગ્લોર |
| ખેરુ કિતાબ ઘર (રફીકભાઈ લાલપુરવાલા) | ઉનાવા |
| સલીમભાઈ અકબર રાઠોડ | ભોજ |
| ઈમરાનભાઈ (સુપર ઓપ્ટીકલ) | પોરબંદર |
| યૂનુસભાઈ રવન્ના | જૂનાગઢ |
| યૂનુસભાઈ બોરડીવાલા/અઝહરભાઈ | પારખેત |
| માજોઠી મેહમૂદ ઉષ્માનગની | ભુજ–કચ્છ |
| એફ. આઈ. કિતાબ ઘર | અંજાર (કચ્છ) |
| ઓસ્માણગની આહમદ હાજી | મથડા |
| ઈકબાલ પી. અજમેરી | લીલીયામોટા |
| ખિઝરભાઈ નવીવાળા | ધોરાજી |
| બરકાતી બુરખા કલેકશન | ધોરાજી |
| સૈયદ તુફૈલ હુસૈન | વિજાપુર |
| મકબૂલભાઈ ડભાડ | ચીખલી |

| નામ | શહેર |
|---|---|
| દાઉદ નૂર મુહમ્મદ રઝવી | અલીયાબાડા |
| સાબરી સિલેકશન | પ્રભાસપાટણ |
| અબ્દુલ્લાહ એન્ડ કું. | દીવ (U.T.) |
| સુદેસરા અહમદભાઈ | વઘઈ (જિ. ડાંગ) |
| શેખ મુહમ્મદ હનીફભાઈ | ગાંધીનગર (પોર) |
| અઝીઝભાઈ મછાસરવી | અડાજણ દરગાહ |
| હાફેઝ સઈદ સાહબ | ભાલેજ |
| સૈયદ મુહમ્મદ અસ્ગરઅલી દહીંઅપવાળા | મહુધા |
| મુહમ્મદ ઈકબાલ જાફરભાઈ પનારાવાલા | વિરમગામ |
| ફારૂકભાઈ મુબલ્લિગ SDI | દાહોદ |
| ઝાકીરહુસૈન ગફૂરભાઈ પીરવાલા | દેવકા |
| ઈમ્તિયાઝભાઈ લોહાર | ભુજ |
| ઐયૂબ અ. અઝીઝ | ગોંડલ |
| ગુલામ રસૂલ રઝવી | બોટાદ |
| મૌલાના મુલતાની મુહમ્મદ અલ્લારખા રઝવી | વિરમગામ |
| એમ. એમ. અગરીયા | પાલીતાણા |
| સલીમભાઈ લીંબુવાળા | આણંદ |
| મૌલાના ઈમરાન મછાસરાવાલા | વેરાવળ |
| અ. સત્તાર અ. રહમાન | સાહોલ |
| ડો. નજીર મુહમ્મદ દેવલા | હિંમતનગર |
| અમીનભાઈ મેમણ | ગોંડલ |
| તૌસીફ પટેલ | વાગરા |
| મુતવલ્લી અશરફભાઈ/દિલાવરભાઈ | નોબાર |
| શબ્બીરભાઈ ટેલર | સંજાણબંદર |
| હાજી અબ્દુલભાઈ મુન્શી | ઝંઘાર |
| ઐયૂબ અ. અઝીઝ | ગોંડલ |
| ખત્રી ઈદ્રીસભાઈ ઈબ્રાહીમ | પાવીજેતપુર |
| મૌલાના ઈલ્યાસખાન નૂરી | રતનપોર |
| મૌલાના ગુલામરસૂલ એ. કાદરી | વિસનગર |

**તેમજ દેશ વિદેશથી અમારી હોંસલા અફઝાઈ કરનાર સર્વ સુન્ની હમદર્દોનો અમો દિલની ગહરાઈથી આભાર માનીએ છીએ. મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં તેમની બંને જહાનને આબાદ ફમવિ. (આમીન)** ***લિ. પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી***

નોંધ : **બરકાતે ખ્વાજા (માસિક)**ના ગ્રાહકો તથા **અંજુમને રઝાએ મુસ્તફા**ના મેમ્બરો, ડોનરો કરી આપી સુન્નિયતના કામમાં વેગ આપવા ઈચ્છનારાઓ અમારો સંપર્ક કરે એવી વિનંતિ. –*તંત્રી*